Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty



પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645



FRIDAY, 27 JUNE, 2025 Vol. 23, No. 25 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### આઈએસએસમાં પહોંચેલા શુભાંશુનું સાથી યાત્રીઓ દ્વારા ઉત્સાહભેર સ્વાગત, વિશ્વએ જીવંત પ્રસારણ નિહાળ્યું

# શુભાંશુ શુકલા 28 કલાક બાદ અંતરિક્ષ પહોંચ્યા

## ફાલ્કન-9 રોકેટમાંથી છૂટી પડેલી શુભાંશુ શુક્લાની ડ્રેગન કેપ્સુલ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે સફળતાપૂર્વક જોડાઈ ગઈ

**વોશિંગ્ટન**

એક્સિઓમ-4 મિશન હેઠળ સ્પેસએક્સનું ફાલ્કન-9 રોકેટ ફ્લોરિડાના કેનેડી અંતરિક્ષ કેન્દ્રથી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક તરફ જવા રવાના થયું હતું. આ રોકેટમાં ભારતના શુભાંશુ શુક્લા સહિત ચાર અવકાશ યાત્રીઓ હતા. ગુરુવારે ફાલ્કન-9 રોકેટમાંથી છૂટી પડેલી શુભાંશુ શુક્લાની ડ્રેગન કેપ્સુલ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે સફળતાપૂર્વક જોડાઈ ગઈ હતી. અવકાશ યાત્રી શુભાંશુ શુક્લાના પરિવારે ડ્રેગન કેપ્સૂલના ડૉકિંગનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

અવકાશ યાત્રી શુભાંશુ શુક્લા એક્સિઓમ-4 મિશનના ગૃપ કેપ્ટન છે. આ તેમના પરિવાર સહિત સમગ્ર દેશ માટે ગર્વ લેવાની બાબત છે. 28.5 કલાકની યાત્રા બાદ ગુરુવારે તેમણે સફળતાપૂર્વક ડૉકિંગ કર્યું હતું. સાંજે 4.05 વાગ્યાની આસપાસ તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે જોડાઈ ચૂક્યા હતા.

શુભાંશુના માતા-પિતા સહિત તેના પરિવારે ડૉકિંગનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. શુભાંશુ શુક્લાના પિતા શંભુ દયાળે જણાવ્યું હતું કે, “અમે બહું ખુશ છીએ. સફળ ડૉકિંગ બદલ અમે ભગવાનનો આભાર માનીએ છીએ. અમને તે જોઈને ઘણું સારું લાગ્યું. અમને અમારા દીકરા પર ગર્વ છે.”શુભાંશુની બહેન શુચિ મિશ્રાએ જણાવ્યું હતું કે, “આ માત્ર મારા માટે જ નહી, પરંતુ દરેક ભારતીય માટે ગર્વની ઘડી છે. આ બહું મહત્ત્વપૂર્ણ પગલું છે. હું પ્રાર્થના કરૂં છું કે આ પગલું પણ જલ્દી આગળ વધે અને તેઓ સલામત રહે.



### અવકાશમાં 14 દિવસ રહી 7 પ્રયોગો કરશે

■ **પહેલું સંશોધન :** પહેલો માયોજેનેસિસનો અભ્યાસ હશે એટલે કે અવકાશમાં સ્નાયુઓ પર સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણની અસર. અવકાશમાં લાંબા સમય સુધી વિતાવતા અવકાશયાત્રીઓના સ્નાયુઓ સંકોચવા અને નબળા પડવા લાગે છે. સુનિતા વિલિયમ્સ સાથે પણ આવું જ બન્યું. ભારતની સ્ટેમ સેલ સાયન્સ એન્ડ રિજનરેટિવ મેડિસિન સંસ્થા માઇક્રોગ્રેવિટીમાં હાથ ધરવામાં આવનારા આ પ્રયોગ હેઠળ સ્નાયુ સંબંધિત રોગોનો વધુ અભ્યાસ કરશે અને તેના માટેની સારવાર વિકસાવી શકશે. આ અભ્યાસ ભવિષ્યમાં અવકાશયાત્રીઓ માટે ખૂબ ઉપયોગી થશે.

■ **બીજું સંશોધન:** તેઓનો બીજો પ્રયોગ પાકના બીજ સાથે સંબંધિત છે. બીજના આનુવંશિક ગુણધર્મો પર સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણની શું અસર પડે છે તેનો અભ્યાસ કરવામાં આવશે.

■ **ત્રીજું સંશોધન:** ત્રીજો પ્રયોગ અડધા મિલીમીટરથી નાના જીવો, ટાર્ડિગ્રેડ્સ પર હાથ ધરવામાં આવશે. શુભાંશુ શુકલા આ નાના જીવના શરીર પર અવકાશની શું અસર પડે છે તેનો અભ્યાસ કરશે. ટાર્ડિગ્રેડ્સને વિશ્વના સૌથી મજબૂત અને સૌથી સહનશીલ જીવો માનવામાં આવે છે. 600 મિલિયન વર્ષથી પૃથ્વી પર જીવી રહ્યા છે.

■ **ચોથું સંશોધન:** શુભાંશુનું ચોથું સંશોધન સૂક્ષ્મ શેવાળ (એક માંસાહારી છોડ) પર હશે. સૂક્ષ્મ શેવાળ સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણ પર શું અસર કરે છે તે શોધવામાં આવશે. ભવિષ્યના લાંબા મિશનમાં અવકાશયાત્રીઓના પોષણમાં તેઓ ભૂમિકા ભજવી શકે છે કે કેમ તે શોધવામાં આવશે.

■ **પાંચમું સંશોધન:** શુભાંશુ શુક્લા મગ અને મેથીના બીજનો પણ અભ્યાસ કરશે. સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણમાં બીજ અંકુરિત થવાની પ્રક્રિયાનો અભ્યાસ કરવામાં આવશે. આ સંશોધનનો હેતુ એ શોધવાનો છે કે ભવિષ્યમાં અવકાશમાં બીજ અંકુરિત કરવાની જરૂર છે કે નહીં, શું તે શક્ય છે?

■ **છઠ્ઠું સંશોધન:** અવકાશ મથકમાં રહેલા બે પ્રકારના બેક્ટેરિયા પર સંશોધન સાથે સંબંધિત છે.

■ **સાતમું સંશોધન:** અવકાશમાં સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણની સ્થિતિમાં કમ્પ્યુટર સ્ક્રીન આંખોને કેવી અસર કરે છે તેનો અભ્યાસ કરશે.

# સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકની સ્કૂલમાં ટ્રાન્સફોર્મરમાં વિસ્ફોટ 29 વિદ્યાર્થીઓનાં કરૂણ મોત



**કેપટાઉન**

સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકની રાજધાની બાંગુઈમાં આવેલ બાર્થેલેમી બોગાંડા હાઈસ્કૂલમાં બેકલોરિયા પરીક્ષા દરમિયાન વીજ ટ્રાન્સફોર્મરમાં અચાનક થયેલા વિસ્ફોટના લીધે મચેલી અફરાતફરીમાં 29 વિદ્યાર્થીઓના મોત થયા હતા. બુધવારના રોજ બપોરે આશરે 5,300થી વધુ વિદ્યાર્થીઓ બેકલોરિયાની પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે વીજ ટ્રાન્સફોર્મર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટથી વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો અને અફરાતફરી મચી ગઈ હતી. અનેક વિદ્યાર્થીઓ જીવ બચાવવા માટે ભાગવા માંડ્યા હતા. કેટલાકે તો પ્રથમ માળેથી નીચે ઝંપલાવવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે ઘણા ઈજાગ્રસ્ત થયા. 20 વર્ષીય વિદ્યાર્થી માઈકલ જોર્ડી યેરીમાએ કુદીને પોતાનો જીવ બચાવ્યો હતો. જોકે તેને પગે ફ્રેક્ચર થતા ઈજાગ્રસ્ત થયો હતો. મારા આસપાસ ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ હતા અને કેટલાકએ ઘટનાસ્થળે જ પ્રાણ ગુમાવ્યા,” એમ તેણે જણાવ્યું હતું. આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ, પિકઅપ ટ્રક તથા મોટરસાયકલ ટેક્સીઓની મદદથી નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. આરોગ્ય મંત્રાલયે પુષ્ટિ કરી હતી કે વિવિધ હોસ્પિટલોમાં કુલ 29 વિદ્યાર્થીઓના મોત થયા હતા. CARના રાષ્ટ્રપતિ શ્રી ફોસ્ટિન આર્ચાંજ ટુએડેરા, જે સમયે બ્રસેલ્સ શહેરમાં ગાવી વેક્સિન એલાયન્સના સમિટમાં હાજર હતા, તેમણે તાત્કાલિક ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી હતી.

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe
Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca



S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1



# યુદ્ધ દરમિયાન મધ્ય પૂર્વમાંથી સેંકડો કેનેડિયનોનું સ્થળાંતર

## હજી પણ પ્રદેશમાં રહેતા કેનેડિયનોને મદદ કરવા યોજના : અઝરબૈજાન સાથેની ઈરાની સરહદે રાજદ્વારી સ્ટેશન શરૂ કરાયું

**ઓન્ટેરિયો**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે અઠવાડિયા પૂર્વે થયેલા ભીષણ યુદ્ધને કારણે સેંકડો કેનેડિયનો અને કાયમી રહેવાસીઓ મધ્ય પૂર્વ છોડી ગયા છે. જો કે,અધિકારીઓનો અંદાજ છે કે, આ પ્રદેશમાં હજુ પણ હજારો લોકો છે. ગ્લોબલ અફેર્સ કેનેડા (GAC)ના અધિકારીઓએ સોમવારે પૃષ્ઠભૂમિ બ્રીફિંગ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે, આશરે 6,000 કેનેડિયનો અને કાયમી રહેવાસીઓ ઈઝરાયલ અને પશ્ચિમ કાંઠે છે. બીજા 5,500 ઈરાનમાં હોવાનો અંદાજ છે. અધિકારીઓએ ચોક્કસ સંખ્યા આપી ન હતી. પરંતુ કહ્યું હતું કે “સેંકડો” લોકો આ પ્રદેશ છોડી ગયા છે અને સરકાર જે લોકો ત્યાંથી જવા માંગે છે, તેમને મદદ કરવાની યોજના ધરાવે છે. તેમણે



કહ્યું કે પરિસ્થિતિ અત્યંત અસ્થિર છે. કેટલાક ફેડરલ સરકારને જાણ કર્યા વિના પોતાની મરજીથી ગયા છે. વિદેશમંત્રી અનિતા આનંદે જાહેરાત કરી હતી કે, ફેડરલ સરકાર પડોશી દેશોમાંથી વ્યાપારી ફ્લાઈટ્સનું આયોજન કરી રહી છે. કારણ કે, ઈરાન અને ઈઝરાયલ બંનેમાં હવાઈ ક્ષેત્ર બંધ છે. 60થી વધુ કેનેડિયનો ઈઝરાયલ અને વેસ્ટ બેંકથી સરકાર દ્વારા ગોઠવાયેલી બસો દ્વારા રવાના થયા હતા અને તેમને જોર્ડનના અમ્માન લઈ જવામાં આવ્યા હતા. GAC અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાન છોડીને જતા કેનેડિયનો અને કાયમી રહેવાસીઓ માટે પરિવહન અને રહેઠાણના વિકલ્પોમાં મદદ કરવા માટે તુર્કી અને આર્મેનિયામાં સરહદ ક્રોસિંગ પર રાજદ્વારીઓની હાજરી છે. અઝરબૈજાન સાથેની ઈરાની સરહદ પર કેનેડિયન રાજદ્વારી સ્ટેશન પણ સ્થાપિત કરવામાં આવ્યું છે. અસ્તારા ક્રોસિંગ પોઈન્ટ ચાર વર્ષથી બંધ હોવા છતાં કેનેડિયન રાજદ્વારીઓ તે ક્રોસિંગ પર વિઝા અરજીઓમાં મદદ કરી શક્યા છે.

# સ્કારબરો સબ-વે એક્સટેન્શનનો ખર્ચ પ્રારંભિક અંદાજ કરતા બમણો થયો




## મેટ્રો લિંક્સના પ્રોજેક્ટ માટે પ્રારંભિક ખર્ચ $ 5.5 બિલિયન હોવાનો અંદાજ રખાયો હતો

**સ્કારબરો**

નવા અંદાજ મુજબ ટોરોન્ટો સબવેને સ્કારબોરો સુધી લંબાવવાનો ખર્ચ લગભગ બમણો થઈ ગયો છે, જે દર્શાવે છે કે પ્રોજેક્ટની કિંમત હવે $10 બિલિયનથી વધુ છે. સ્કારબોરો સબવે એક્સટેન્શનની જાહેરાત સૌપ્રથમ 2019 માં ઓન્ટેરિયો પ્રીમિયર ડગ ફોર્ડના “પરિવહન વિઝન”ના ભાગરૂપે કરવામાં આવી હતી. જેમાં ઓન્ટેરિયો લાઈન અને એગ્લિન્ટન ક્રોસટાઉન વેસ્ટ સુધીના વિસ્તરણ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ત્રણ-સ્ટોપ ભૂગર્ભ માર્ગ અસરકારક રીતે હાલમાં બંધ પડેલા સ્કારબોરો આરટીને બદલે છે અને સબવેને સ્કારબોરોમાં લગભગ આઠ કિમી આગળ લઈ જાય છે. પ્રાંતીય પરિવહન એજન્સી મેટ્રો લિંક્સના પ્રોજેક્ટ માટે પ્રારંભિક વ્યવસાય કેસમાં ખર્ચ આશરે $5.5 બિલિયન હોવાનો અંદાજ છે. તેની નવીનતમ બોર્ડ મીટિંગ માટેના અપડેટમાં જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, રૂટનો ખર્ચ હવે $ 10.2 બિલિયન થવાની ધારણા છે.

$ 10.2Bના મૂલ્યમાં બાંધકામ ખર્ચ ઉપરાંત વધારાના પ્રોજેક્ટ ખર્ચ, જેમ કે મિલકત સંપાદન, ટેકનિકલ એન્જિનિયરિંગ સલાહકારો, તમામ સિસ્ટમ સાધનોનું ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ અને હાલના TTC સિસ્ટમ્સ સાથે ઈન્ટરકનેક્શનનો સમાવેશ થાય છે. ઓન્ટેરિયો NDP નેતા મેરિટ સ્ટાઈલ્સે જોકે કહ્યું કે આ વધારો ચિંતાજનક છે.

સ્કારબોરો સબવે એક્સટેન્શનનો ખર્ચ વધારો સરકારની મંજૂરી ઓન્ટેરિયો લાઈન જેવી જ પેટર્નને અનુસરે છે. તે લાઈનનું અનાવરણ 2019માં સબવે એક્સટેન્શનની સાથે કરવામાં આવ્યું હતું અને તેની કિંમત $10.9 બિલિયન હતી. ગયા જૂનમાં આ સંખ્યા ફરી વધીને $ 27.2 બિલિયન થઈ ગઈ હતી. નવીનતમ અંદાજમાં મિલકત સંપાદન અને સબવે એક્સટેન્શન જેવા તમામ સંચાલન ખર્ચનો સમાવેશ થાય છે. મેટ્રોલિંક્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, બંને પ્રોજેક્ટ ટોરોન્ટો અને તેની આસપાસના ઐતિહાસિક પરિવહન વિસ્તરણનો ભાગ છે. ઓન્ટેરિયો સરકાર ગ્રીડલોકનો સામનો કરવા માટે કેનેડિયન ઈતિહાસમાં સૌથી મોટું સબવે વિસ્તરણ કરી રહી છે. જેના કારણે ઓન્ટેરિયોના અર્થતંત્રને દર વર્ષે $ 56 બિલિયનનો ખર્ચ થાય છે.

# ટોરોન્ટોના પિયર્સન એરપોર્ટ પર ભારે ગરમી : અત્યાર સુધીનો રેકોર્ડ તૂટ્યો

## સોમવારે બપોરે પિયર્સન ખાતે 35.8 સેલ્સિયસ તાપમાન નોંધાયું

**ટોરોન્ટો**

એનવાયરમેન્ટ કેનેડા અનુસાર સોમવારે ટોરોન્ટોમાં ભારે ગરમીએ પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉચ્ચ તાપમાનનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. હવામાનશાસ્ત્રી ક્રિસ્ટીના ક્રેચમેને જણાવ્યું હતું કે, સોમવારે બપોરે પિયર્સન ખાતે 35.8 સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અગાઉનો રેકોર્ડ 23 જૂન, 1921ના રોજ 32.8 સેલ્સિયસ હતો. ક્રેચમેને કહ્યું હતુ કે, તાપમાન હજુ પણ વધી શકે છે. અમે 23 જૂનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. સોમવારે બપોરે ટોરોન્ટોમાં ડાઉનટાઉન તાપમાન 33.7 સેલ્સિયસ હતું. સાંજે 6 વાગ્યે, પિયર્સન માટે હ્યુમિડેક્સ 44 હતો, જ્યારે ડાઉનટાઉન ટોરોન્ટો માટે હ્યુમિડેક્સ 40 હતો. એજન્સી અનુસાર દિવસનું મહત્તમ તાપમાન 33 થી 36 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની આગાહી કરવામાં આવી હતી. હજી પણ કેટલાક વિસ્તાર માટે ગરમીની ચેતવણી આપવામાં આવી છે. જેમાં ટોરોન્ટો, મિસિસાગા, બ્રામ્પટન, રિચમંડ હિલ, વોન, માર્ખામ, ન્યુમાર્કેટ, જ્યોર્જીના, ઉત્તરીય યોર્ક પ્રદેશ, ડરહામ પ્રદેશ, પિકરિંગ, ઓશાવા, ઉક્સબ્રિજ, બીવરટન, સિમકો, હેલ્ટન હિલ્સ અને મિલ્ટન જેવા વિસ્તારો ચપેટમાં આવી શકે છે. આ વિસ્તારો માટે દિવસનો ઉચ્ચતમ તાપમાન 30 થી 33 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની ધારણા છે









# આગામી દાયકામાં ઓન્ટેરિયોમાં 20 લાખથી વધુ ઘરોની જરૂર

## સિવિલ સેવકોએ અંદાજ રજૂ કર્યો : મ્યુનિસિપાલિટીઝને નવા ઘરો માટે સરકાર ચાર વર્ષમાં $ 2.3 મિલિયન ખર્ચ કરશે

**ઓન્ટેરિયો**

2031 સુધીમાં 1.5 મિલિયન ઘરો બનાવવાનું ઓન્ટેરિયોનું લક્ષ્ય માંગને પહોંચી વળવા માટે પૂરતું ન હોઈ શકે. સિવિલ સેવકોએ પ્રાંતના નવા મ્યુનિસિપલ બાબતોના મંત્રીને જણાવ્યું છે કે, પોષણક્ષમતા સુધારવા માટે 2.1 મિલિયન ઘરોની જરૂર પડી શકે છે. માર્ચમાં નવા પોર્ટફોલિયોનો કાર્યભાર સંભાળતી વખતે મંત્રી રોબ ફ્લેકને પૂરા પાડવામાં આવેલા બ્રીફિંગ મટિરિયલ્સમાં આ અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. મીડિયાના દસ્તાવેજમાં સૂચવવામાં આવ્યું છે કે ઓન્ટેરિયોને જરૂરી નવા ઘરોની શ્રેણી પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ સરકાર દ્વારા નિર્ધારિત વર્તમાન લક્ષ્ય કરતાં 600,000 જેટલી વધુ હોઈ શકે છે. સરકારે તેના હાઉસિંગ ટાસ્ક ફોર્સ દ્વારા લક્ષ્યની ભલામણ કર્યા પછી 2022માં 1.5 મિલિયન ઘરોનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. સિવિલ



સેવકો કહે છે કે, તેમણે 2023 કેનેડા મોરગેજ અને હાઉસિંગ કોર્પોરેશન દ્વારા હાઉસિંગ ડિમાન્ડ અને સપ્લાય ગેપના અંદાજમાંથી ઉચ્ચ કક્ષાના અંદાજ કાઢ્યા છે. બ્રીફિંગ દસ્તાવેજમાં 2021થી પ્રાંતની વસ્તીમાં આશરે 1.2 મિલિયન લોકોના વધારાનો પણ ઉલ્લેખ છે, જેણે હાઉસિંગ જરૂરિયાતોમાં ફાળો આપ્યો છે. મંત્રીના પ્રવક્તાએ સિવિલ સેવકો દ્વારા પૂરી પાડવામાં આવેલી હાઉસિંગ ડિમાન્ડ રેન્જ વિશેના પ્રશ્નોના સીધા જવાબ આપ્યા નહીં. તેના બદલે એલેક્ઝાન્ડ્રા સનીતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સરકાર ચાર વર્ષમાં $ 2.3 મિલિયન ખર્ચ કરી રહી છે. જેથી મ્યુનિસિપાલિટીઝને નવા ઘરો માટે જરૂરી માળખાગત સુવિધાઓ બનાવવામાં મદદ મળી શકે.

ગયા અઠવાડિયે, ઑન્ટારિયોના નાણાકીય જવાબદારી કાર્યાલયે એક આર્થિક અપડેટ બહાર પાડ્યું હતું. જેમાં ગૃહ નિર્માણમાં સતત ઘટાડાનો અંદેશો વ્યક્ત કરાયો હતો. તેમાં જાણવા મળ્યું છે કે વર્ષના પ્રથમ ત્રણ મહિના દરમિયાન ઑન્ટારિયોમાં ૧૨,૭૦૦ યુનિટ શરૂ થયા હતા,

# ચાર વર્ષમાં પશ્ચિમ કેનેડાની હિમનદીઓ પીગળવાની ગતિમાં વધારો ચિંતાજનક



### હવાઈ સર્વેક્ષણો સાથે જમીન આધારિત અવલોકનો બાદ અહેવાલ જારી કરાયો

ટોરોન્ટો : સંશોધકો કહે છે કે, 2021થી 2024 દરમિયાન પશ્ચિમ કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં કેટલાક હિમનદીઓએ તેમના દળના 12 ટકા ગુમાવ્યા છે, જે પાછલા દાયકાની તુલનામાં પીગળવાનો દર બમણો છે. યુનિવર્સિટી ઓફ નોર્ધન બ્રિટિશ કોલંબિયાના પ્રોફેસર બ્રાયન મેનોનોસના નેતૃત્વ હેઠળના સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે, શિયાળા દરમિયાન ઓછો બરફનો સંચય, ઋતુની શરૂઆતમાં ગરમીના મોજા અને લાંબા સમય સુધી ગરમ અને સૂકા સમયગાળા ફાળો આપતા પરિબળો હતા. આ અઠવાડિયે પીઅર-સમીક્ષા કરાયેલ જર્નલ જીઓફિઝિકલ રિસર્ચ લેટર્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં પશ્ચિમ કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં હિમનદીઓની તપાસ કરાઈ હતી. જેમાં અલાસ્કા અને યુકોન તેમજ સ્વિટ્ઝર્લેન્ડનો સમાવેશ થતો હતો, જ્યાં હિમનદીઓએ સમાન સમયગાળા દરમિયાન તેમના દળના 13 ટકા ગુમાવ્યા હતા. સંશોધન પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 2010 અને 2020ની વચ્ચે બંને પ્રદેશોની હિમનદીઓએ બમણી ઝડપથી વજન ગુમાવ્યું છે. આ સંશોધનમાં પશ્ચિમ કેનેડામાં ત્રણ હિમનદીઓ, યુનાઈટેડ સ્ટેટ્સમાં ચાર હિમનદીઓ અને સ્વિટ્ઝર્લેન્ડમાં 20 હિમનદીઓના હવાઈ સર્વેક્ષણો સાથે જમીન આધારિત અવલોકનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિશ્લેષણ દર્શાવે છે કે, 2021 અને 2024ની વચ્ચે 60 વર્ષ પહેલાં દેખરેખ શરૂ થઈ, ત્યારથી હિમનદીઓને સૌથી વધુ નુકસાન થયું હતું. સંશોધનપત્ર કહે છે કે, પશ્ચિમ કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં લગભગ 2010 પછી કાળા કાર્બનનું પ્રમાણ બમણું થયું, જે 2023માં ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યું હતુ. જે બી.સી. અને કેનેડામાં તીવ્ર જંગલી આગની મોસમ સાથે સુસંગત હતું. અભ્યાસમાં દરેક ગ્લેશિયર પર જંગલી આગની રાખ સંબંધિત ચોક્કસ ડેટા શામેલ કરવામાં આવ્યો નહતો. સંશોધકોએ કેનેડિયન રોકીઝમાં હેગ ગ્લેશિયર પર શૂન્ય સંશોધન કર્યું, જેમાં જાણવા મળ્યું કે બરફની ઓછી પ્રતિબિંબતા 2022 અને 2023માં અભૂતપૂર્વ જથ્થાના નુકસાનમાં 17 ટકા ફાળો આપે છે. ઉનાળાની ગરમીએ સૌથી વધુ અસર કરી હતી, જે 46 ટકા નુકસાન માટે જવાબદાર હતી.

# ઓન્ટેરિયોના ઉદ્યાનોમાં કેનેડાનો પહેલો બીચ ક્લિનિંગ રોબોટ દેખાશે

### રિમોટથી સંચાલિત રોબટ દરિયા કાંઠેથી પ્લાસ્ટિક, કાચ, ધાતુ, કાગળ અને અન્ય કાટમાળને દૂર કરશે

**ઓન્ટેરિયો**

જો તમે આ ઉનાળામાં ઓન્ટેરિયોના કિનારા પર ઝામ્બોની જેવા રોવરને ફરતો જોશો તો ગભરાશો નહીં, તે કેટલાક પ્રાંતીય ઉદ્યાનોમાં પરીક્ષણ કરાયેલ બીચ ક્લિનિંગ રોબોટ છે. બીબોટ નામનો આ રોબોટ રિમોટલી સંચાલિત અને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક મશીન છે, જે રેતી-ચુકવણી તકનીકનો ઉપયોગ કરીને દરિયાકિનારા પરથી પ્લાસ્ટિક, કાચ, ધાતુ, કાગળ અને અન્ય કાટમાળ દૂર કરે છે. પર્યાવરણીય સંગઠન પોલ્યુશન પ્રોબના સીઈઓ મેલિસા ડીયોંગે ઓન્ટેરિયોના પર્યાવરણ, સંરક્ષણ અને ઉદ્યાનો મંત્રાલય સાથે ભાગીદારીમાં બીબોટ લોન્ચ કર્યું હતું. ડીયોંગે કહ્યું કે, તળાવોમાં પ્રવેશતા પહેલા કચરો અને પ્લાસ્ટિક દૂર કરવું અત્યંત મહત્વપૂર્ણ છે. કારણ કે તે પાણીમાં વન્યજીવનને અસર કરે છે. બીબોટ આઠ કલાક સુધી 3,000 ચોરસ મીટર પ્રતિ કલાક સુધી સાફ કરી શકે છે અને એક જ ઉપયોગમાં લગભગ 19 બોલિંગ બોલ જેટલા પ્લાસ્ટિકને દૂર કરી શકે છે. આ રોબોટ બેટરીથી ચાલે છે. જેની પાછળ સોલાર પેનલ છે અને તેની ટોચની ગતિ પ્રતિ કલાક ત્રણ કિલોમીટરથી ઓછી છે. બીબોટે આ અઠવાડિયે સિબ્બલ્ડ પોઈન્ટ પ્રોવિન્શિયલ પાર્ક ખાતે લેક સિમકોના કિનારે કચરા-સફાઈનું કામ શરૂ કર્યું હતું, અને આગામી મહિનામાં લેક હુરોન પર ઈન્વરહુરોન પ્રોવિન્શિયલ પાર્ક તરફ પ્રયાણ કરશે.







તંત્રી સ્થાનેથી

# યુએસની એકચક્રી શાસનની મહેચ્છા આખી દુનિયામાં અરાજકતા સર્જી શકે

જગત જમાદાર અમેરિકાને સતત ચીન આર્થિક શક્તિ સાથે દુનિયા ઉપર રાજ કરી શકે એવો ડર સતાવી રહ્યો છે. જેને કારણે ટ્રમ્પ દુનિયા સામે મેદાને પડયા છે. દુનિયામાં 100 દિવસમાં શાંતિ સ્થાપશે, વિશ્વમાં અમેરિકા ફરી મહાન બનશે, અમેરિકા કહે એમ જ થાય એવી વાતો કરી તે આર્થિક, સામાજિક અને રાજકીય રીતે જંગે ચડયા છે. હકીકતમાં અમેરિકાએ છેડેલા તમામ યુદ્ધથી દુનિયાએ હમેશા નુકસાન સહન કરવું પડયું છે.



તંત્રી - સ્વદેશ

ટ્રમ્પની નીતિઓને કારણે છેલ્લાં છ મહિનાથી વિશ્વમાં પોલિટીકલ, સોશિયલ અને ઈકોનોમિક અસ્થિરતા છે. પ્રથમ ટર્મમાં એટલે કે ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન તેમણે દુનિયાને ત્રણ આચંકા આપ્યા હતા. મિત્ર રાષ્ટ્ર દક્ષિણ કોરિયાની ઈચ્છા વિરુદ્ધ ઉત્તર કોરિયાન શાસક કિંગ જોંગ ઉન સાથે સિંગાપોરમાં શિખર મંત્રણા કરવી, બીજું ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં ચીનને સીધો પડકાર આપી ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયા સાથે કવાડ સંગઠનની રચના કરવી અને ચીનના આર્થિક આધિપત્યને પડકારી ટ્રેડ વોર શરૂ કરવું. જે બાદ નવેમ્બર ૨૦૨૦ની ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. જો કે, નવેમ્બર ૨૦૨૪ની ચૂંટણીમાં ઐતિહાસિક વિજય મેળવી ફરી સત્તારૂઢ થયેલા ટ્રમ્પે ફરી આકમક રીતે દુનિયાને બદલવા મથામણ શરૃ કરી છે. શામ, ડામ, દંડ અને ભેદની રાજનીતિ સાથે ટ્રમ્પ એકચક્રી શાસન ચલાવવા માંગે છે. જેને કારણે દુનિયાના અનેક દેશો અસમંજસમાં છે.

ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પે કેનેડાને અમેરિકામાં ભળી જવા માટે આહ્વાન કર્યું અને અનેકવાર ૫૧મું રાજ્ય બનવા માટે વાતો કરી છે. છેલ્લાં ચાર માસમાં તેઓએ કેનેડા ઉપર ટેરિફ લાદવાની ચીમકી આપી તો યુરોપને ટેરિફથી ધમકાવવાની નીતિ અપનાવી છે. તેમણે એપ્રિલમાં સમગ્ર દુનિયા ઉપર રેસીપ્રોકલ ટેરિફ જાહેર કર્યા હતા. ભારત સાથે ગાઢ મિત્રતાના દાવા વચ્ચે ભારત સામે પણ ટેરિફ વોર શરૂ કર્યું હતુ, ચીન સામે તો તેણે વધુ આક્રમકતા સાથે ટેરિફ વોર શરૂ કર્યું હતું. આ ઉપરાંત વિશ્વમાં ચાલી રહેલા યુદ્ધ, લડાઈ અને સંઘર્ષમાં તે સતત દખલગીરી કરી રહ્યું છે. ટ્રમ્પ પોતે ૧૦૦ દિવસમાં સંધિ કરાવશે, શાંતિ સ્થાપશે એવી વાતો કરે છે. જો કે, તેમની કથની અને કરની જુદા જુદા છે. ટ્રમ્પની આ પ્રકારની નીતિને કારણે અત્યારે યુદ્ધ વધારે ફેલાય એવી સ્થિતિ છે. હાલ દુનિયામાં ચાલી રહેલા યુદ્ધ માટે શસ્ત્રોની આવશ્યકતા છે. અને અમેરિકામાં તેનું વધુ ઉત્પાદન થઈ રહ્યું છે.

ટ્રમ્પ સત્તા ઉપર આવ્યા એ પહેલા રશિયા - યુક્રેન અને ઈઝરાયેલ - પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. જે બાદ તેમાં ઈઝરાયેલ અને ઈરાન પણ સામેલ થયા હતા. ૧૯૭૮-૭૯માં ઈરાનના ઉદાર વિચારધારા ધરાવતા અને વોશિંગ્ટન સાથે ગાઢ સંબંધો ધરાવતા રાજા શાહને કટ્ટરપંથી સ્થાનિક મુસ્લિમોએ સત્તા ઉપરથી હટાવ્યા ત્યારથી ઈરાન અમેરિકાની આંખમાં કણાની માફક ખુંચે છે. ઓબામાએ ફ્રાંસ, રશિયા, ચીન, જર્મની, યુનાઈટેડ કિંગડમ સાથે મળી ૨૦૧૫માં ઈરાન સાથે પરમાણુ સોદો કર્યો હતો. જેમાં ઈરાન ૯૦ દિવસમાં અમેરિકા અને ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીને પોતાના પરમાણુ કાર્યક્રમની યાદી આપે, પરમાણુ પ્લાન્ટનું ઈન્સ્પેકશન કરવા દે તેવી શરતો હતી. જેની સામે ઈરાન ઉપર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધ દૂર કરવામાં આવ્યા હતા. જોકે, પ્રથમ કાર્યકાળમાં જ ટ્રમ્પે વર્ષ ૨૦૧૮માં આ સંધિ અમેરિકા વતી તોડી નાંખી હતી અને ઈરાન પોતાનો પરમાણું કાર્યક્રમ સંપૂર્ણ બંધ કરે એવી માંગ સાથે ફરી વાટાઘાટ કરવાની જાહેરાત કરી હતી.

ઈરાન સામેના વર્તમાન યુદ્ધમાં પણ ટ્રમ્પે આ માંગ ફરી દોહરાવી છે. તાજેતરમાં જ તેણે ઈરાનના પરમાણું મથક ઉપર હુમલો કરીને તેને દબાવવા પ્રયાસ કર્યો છે. જ્યારે ઈઝરાયેલ સામે તેમણે ક્યારેય હરફ સુદ્ધા ઉચ્ચાર્યો નથી. શિયા અને સુન્ની મુસ્લિમ, જેમાં સાઉદી અરબ સહિત મોટાભાગના આરબ દેશો પણ આવી જાય છે. તેઓ વચ્ચે સૈકાઓથી સંઘર્ષ ચાલી રહ્યો છે. અખાત અને મધ્ય-પૂર્વના ક્ડ ઓઈલ, નેચરલ ગેસથી સમૃદ્ધ દેશોમાં વર્ચસ્વની આ લડાઈ વધારે જોવા મળી રહી છે. યમન, સિરિયા, ઈરાક આ લડાઈમાં ખુવાર થતા જોવાયા છે. આ લડાઈના મૂળ પણ ૧૯૭૮માં ઈરાનની ક્રાંતિ સાથે જોડાયેલા છે. સામે સાઉદી અરબના સુન્ની મુસ્લિમો અમેરિકાની સહાયથી આર્થિક રીતે સમૃદ્ધ થતા ગયા. આજે ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. કમનસીબે, મિનરલ્સ, સંપત્તિ, ક્રૂડ ઓઈલ અને વર્ચસ્વની લડાઈમાં નિર્દોષોનો ભોગ લેવાય રહ્યો છે. એક પણ ગોળી છોડયા વગર અમેરિકા પોતાની વગના જોરે, પોતાની લશ્કરી શક્તિનો ડર બતાવી ઈરાનનું નાક દાબી સત્તા પરિવર્તન ઈચ્છી રહ્યું છે.

ચાર દિવસ પહેલાં જ તેણે યુદ્ધ વિરામની જાહેરાત કરી હતી. પરંતુ સાથે સાથે ટ્રમ્પે ઈરાનને પરમાણુ કાર્યક્રમ ચાલુ રખાશે તો ફરી હુમલાની પણ ચીમકી આપી છે. અમેરિકા, સાથી દેશો, યહુદીઓ અને સુન્નીઓ સામે લડવા છેલ્લા ત્રણ દાયકાથી ઈરાને પોતાનું અલગ નેટવર્ક ઉભું કર્યું છે. આ નેટવર્કમાં લેબેનોનમાં હેઝબુલ્લાહ, યમનમાં હુથી, ઈરાકમાં કેટલાક સંગઠનો અને ગાઝા, વેસ્ટ બેંક, પેલેસ્ટાઈનમાં હમાસનો સમાવેશ થાય છે. મિસાઈલ, હેલીકોપ્ટર, ટેંક, આધુનિક શોથી સજ્જ ૨૦ લાખ જેટલા લડાકુઓ ઈરાનને મદદ કરવા સતત તૈયાર રહે છે. પરંતુ, અત્યારે હુથી અને હમાસને ઈઝરાયેલે લગભગ તોડી પડયા છે. બીજી તરફ ઈરાક પાસે પરમાણુ, રસાયણિક વિપુલ પ્રમાણ રહેશે તો માનવ સંહારના હથિયાર બની શકે એવા આક્ષેપ સાથે બ્રિટન, કેનેડા અને અન્ય સાથી દેશોના સહારે અમેરિકાએ ઈરાક ઉપર હુમલો કર્યો હતો. સદામ હુસૈનને સત્તા પરથી હટાવી, ફાંસીના માંચડે ચડાવી પોતાના મિત્રોની સરકાર રચી હતી. ૨૦૦૩ના યુદ્ધથી આઠ વર્ષ સુધી ઈરાક ભડકે બળતું રહ્યું છે. અફઘાનિસ્તાન ઉપર કટ્ટર તાલિબાન શાસનનો અંત લાવવા માટે ૨૦૦૧માં અમેરિકાએ હુમલો કર્યો હતો. પછી નવી સરકાર સ્થાપી, પણ ૨૦૨૦માં અમેરિકન સેના પરત ચાલી જતા ગણતરીના દિવસોમાં જ તાલિબાનોએ ફરી સત્તા હાંસલ કરી લીધી.

ઈજીપ્તને અમેરિકા લશ્કરી અને અન્ય રીતે હમેશ મદદ કરતું આવ્યું હતું. ઈજીપ્તમાં હોશની મુબારક સામે લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા, ત્યારે અમેરિકાએ પહેલા ટેકો આપ્યો અને પછી વિદ્રોહી સાથે હાથ મિલાવી લીધા હતા. હવે ઈરાન પાસે ૧૨ જેટલી જગ્યા ઉપર પરમાણુ હથિયાર, ઉર્જા કે યુરેનિયમ એનરિચમેન્ટ માટેના પ્લાન્ટ છે. ઈઝરાયેલે આમાંથી કેટલાક ઉપર હુમલા કર્યા છે. ત્યાં નુકસાન થયું છે અને તેનાથી રેડિએશનનો ખતરો પેદા થયો છે. ઈઝરાયેલના હુમલાની અસરથી રેડિએશન ફેલાય તેની ચિંતા વ્યક્ત થઈ રહી છે. યુરેનિયમના ઘટકો અને તેના એનરિચમેન્ટમાં વપરાતા ગેસથી ફેફસાં, ચામડીને ભારે નુકસાન સંભવ છે. આ સ્થિતિમાં ઈઝરાયેલ કે અમેરિકા યુદ્ધમાં આવા પ્લાન્ટ ઉપર હુમલા કરે તો વ્યાપક કે વિનાશકારી નુકસાન થઈ શકે છે.

manoj1968@yahoo. ca






# લાંચ કેસમાં ભૂસ્તરશાસ્ત્રી-રોયલ્ટી ઇન્સ્પેક્ટર સંકેત પટેલ ઝડપાયા

## રેતીના સ્ટોક માટે કરાયેલી અરજી અંગે 2 લાખ મંગાયા હતા, એસીબીએ 3 અધિકારીઓ સહિત 4 વિરૂદ્ધ નોંધ્યો હતો

**વડોદરા**

રેતીના સ્ટોક અંગેની મંજૂરી આપવા માટે વડોદરા ખાણ ખનિજ વિભાગના સિનિયર ક્લાર્ક અને કોમ્પ્યૂટર ઓપરેટર રૂા.ર લાખની લાંચ લેતા ઝડપાયા બાદ છેલ્લા દોઢ મહિનાથી ફરાર જે તે સમયના ઇન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રી અને રોયલ્ટી ઇન્સ્પેક્ટરની આજે એસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

વડોદરા ખાણ ખનીજ વિભાગના સિનિયર ક્લાર્ક યુવરાજસિંહ ગોહિલને એસીબી પોલીસે ગત તા. ૧૨મી મેના રોજ રેતીનો સ્ટોક કરવાની પરવાનગી



આપવા બાબતે રૂપિયા બે લાખની લાંચ લેતા ઝડપી પાડયો હતો. લાંચની રકમ આવી ગયા બાદ યુવરાજસિંહે અન્ય અધિકારી અને કર્મચારીઓને જાણ કરી હતી. જેથી એસીબીએ લાંચ લેવાના ગુનામાં આણંદ ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાી અને વડોદરા ખાણ ખનીજ વિભાગનો ચાર્જ ધરાવતા રવિ કુમાર કમલેશકુમાર મિસ્ત્રી, વડોદરા ખાણ ખનીજ વિભાગના આઇ.ટી એક્ઝિક્યુટિવ કિરણભાઈ કાંતિભાઈ પરમાર અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર સંકેતભાઈ પટેલ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. બાદમાં કિરણ પરમારની પણ અટકાયત કરવામાં આવી હતી. જોકે, રોયલ્ટી ઈન્સ્પેક્ટર સંકેત પટેલ અને આણંદના ભૂસ્તર શાસ્તરી રવિ મિસ્ત્રી ફરાર થઈ જતા બંનેને વોન્ટેડ જાહેર કરાયા હતા.

લાંચ રુશ્વત વિરોધી બ્યૂરોના જણાવ્યા મુજબ મકરપુરા વિસ્તારમાં રહેતા મૂળ કરજણ તાલુકાના રેતીના વેપારીએ વડોદરા ખાતે રેતીનો સ્ટોક કરવા માટે વડોદરાની ખાણ ખનિજ વિભાગની ઓફિસમાં ઓનલાઈન અરજી કરી હતી. જેની મંજૂરી માટે સિનિયર ક્લાર્ક યુવરાજસિંહ દિલીપસિંહ ગોહિલે કચેરીના તમામ સ્ટાફને વ્યવહાર પેટે રૂા.ર લાખ આપવા પડશે તેમ કહી લાંચની માંગણી કર્યા બાદ તા.૧૨મેની રાત્રે અટલાદરા વિસ્તારમાં આવેલ બીએપીએસ હોસ્પિટલની બાજુમાં પ્રેમવતી રેસ્ટોરન્ટમાં પ્રથમ યુવરાજસિંહ અને બાદમાં કોમ્પ્યૂટર ઓપરેટર કિરણ પરમારને ઝડપી પાડવામાં આવ્યા હતાં.

જ્યારે આ કેસમાં ભૂસ્તરશાસ્ત્રી રવિ કમલેશકુમાર મિસ્ત્રી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર સંકેત જીતેન્દ્રકુમાર પટેલ ઝડપાયા ન હતાં. લાંચના કેસમાં ધરપકડથી બચવા બંનેએ વડોદરા અને હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી મૂકી હતી પરંતુ નામંજૂર થતા આખરે ખાણ ખનિજખાતાના બંનેની આજે ધરપકડ કરવામાં આવી હતી.

# 253મી રથયાત્રા, ડાકોરના ઠાકોરજી પુષ્ય નક્ષત્રમાં ચાંદીરથમાં નગરચર્યાએ નીકળશે

**આણંદ**

યાત્રાધામ ડાકોરમાં ઠાકોરજીની ર૫૩મી રથયાત્રા તા. ર૮મીને શનિવારે નીકળવાની છે. ત્યારે રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ થવા આવી છે. રથયાત્રા રૂટ પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાશે. ત્યારે રથયાત્રાના દિવસે રણછોડજીના દર્શનના સમયમાં વધારો કરાયો છે.

ડાકોરના ઠાકોરની ર૫૩મી રથયાત્રા શનિવારે ધામધૂમથી નીકળશે. ત્યારે ડાકોર ટેમ્પલ ઠાકોરજીના દર્શનનો સમય સવારે ૬ કલાકે નિજમંદિર ખૂલી ૬.૧૫ કલાકે મંગળા આરતી થશે. બાદમાં સ્નાન સેવા થઈને શ્રીજી ત્રણ ભોગ, મહાભોગ આરોગવા બીરાજશે. મહાભોગ આરતી થઈ સવારે ૯ કલાકે ચાંદીના રથમાં ઠાકોરજીની આજ્ઞામાળા ધારણ કરી ગોપાલલાલજીને બિરાજમાન કરી રથયાત્રા નીકળશે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા રથયાત્રા સવારી પરત આવતા સુધી શ્રીજી મહારાજના દર્શન ખુલ્લા રાખવાનું નક્કી કરાયું છે.

રથમાં શ્રી ગોપાલલાલજી મહારાજનું અધિવાસન મંદિરની પરિક્રમા માર્ગમાં થશે. મંદિરની તથા વૈષ્ણવ તરફથી થતી કુંજમાં શ્રી ગોપાલલાલજી મહારાજ ક્રમઅનુસાર બિરાજમાન થશે.

# ફતેપુરામાં સાસરીમાં આવેલા 22 વર્ષીય જમાઈના અચાનક મોતે રહસ્ય સર્જ્યું

## ગળામાં આંતરિક ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કરતાં પરિવારજનો

**સુખસર**

ફતેપુરા તાલુકાના વાંગડ ગામે રહેતા સાગરભાઈ નારણભાઈ પારગી ઉમર વર્ષ આશરે 22 નાઓના લગ્ન ટાઢી ગોળી ગામે થયા છે. સંતાનમાં એક માત્ર પુત્રી છે.ગત એકાદ માસ અગાઉ સાગરભાઈ પારગી ટાઢી ગોળીના સાસરીયાઓ સાથે બહારગામ મજૂરી અર્થે ગયા હતા ત્યારબાદ ગત પાંચેક દિવસ આગાઉ પરત પત્ની સાથે ટાઢીગોળી ગામે સાસરીમાં આવ્યા હતા. ત્યારબાદ ગતરાત્રિના સાગરભાઈએ ગળે ફાંસો ખાધો હોવા બાબતે જ્યારે મૃતક સાગરભાઈ પારગીના પરિવારજનોના આક્ષેપ મુજબ ગળામાં ગંભીર ઇજાઓના કારણે મોત નીપજ્યું હોવા બાબતની ચર્ચા પંથકમાં ટોક ઓફ ધી ટાઉન બનવા પામી છે.પરંતુ મૃતકના પરિવારમાં આશાસ્પદ યુવાનનું અકાળે મોત નીપજતા રોકકળ સાથે હાહાકાર મચી જવા પામ્યો છે.

ઉપરોક્ત બાબતે મૃતક સાગરભાઈ પારગીના સાસરી પક્ષના લોકોએ જમાઈનું ગળે ફાંસો ખાતા મોત નીપજ્યું હોવા બાબતે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા લાશને સુખસર સરકારી દવાખાનામાં લાવવામાં આવી હતી. ત્યારે પરિવારજનોએ મૃતક સાગરને ગળામાં આંતરિક ગંભીર ઇજાઓ કરી મોત નીપજાવ્યું હોવાનો આક્ષેપ કરાતા લાશને ફોરેન્સિક પોસમોર્ટમ માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે. મૃતકનું મોત કયા કારણોસર થયું છે તે પી.એમ રિપોર્ટ બાદજ જાણી શકાશે.

# વડોદરામાં ICICI સિક્યુરિટીઝના સ્ટેમ્પ મોકલી રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રૂ.1.09 કરોડની ઠગાઈ

## 1 લાખ ઇન્વેસ્ટ કરાય તો ચાર દિવસમાં રૂપિયા 1.08 લાખનો નફો બતાવતો હતો

**વડોદરા**

આટલાદરાના પ્રમુખસ્વામી પાર્કમાં રહેતા અને જુના પાદરા રોડની ખાનગી કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા મની નાયરે પોલીસને કહ્યું છે કે, ગીતા છઠ્ઠી માર્ચ વિનીતા પટોડીયા, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ ગ્રુપના નામે મને મેસેજ આવ્યો હતો. મને સ્ટોકમાં ઈનવેસ્ટ કરો છો કે કેમ.. તેમ પૂછી કયા સ્ટોક રાખવા છે તેનું એનાલિસિસ કરીને કહેશે તેમ કહ્યું હતું.

ત્યારબાદ વિનીતા પટોડીયાના નામે વાત કરતી વ્યક્તિ એ શેર માર્કેટ વિશે પૂછપરછ કરી હતી અને તે પણ ટ્રેડિંગમાં જોડાશે તો બંનેને ફાયદો થશે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. તમે આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીસના રજીસ્ટ્રેશનવાળા લેટરપેડ પર માહિતી મેળવી હતી.

ઇન્વેસ્ટરે કહ્યું છે કે, 11મી માર્ચે એક લિંક મોકલતા મેં મોબાઈલ નંબર અને પાસપોર્ટ જનરેટ કરી લોગીન કર્યું હતું. જેમાં ICICI સિક્યુરિટીસ સંબંધીત એક પેજ ખુલ્યું હતું અને તેમાં મારું વોલેટ એકાઉન્ટ દેખાતું હતું. મે 25000 ઇન્વેસ્ટમેન્ટ કરતા તેની સામે 27,423 જમા થયા હતા. ત્યાર પછી મને બીજા એક ગ્રુપમાં જોઈન્ટ કરવામાં આવ્યો હતો જ્યાં બધા પ્રોફિટના મેસેજ મુકતા હતા. વિનીતા આ ગ્રુપની એડમિન હતી. રૂ.1 લાખ ઇન્વેસ્ટ કરતાં તેની સામે ચાર દિવસમાં 1.08 લાખનો નફો બતાવતા હતા. આ રકમ ટ્રાન્સફર થતા મને વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ અલગ અલગ તારીખે કુલ રૂ.1.09 કરોડ ઇન્વેસ્ટ કર્યા હતા.

# નર્મદા કેનાલ પર ફરવા ગયેલા 2 તબીબી વિદ્યાર્થી પાણીમાં ડૂબી ગયા

## એક યુવક સુરત અને બીજો જામનગરનો રહેવાસી હતા

**વડોદરા**

વડોદરામાં નર્મદા કેનાલ પર ફરવા ગયેલા 2 તબીબી વિદ્યાર્થીના ડૂબી જવાથી મોત નીપજ્યા છે. મૃતકમાં એક સુરત અને બીજો જામનગરનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતકોને ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે વડોદરાની ગોત્રી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓના અંકોડિયા પાસેની નર્મદા કેનાલમાં ડૂબી જતા મોત નિપજ્યા છે. બંને મિત્રો કેનાલ પર ફરવા ગયા હતા. ત્યારે કોઈ કારણોસર કેનાલમાં ડૂબ્યા હતા. તબીબી વિદ્યાર્થીઓ ગોત્રી મેડિકલ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં હતા. ડૂબી જવાની દુર્ઘટનામાં પ્રેમ માતંગ અને આદિત્ય રામકૃષ્ણ નામના તબીબી વિદ્યાર્થીઓનું ડૂબી જવાથી મોત નિપજ્યું છે. ઘટના અંગે જાણવા મળ્યું હતું કે, એક વિદ્યાર્થી પાણીમાં ડૂબ્યો હતો, ત્યારે બીજો વિદ્યાર્થી તેને બચાવવા જતા એ પણ ડૂબ્યો હતો. આ મામલે સ્થાનિકોને ખબર પડતાં પોલીસે જાણ કરવામાં આવી હતી.

# પાવાગઢમાં વરસાદથી યાત્રિકો ફસાયા, માંચીથી પ્રવેશ બંધ

**હાલોલ**

શક્તિપીઠ પાવાગઢ ડુંગર પર મંગળવારે બપોર બાદ ભારે વરસાદ થતા ડુંગર પર ગયેલા યાત્રાળુઓ ને ડુંગર પરથી ઉતરવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ડુંગર પર બપોર બાદ અચાનક ભારે વરસાદ શરૂ થતા પોલીસ દ્વારા સ્થાનિક પોલીસ દ્વારા માંચી ખાતેથી ભક્તોની સુરક્ષાને ધ્યાનમાં લઈ ભક્તોને ઉપર જતા અટકાવી દેવાની ફરજ પડી હતી. પાવાગઢ ડુંગર પર બપોર બાદ અચાનક અંદાજિત સાત ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેના પગલે ડુંગરના પગથિયાઓમાંથી જાણે કે નદીઓ વહેતી હોય તેવો પાણીનો ભારે પ્રવાહ ખળખળ વહેતો થયો હતો. આ સમયે ડુંગર પરથી ઉતરતા મોટી સંખ્યામાં યાત્રાળુઓને ડુંગર પરથી ઉતારવાના માર્ગ પર વચ્ચે રાખવામાં આવેલી રેલિંગના સહારે એકબીજાને સહારો આપી જીવના જોખમે નીચે ઉતરતા હતા.

# વડોદરામાં આધારકાર્ડ માટે બોગસ જન્મ સર્ટિફિકેટનું મસમોટું કૌભાંડ

**વડોદરા**

વડોદરામાં બોગસ બર્થ સર્ટિફિકેટના બહાર આવેલા કૌભાંડમાં ચોક્કસ ટોળકી સામેલ હોવાની આશંકાને પગલે પોલીસ કમિશનરે તમામ બનાવોની તપાસનું સુપરવિઝન ક્રાઇમ બ્રાન્ચને સોંપ્યું છે.

વડોદરા કોર્પોરેશનમાં આધાર કાર્ડની કામગીરી દરમિયાન બર્થ સર્ટિફિકેટ ફરજિયાત હોવાથી બોગસ બર્થ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવતા હોવાના કિસ્સા બહાર આવી રહ્યા છે.

કોર્પોરેશનના સાઉથ ઝોનના આસિ. મ્યુ.કમિશનર અને આધાર કાર્ડ સેલના વડા શમિક જોશીની તપાસમાં છેલ્લા બે મહિના દરમિયાન આ પ્રકારના સાત બોગસ બર્થ સર્ટિફિકેટ પકડાતાં તમામ બનાવો અંગે ગુના નોંધવામાં આવ્યા છે.પ્રાથમિક તપાસમાં માત્ર રૂ.૫૦૦ થી ૧૦૦૦ જેટલી રકમમાં જ બોગસ સર્ટિફિકેટ તૈયાર કરવામાં આવતા હોવાની માહિતી મળી છે.

સમગ્ર પ્રકરણમાં કોઇ ચોક્કસ ગેંગ સક્રિય હોવાની આશંકા પણ જોવાઇ રહી છે.જેથી પોલીસ કમિશનરે તમામ સાતેય ગુનાઓની તપાસમાં સંકલન રહે અને મોટા નેટવર્કનો પર્દાફાશ થાય તે માટે ક્રાઇમ બ્રાન્ચને સુપર વિઝન સોંપવાનો હુકમ કર્યો છે.

# બળાત્કાર ગુજારી ૯ વર્ષથી લગ્ન નહીં કરનાર વિલ્સન જેલભેગો

**વડોદરા**

યુવતી પર બળાત્કાર ગુજારી નવ વર્ષથી લગ્ન નહિ કરી શોષણ કરનાર દશરથના વિલ્સન સોલંકીને આજે જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. પોલીસના કહ્યા પ્રમાણે,પીડિતા જ્યારે ધોરણ-૧૧માં હતી ત્યારે વિલ્સન તેના સંપર્કમાં આવ્યો હતો અને કારમાં પાવાગઢ લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.ત્યારબાદ તેણે લગ્નની ખાતરી આપી હતી અને પોતાને ઘેર પણ લઇ ગયો હતો.

વિલ્સન પરિણીત હોવાની અને એક સંતાન હોવાની જાણ થતાં પીડિતાને ઝઘડો થયો હતો.ત્યારબાદ વિલ્સને પહેલી પત્નીને ડીવોર્સ આપ્યા હતા.પરંતુ તેણે પીડિતા સાથે લગ્ન કર્યા નહતા અને ત્રીજી યુવતી સાથે લગ્ન કરી લેતાં પીડિતાએ પોલીસ ફરિયાદ કરી હતી. છાણી પોલીસના પીઆઇ જે એન પરમારે આરોપીની ધરપકડ કરી એક દિવસનો રિમાન્ડ લીધો હતો.

# વિસાવદરમાં ‘ આપ ’ના ઝાડુએ કમળને કચડી નાખ્યું

## સત્તા અને તંત્રનો બેફામ ઉપયોગ કરનાર ભાજપની કારમી હાર : ‘આપ’ના ઉમેદવારને 75942, ભાજપના ઉમેદવારને 58388 મત મળ્યા

જૂનાગઢ

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીમાં આજે મત ગણતરીના અંતે આમ આદમી પાર્ટીના ઉમેદવારને 75942 મત મળ્યા હતા જ્યારે ભાજપના ઉમેદવાર 58388 મતમાં જ હાંફી ગયા હતા અને આપના ઝાડુએ 17554 મતની સરસાઈ મેળવી ભાજપના કમળને કચડી નાખ્યું હતું. વિસાવદરના મતદારોએ આમ આદમી પાર્ટીને જીત અપાવી સમગ્ર રાજ્ય કરતા તેનો મિજાજ અલગ છે એ બાબત જાળવી રાખી હતી અને આ બેઠક પર બીજી વાર આમ આદમી પાર્ટીને જીત અપાવી હતી.



વિસાવદર, ભેંસાણ તાલુકો અને જૂનાગઢ ગ્રામ્યના 40થી વધુ ગામડાઓ ધરાવતા વિસાવદર વિધાનસભા વિસ્તારના 294 બૂથ પર તા. 19મીએ 261110 મતદારોમાંથી 148803 મતદારોનું સરેરાશ 56.89 ટકા મતદાન થયું હતું. માલિડા અને નવા વાઘણીયા બુથ પર બોગસ મતદાન થયાની ફરિયાદ બાદ આ બંને બુથ પર તા. 21ના ફેર મતદાન થયું હતું. આ બંને બુથ પર સરેરાશ 81.11 ટકા મત પડયા હતા.

આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં આવેલી કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે મતગણતરી શરૂ થઈ હતી. સવારે પ્રથમ પોસ્ટલ બેલેટ બાદ ઈવીએમના મતગણતરી શરૂ થઈ હતી. શરૂઆતના બે રાઉન્ડમાં આમ આદમી પક્ષ અને ત્રણથી સાત રાઉન્ડ સુધી ભાજપને લીડ મળી હતી. સાતમા રાઉન્ડમાં ભાજપમાં ભાજપની 985 મતની લીડ હતી, જ્યારે આઠમાં રાઉન્ડમાં આમ આદમી પાર્ટીને 702 મતની લીડ થઈ હતી. અંતિમ 21 રાઉન્ડ સુધી સતત આમ આદમી પાર્ટીએ સરસાઈ જાળવી રાખી હતી. ગણતરીના અંતે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાને 75906 ઈવીએમના અને 36 બેલેટ પેપરના મળી કુલ 75942 મત મળ્યા હતા, જ્યારે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલને 58325 ઈવીએમના બેલેટ પેપરના 63 મળી કુલ 58388 મત મળ્યા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાનો 17554 મતની સરસાઈથી વિજય થયો હતો.

## ગુંડાગીરી, કૌભાંડ, કોંગ્રેસ સાથે સેટિંગ, ભાજપની હારનું કારણ

ભાજપના ઉમેદવાર કિરીટ પટેલની હાર પાછળ અનેક કારણો છે, જેમાં મુખ્યત્વે સહકારી મંડળી અને બેંકની ભરતીનાં કથિત કૌભાંડ, જૂનાગઢમાં સરકારી વોકળાને માલિકીનો બતાવી હાઈરાઈઝ કોમર્શીયલ બિલ્ડિંગ ખડકવું, ગુંડાઓને પ્રોત્સાહન, કોંગ્રેસ સાથે પાછલા બારણે સેટિંગ વગેરે પણ કારણભૂત મનાય છે. ભાજપના ઉમેદવાર સામે આપના ઉમેદવારે અનેક પ્રકારના ગંભીર આરોપ લગાવ્યા હતા, જેમ કે જૂનાગઢ જીલ્લા સહકારી બેંકમાં મોટી રકમ લઈ ભરતી કર્યાના આક્ષેપ, સહકારી મંડળીમાં ખેડૂતોને ધિરાણ આપવામાં કરોડોના કૌભાંડ આચરી ખેડૂતોને દેવાદાર બનાવી દીધાનો આરોપ, ખેડૂતોએ મંડળીના કૌભાંડના કારણે આત્મહત્યા કરવાનો મુદ્દો, જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પર સરકારી વોકળો અને ખરાબાને માલિકીનો દર્શાવી ગેરકાયદેસર મંજૂરી મેળવી કોમર્શીયલ બિલ્ડીંગ બનાવાયું એ મુદ્દો આ ઉપરાંત વિસાવદર પંથકમાં ગુંડાઓને પ્રોત્સાહન આપી ગુંડાગીરી કરી હોવાના ગંભીર આરોપ કિરીટ પટેલ પર આપના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ લગાવ્યા હતા.

## કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ પદેથી શક્તિસિંહનું રાજીનામું



કડી અને વિસાવદરની પેટા ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હાર મળતા પ્રદેશ પ્રમુખનો ત્યાગ કરવાનો નિર્ણય શક્તિસિંહ ગોહિલે લીધો છે. જ્યાં સુધી નવા પ્રમુખના નામની જાહેરાત ન થાય ત્યાં સુધી શૈલેષ પરમાર જવાબદારી નિભાવશે. પરિણામ જાહેર થયા બાદ શક્તિસિંહે રાજીનામું આપ્યું હતું. તેમણે કહ્યું કે, 30 વર્ષથી સત્તા ન હોવા છતાં કોંગ્રેસના કાર્યકરો મક્કમતાથી લડ્યા છે. પરિણામો નથી આવ્યા એની જવાબદારી હું સ્વીકારું છું અને અત્યારથી જ રાજીનામું આપી રહ્યો છું. મારું રાજીનામું રાષ્ટ્રીય અધ્યક્ષને મોકલી આપ્યું છે.

## કિરીટ સામે ટિકિટ માંગનારાને સાઈડલાઈન કરાયા

કિરીટ પટેલે સંગઠનના અનેક હોદ્દેદારોને ગણકાર્યા ન હોવાનો વસવસો ભાજપના આગેવાનો દ્વારા પ્રચારમાં આવેલા નેતાઓ સમક્ષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જેટલા લોકોએ તેમની સામે ટિકિટની માંગણી કરી હતી તેવા લોકોને સાઈડલાઈન કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત જૂનાગઢના ધારાસભ્યએ પણ કિરીટ પટેલના ગેરકાયદેસર બિલ્ડિંગનો વિરોધ કર્યો હોવાથી તેમને પણ સાઈડલાઈન કરવામાં આવ્યા હતા. જૂનાગઢના ભાજપના જ ધારાસભ્ય કડવા પટેલ છે અને તેના વિસાવદરમાં મત નથી તેથી તેને સાઈડલાઈન કરવાનો પ્રયત્નો થયો પરંતુ માણાવદરના ધારાસભ્ય પણ કડવા પટેલ છે તો તેમને વિસાવદરમાં દોડાવવામાં આવતા હતા.

## ગુજરાતમાં AAPમાં ડખાં,દંડક પદેથી મકવાણાનું રાજીનામું

બોટાદના આપના ધારાસભ્યએ પાર્ટીને મોટો ઝટકો આપ્યો છે. બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજી આમ આદમી પાર્ટીના દંડક પદેથી રાજીનામું આપ્યું હતું. ઉમેશ મકવાણા છેલ્લા કેટલાક સમયથી આમ આદમી પાર્ટીના કાર્યક્રમોમાં ગેરહાજર રહેતા હતા. દંડકપદેથી રાજીનામું આપ્યા બાદ તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ વિપક્ષની ભૂમિકામાં નિષ્ફળ રહી છે. હું આપના કાર્યકર તરીકે કામ કરતો રહીશ અને ધારાસભ્ય પદ છોડવા અંગે પ્રજાને પૂછીને નિર્ણય કરીશ. તેમણે પત્રકારોને સંબોધતાં કહ્યું હતું કે ભાજપ-કોંગ્રેસ પછાત સમાજનો અવાજ ઉઠાવતી નથી, વિપક્ષની ભૂમિકામાં કોંગ્રેસ નિષ્ફળ રહી છે. કડીમાં આપની હારને લઈને ઉમેશ મકવાણાએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે બધા જ મોટા નેતાઓ વિસાવદરમાં હતા, કડીમાં કોઈ હાજરી ન હતી. કડીમાં મોટા નેતાઓની ક્યાં હાજરી જોવા મળી ન હતી. કડીમાં દલિત સમાજનો ઉમેદવાર 10 લાખની લોન લઈને લડતો હતો તે આજે એકલો છે.

# ઝાખર ગામે કંપનીમાં રબારી અને દરબારના જૂથ વચ્ચે તકરાર : ચાલક-ક્લીનર પર હુમલો

જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ઝાખર ગામની સિમ વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીના એરિયામાં રબારી અને દરબારના જૂથ વચ્ચે તકરાર થઈ હતી, જેના મન દુઃખમાં દરબાર જૂથના ચાર સભ્યો દ્વારા રબારી ડ્રાઈવર ક્લીનર વગેરે પર હુમલો કરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના ઝાખર ગામની સીમ વિસ્તારમાં આવેલી ન્યારા કંપનીમાં ગઈકાલે કામકાજ દરમિયાન દરબારના જૂથ અને રબારીના જૂથ વચ્ચે ઝઘડો થયો હતો, અને રબારીના જૂથ દ્વારા દરબારના જૂથ ઉપર હુમલો કરી દેવાયો હતો. જે વાતનું મનદુઃખ રાખીને અજીતસિંહ જાડેજા ના કહેવાથી દરબાર જૂથના કેટલાક સભ્ય દ્વારા ઝાખર ગામમાંથી પસાર થતા રબારી જૂથના ટ્રક-ટેન્કરને રોકીને તેઓ પર હુમલો કરવાનું નક્કી કર્યું હતું.

જે અનુસાર ગાગવા ધારની સીમ વિસ્તારમાં રહેતા અને ટ્રક ડ્રાઈવિંગ કરતા પરબતભાઈ રાજાભાઈ નાગેશ નામના 32 વર્ષના યુવાને પોતાની સાથેના અન્ય ટેન્કર ચાલક બાબુભાઈ મોરી તથા ક્લિનર હરવિભાઈ વાઘેલા ઉપર હુમલો કરી ઇજા પહોંચાડવા અંગે સરદારસિંહ જાડેજા, અજીતસિંહ જાડેજા અને તેના બે સાગરીતો સામે મેઘપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ઉપરોક્ત ચારેય આરોપીઓએ કંપનીની અંદર થયેલી માથાકૂટનો બદલો વાળવાના ભાગરૂપે ત્રણેય ઉપર વિના કારણે લોખંડના પાઈપ અને લાકડીના ધોકા વડે હુમલો કર્યો હોવાનું જણાવ્યું છે. જે મામલે મેઘપર પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# ભાવનગરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની 40મી રથયાત્રા નિકળશે

## રથયાત્રાના રૂટમાં ત્રિ-સ્તરિય બંદોબસ્ત ગોઠવાશે

ભાવનગર

ભાવનગરમાં નિકળનારી ભગવાન જગન્નાથજીની ૪૦મી રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તેની જવાબદારી પોલીસ વિભાગના શિરે રહેલી છે. રથયાત્રામાં સુરક્ષાને લઈને ભાવનગર પોલીસ દ્વારા ઘડવામાં આવેલા એક્શન પ્લાન પ્રમાણે યાત્રાના રૂટને પાંચ સેક્ટરમાં વિભાજીત કરી દેવામાં આવ્યો છે અને સમગ્ર રૂટમાં ત્રિ-સ્તરિય પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે અને રથયાત્રાની દર કલાકની અપડેટ ભાવનગર પોલીસ કંટ્રોલરૂમ અને સ્ટેટ કંટ્રોલરૂમને મોકલાશે. રથયાત્રાના ૧૭ કિમીના રૂટના મહત્વના પોઈન્ટ પર ૧૨ વૉચ ટાવર ઉભા કરવામાં આવ્યા છે અને કુલ ૧૬૨ સીસીટીવી કેમેરા દ્વારા ભાવનગર પોલીસ કંટ્રોલરૂમ અને નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરથી મોનિટરિંગ કરવામાં આવશે અને અહીંથી દર કલાકે એસપી, આઈજી અને સ્ટેટ કન્ટ્રોલરૂમ પર રથયાત્રાની અપડેટ મોકલાશે. ભાવનગર પોલીસ દ્વારા રથયાત્રાના રૂટને પાંચ સેક્ટરમાં વિભાજીત કરવામાં આવ્યો છે અને સમગ્ર રૂટમાં ત્રિ-સ્તરિય બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# વસ્તડી મેલડી માતાના મંદિરમાંથી 2 બુકાનીધારી દાન પેટી લઇ ફરાર

## તસ્કરોને તાત્કાલીક ઝડપી પાડવા ગ્રામજનોની માંગણી

સુરેન્દ્રનગર

વઢવાણ તાલુકાના વસ્તડી સામાકાંઠા મેલડી માતાજીના મંદિરમાં તસ્કરો ત્રાટકતા ચકચાર મચી જવા પામી છે. તસ્કરો મંદિરમાં પ્રવેશ કરી દાનપેટીની ઉઠાંતરી કરી નાસી છુટયા છે. આ સમગ્ર ચોરીનો બનાવ સીસીટીવીમાં કેદ થયો હતો. આ સીસીટીવી ફુટેજમાં જોવા મળતા સમય મુજબ બે બુકાનીધારી શખ્સો અંદાજે રાત્રે ૧૨.૩૦ની આસપાસ મંદિરમાં પ્રવેશતા નજરે પડે છે અને મેલડી માતાજીની મૂર્તિની સામે લોખંડની ગ્રીલ પાસે રાખેલી લોખંડની દાનપેટીને બંને ઊંચકી મંદિરમાંથી બહાર લઈ નાસી છુટતા નજરે પડી રહ્યાં છે. આ બનાવ અંગે મંદિરમાં પુજા કરતા પુજારીને જાણ થતાં ગામના સરપંચ સહિત આગેવાનોને જાણ કરી હતી. ઘટનાની જોરાવરનગર પોલીસને જાણ કરતા પોલીસ કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો અને સીસીટીવી ફુટેજના આધારે નાસી છુટેલા તસ્કરોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મારી સાથેની ફ્રેન્ડશીપ ભૂલી જજે, અમારા બંનેના સંસાર વચ્ચે આવીશ તો મારી નાખીશ

## રાજકોટમાં 2 દંપતી વચ્ચે માથાકૂટ અને મારામારી : પોલીસ મથકમાં સામસામી ફરિયાદ

રાજકોટ

રાજકોટમાં 150 ફૂટ રિંગ રોડ પરના સંતોષ પાર્ક શેરી નં. 1માં રહેતી બંસીબેન પંડયા (ઉ.વ. 45)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે ઘર નજીક વોકીંગ કરતી હતી ત્યારે તેનો ફ્રેન્ડ વિમલ ભાનુશંકર જોશી, પત્ની જીજ્ઞાશા સાથે એક્ટિવા પર નીકળ્યો હતો. તેને જોઈને વિમલે કહ્યું કે તું મારી પત્ની વિશે કેમ આડું અવળું બોલે છે. બાદમાં તેની પત્નીએ એક્ટિવા તેના પગ સાથે ભટકાડી, ધક્કો મારી દેતાં ફૂટપાથ પર પડી ગઈ હતી.

ત્યાર પછી બંનેએ તેને ગડદાપાટુનો માર માર્યો હતો. તેના પુત્રએ પતિને બોલાવ્યો હતો. પતિ આવી જતાં ડ્રીમ સિટી રોડ પર બંનેને સમજાવવા ગઈ ત્યારે બંનેએ તેના પતિ મયુરને માર મરાયો હતો. ફરિયાદમાં આગળ બંસીબેને જણાવ્યું છે કે વિમલે ગઈ તા. ૨૩ મેના રોજ પણ તેની સાથે માથાકૂટ કરી હતી. તે વખતે ૧૮૧ બોલાવતા સમાધાન થઈ ગયું હતું. આમ છતાં વિમલ તેને ફોનમાં ઘણી વખત ધાકધમકી આપતો હતો. ગઈકાલે રાત્રે તેને કહ્યું હતું કે મારી સાથે ફ્રેન્ડશીપ હતી તે ભૂલી જજે, હવે અમારા બંનેના સંસાર વચ્ચે આવીશ તો તારા ટાંટિયા ભાંગી જાનથી મારી નાખીશ. સામા પક્ષે જીજ્ઞાશાબેન (ઉ.વ. 41)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગઈકાલે રાત્રે પતિ સાથે જતી હતી ત્યારે બંસીબેને તેને ગાળો ભાંડી હતી અને વાળ પકડી ઝપાઝપી કરી હતી.

# સુરતમાં 100 કરોડના કૌભાંડમાં EDના દરોડા, એજન્સીને નામે કરાતી ઠગાઈ

## USDT ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરી પાછી દુબઈ મોકલાતી હતી

**સુરત**

સુરતના ભાગાતળાવના મકબુલ ડોકટર સહિતના આરોપીઓને ત્યાં EDના દરોડા પડયા છે, રૂપિયા 100 કરોડના USDT કૌભાંડના કેસમાં EDના દરોડા પડયા છે, આ કેસનો મુખ્ય આરોપી મકબુલ ડોકટર જેઓ શહેરના ભાગળતળાવમાં રહે છે, EDની એક ટીમ સુરત ઉપરાંત અમદાવાદમાં પણ દરોડા પાડયા છે.

આરોપીઓ લોકોને મહિને રૂપિયા 10 થી 12 હજાર આપી તેમના સેવિંગ્સ-એકાઉન્ટ લઈ ઠગાઈ કરતા હતા. તથા પોલીસ અને તપાસ એજન્સીઓના નામે ડિજિટલ એરેસ્ટ, નકલી સમન્સ-કોલ કરી ઠગાઈ કરતા હતા. લોકોના બેંક એકાઉન્ટ ભાડે રાખીને મહિને ૧૦થી ૧૨ હજાર આપવાની લાલચ આપીને ૧૦૦ કરોડથી વધુનું સાઈબર ફ્રોડ કરવામાં આવ્યું હતું. તેમાં સંડોવાયેલા સામે એસઓજીએ કાર્યવાહી કરીને પાંચથી વધુ લોકોની ધરપકડ કરી હતી. તેમાં હવાલા અને આંગડિયા મારફતે નાણાં દેશ-વિદેશમાં મોકલવામાં આવ્યા હોવાનું બહાર આવતા ઈડીને પણ તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. તે આધારે ઈડીએ આજે મકબૂલ ડોક્ટર સહિતનાઓને ત્યાં તપાસ શરૂ કરાઈ છે.

આ પ્રકરણમાં મકબૂલ અબ્દુલ રહેમાન ડોક્ટર, કાસીફ મકબુલ ડોક્ટર, અબ્દુલ રહીમ નાડા, બસ્સામ મકબૂલ ડોક્ટર, મુતુર્ઝા ફારુક શેખ, મહેશ મફતલાલ દેસાઈ સહિતનાઓની ધરપકડ કરવામાં આવી હતી. SOGએ ૧૦૦ કરોડના બેનામી વ્યવહાર શોધી કાઢ્યા. આ કૌભાંડમાં SOGએ મકબૂલ અને તેના પુત્ર સહિત ૩ને પકડી પાડી ૧૦૦ હવાલા, ઓનલાઈન સાયબર ફ્રોડ, ચાઈનીઝ ગેમ અને ક્રિકેટના સટ્ટા સહિતની બેનંબરી કમાણીની કરોડોની રકમ દુબઈ હવાલા મારફતે સુરત આંગડિયામાં મોકલી તેને USDT ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરી પાછી દુબઈ મોકલવામાં આવતી હતી.

# પુણા કુંભારિયા પાસે ખાડીમાં ત્રણ યુવકો ત્રણાયા, બેનો બચાવ, એકની શોધખોળ

**સુરત**

સુરતમાં સોમવારથી સતત ધોધમાર વરસાદ ખાબકી રહ્યો છે. જેના લીધે સુરતની 'સૂરત' બદલાઈ ગઈ છે. સુરત 'સ્માર્ટ સિટી'ના બદલે લેક સિટી બની ગયું છે. સુરતના ખાડી વિસ્તારમાં અચાનક પ્રવાહ વધતા ત્રણ જેટલા યુવકો ત્રણાયા હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટના પુણા-કુંભારિયામાં બની હતી. ત્રણ યુવકો પૈકી બે યુવકોને ફાયર બ્રિગેડની ટીમ હેમખેમ બચાવી લીધા હતા. જોકે અર્જુન (ઉ.વ.18) નામનો યુવક હજુ સુધી ગુમ છે, ફાયર ટીમ યુવક શોધખોળ ચાલી રહી છે. સુરત શહેર છેલ્લા બે દિવસથી જળબંબાકાર થઈ ગયું છે. 24 કલાકમાં 13 ઈંચ વરસાદ ખાબકતાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. ત્યારબાદ આજે ફરી મેઘરાજાએ ધમાકેદાર બેટીંગ કરતાં ખાડી પૂરથી અનેક વિસ્તાર અસરગ્રસ્ત થયાં છે. સુરતના અનેક વિસ્તાર બેટ અને તળાવમાં ફેરવાઈ ગયા છે.

# નર્મદા સાયબર સેલના કોન્સ્ટેબલે કરોડો રૂપિયાનું સાયબર ફ્રોડ આચર્યું

## ભોપાળું બહાર આવતાં જ ડીએસપીએ સસ્પેન્ડ કરી દીધો

**નર્મદા**

નર્મદા સાયબર સેલનો પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ ચૌધરીએ કરોડો રૂપિયાનું સાયબર ફ્રોડ કર્યું હોવાનું સામે આવ્યું છે. આ મામલે નર્મદા જિલ્લા પોલીસ વડાને ફરિયાદ દાખલ કરવા માટે રાજપીપળા ટાઉન પીઆઈને સુચના આપી હતી. રાજપીપળા પોલીસ મથકમાં સાયબર સેલના પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ ચૌધરી સામે સાયબર ફ્રોડનો ગુનો દાખલ કર્યો છે. હાલ નર્મદા પોલીસે લક્ષ્મણ ચૌધરી સસ્પેન્ડ કરી દીધો છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, છેલ્લા એકાદ વર્ષથી રાજપીપળા પોલીસના સાયબર સેલમાં કામ કરતા પોલીસકર્મી લક્ષ્મણ ચૌધરી કોઈની પણ ફરિયાદ વગર જિલ્લાના અન્ય પોલીસ અધિકારીઓની જાણ બહાર સરકારી મેલ આઈડી પરથી જે પણ માલેતુજાર હોય એના બેન્ક ખાતા બંધ કરવા માટે જે તે બેન્કોને મેલ દ્વારા જાણ કરતો હતો. હવે પોલીસ વિભાગના સરકારી મેલ દ્વારા જાણ થતા જે તે બેન્કે ખાતા બંધ કરી દેતી હતી.

હવે જેના બેન્ક ખાતા બંધ થાય એ પોતાની ફરિયાદ નોંધાવા માટે રાજપીપળા સાયબર સેલમાં આવતા હતા. જે પણ આવી ફરિયાદ માટે સાયબર સેલમાં આવે તેની પાસેથી આ પોલીસકર્મી રૂપિયાની માંગણી કરતો હતો. આ બાબતની જાણ નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત શુંબેને થતા તેમણે તપાસ એ.એસ.પી લોકેશ યાદવને સોંપી હતી. છેલ્લા 3 મહિનાની તપાસ બાદ સાયબર સેલના પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ ચૌધરીએ સાયબર ફ્રોડ કર્યું હોવાનો રિપોર્ટ જિલ્લા પોલીસ વડાને કર્યો હતો. નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત શુંબેએ આ બાબતે રેન્જ આઈજી અને ડીજીપી તથા ગૃહ વિભાગને જાણ કરી હતી. ત્યાંથી આ પોલીસ કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો દાખલ કરવાની સૂચના મળતા લક્ષ્મણ ચૌધરી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.






સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ખાનગી યુનિ.ને પણ RTI કાયદો લાગુ પડે સરકારને આદેશ આપવા આયોગનો હુકમ

## માહિતી ન આપવા મુદ્દે કરેલી ફરિયાદના કેસમાં માહિતી આયોગ દ્વારા સુનાવણી

**અમદાવાદ**

ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા એક ખાનગી યુનિવર્સિટી સામે RTI (રાઈટ ટુ ઈન્ફોર્મેશન) હેઠળ માહિતી ન આપવાની ફરિયાદના કેસમાં મહત્ત્વનો હુકમ કરતા નોંધ્યુ છે કે, આરટીઆઈના કાયદા હેઠળ ખાનગી યુનિ.ઓ પણ આવે છે. એટલે કે ખાનગી યુનિ.ઓ પણ જાહેર સત્તામંડળમાં આવી શકે છે, જેથી આરટીઆઈ હેઠળ ખાનગી યુનિવર્સિટીઓએ પણ અરજદારને માહિતી આપવી પડે. આયોગે આ સાથે સરકારના વહિવટીતંત્રને પણ જરૂરી આદેશો આપવા ભલામણ કરી છે.

કેન્દ્ર સરકારનો રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ-2005નો કાયદો સરકારી સંસ્થાઓને તો લાગુ પડે જ છે, પરંતુ ખાનગી યુનિ.ઓ કે જેઓ સરકારના કાયદા દ્વારા રચાઈ હોય તેઓને પણ લાગુ પડે છે. આ મહત્ત્વનો હુકમ તાજેતરમાં ગુજરાત માહિતી આયોગ દ્વારા આપવામાં આવ્યો છે. તાજેતરમાં એક ખાનગી યુનિવર્સિટી સામે અરજદારે માહિતી ન આપવા મુદ્દે કરેલી ફરિયાદના કેસમાં માહિતી આયોગ દ્વારા સુનાવણી હાથ ધરવામા આવી હતી. જેમાં આયોગે હુકમ કર્યો હતો કે, રાજ્યના શિક્ષણ વિભાગના 2020ના હુકમથી ખાનગી યુનિવર્સિટીને સંબંધિત અન્ય પ્રથમ અપીલના ચુકાદા હેઠળ ખાનગી યુનિવર્સિટી પણ આરટીઆઈ એક્ટ હેઠળ જાહેર સત્તામંડળ છે.

# ચેમ્બરની ચૂંટણીમાં એસોસિયેશનના સભ્યને સમજાવી લેવાતા ચૂંટણી ટળી

## મેઘરાજ ડોડવાણીએ ઉમેદવારી પાછી ખેંચી લીધી પ્રશ્નોની અવગણના ન થાય તેની તકેદારી રખાશે

**અમદાવાદ**

ગુજરાત ચેમ્બરની વાર્ષિક ચૂંટણીમાં એક માત્ર બિઝનેસ એસોસિયેશનની કેટેગરીમાં બે સીટ પર ત્રણ ઉમેદવારો ચાલુ રહેતા ચૂંટણી થવાની સંભાવના નિર્માણ થયા પછી ગુજરાત ચેમ્બરના મોભીઓએ ત્રણેય એસોસિયેશનના વડા સાથે આજે બેઠક યોજીને રીલીફ રોડના ઈલેક્ટ્રોનિક્સના વેપારીઓના પ્રતિનિધિ મેઘરાજ ડોડવાણીને ખસી જવા સમજાવી લેતા ચેમ્બરની તમામ કેટગરીમાં તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ મડાગાંઠનો ઉકેલ લાવવા માચે ચેમ્બરના પૂર્વપ્રમુખ અજય પટેલે રીલીફ રોડ એસોસિયેશન, ટંકશાળ એસોસિયેશન, અને બેગ એસોસિયેશનના પ્રતિનિધિઓને ખાતરી આપી હતી કે નાના વેપારીઓની નાનામાં નાની સમસ્યાઓને ઉકેલવામાં ચેમ્બર તરફથી સંપૂર્ણ સહકાર આપવામાં આવશે. આ ખાતર મળ્યા બાદ મેઘરાજ ડોડવાણીએ ઉમેદવારી પાછી ખેંચવાન સહમતી દર્શાવી હતી.

# પાલનપુરના રતનપુર ગામે રામેશ્વર મંદિર પર વીજળી પડતાં પથ્થરો 200 ફૂટ ઊંચા ઉછળ્યા

## મંદિરની બાજુમાં શાળામાં થોડા સમય પહેલા જ બાળકો નીકળી જતાં કોઈ જાનહાનિ નહીં

**પાલનપુર**

પાલનપુરના રતનપુર ગામે રામેશ્વર મંદિર પર વીજળી પડતાં ભારે નુકસાન થયું છે. વીજળીના ભારે કડાકા ભડાકા સાથે મહાદેવના આ મંદિરે વીજળી પડી હતી. સદનસીબે શિવલિંગને કોઈ નુકસાન થયું નથી. જોકે, જલધારા તૂટી જતા શિવલિંગની આજુબાજુના પથ્થરો ૨૦૦ ફૂટ સુધી ઉડયા હતા. શિવલિંગને પાણી ચઢાવવા માટેની ડોલને પણ નુકસાન થયું છે. જોકે,



શિવલિંગ અખંડિત રહેતા ગામ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. મંદિરની બાજુમાં આવેલી શાળામાં થોડા સમય પહેલા જ બાળકો નીકળી ગયા હતા. વીજળી પડવાની ઘટના બાદ શાળાના બાળકો સુરક્ષિત છે. આ ઘટના બાદ ગામવાસીઓએ શિવજીનો આભાર માન્યો હતો. કારણ કે વીજળી પડવાને કારણે મોટી જાનહાની થઈ શકતી હતી. ઉલ્લેખનીય છે કે મંદિરમાં રહેલી નંદી, કાચબા અને અન્ય એક દેવીની મૂર્તિ પણ અખંડિત રહી છે. જ્યારે શિવલિંગની આસપાસની જલધારા આખી તૂટી ગઈ છે. તેના પથ્થરો ઉડીને છેક મંદિર બહાર પટાંગણમાં પડયા છે. લોકો આ ઘટનાને ચમત્કાર જ માની રહ્યા છે.

# વડોદરામાં નકલી દારૂ બનાવવાનો કારસો : મહિલા સહિત 3ની ધરપકડ

**વડોદરા**

વડોદરામાં નકલી દારૂ બનાવવાની તેમજ દારૂ માટેની બોટલો તૈયાર કરવાની બે મીની ફેક્ટરી શહેર પોલીસે ઝડપી પાડી એક મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે શહેરના મધ્યમાં અજબડી મિલ પાસે તેમજ લાલ અખાડા પાસે વારસિયામાં આવેલા બે ગોડાઉનમાં દારૂની ખાલી બોટલો લાવી તેની સાફ સફાઈ કર્યા બાદ તેના ઉપર નવા બ્રાન્ડેડ દારૂની કંપનીના સ્ટીકરો ચોંટાડી આ બોટલોનો જથ્થો બુટલેગરોને વેચવામાં આવે છે. તેવી માહિતીના આધારે શહેર પીસીબીએ બંને ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો. ગોડાઉનમાં જાણીતી વિદેશી બ્રાન્ડની દારૂની ખાલી બોટલો તેમજ બોટલો ઉપરના બુચ તેમજ સ્ટીકરો અને બે મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા. પોલીસે વારસિયા રિંગ રોડ પર આવેલ રુપલ સોસાયટીમાં રહેતા મનીષ ભગવાનદાસ મેઘવાણી અને હેમાબેન ભગવાનદાસ મેઘવાણી તેમજ ગોડાઉનમાં કામ કરતા ભોલા સંજય રાવલ (રહે-વુડાના મકાન, ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસે)ની ધરપકડ કરી તેઓની વધુ પૂછપરછ હાથ ધરાઈ છે.

# વટવા GIDCમાં સોફ્ટવેરમાં ચેડાં કરી એકાઉન્ટન્ટ દ્વારા 3 કરોડની ઉચાપત

**વટવા**

મણિનગર રહેતા ભાવેશભાઈ પરમાર વટવા જીઆઈડીસીમાં આવેલ ખાનગી કંપનીમાં ગ્રૂપ ફાઈનાન્સ હેડ તરીકે નોકરી કરે છે. કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે રાકેશ શાહ નોકરી કરતો હતો. જેનું કામ જીએસટી, ટીડીએસ રિર્ટન ફાઈલ કરવા તેમજ લોકોના પગાર કરવાની પેમેન્ટ ચૂકવવાનું તેમજ ડેટા ઈનપુટર તરીકે કામ કરતો હતો. તેમજ રાકેશને સોફ્ટવેરમાં પણ એન્ટ્રી, એડિટ, અમેન્ડ, ડીલીટ કરવાની સત્તા હતી. ત્યારે ગત 7 જૂને કંપનીના ડાયરેક્ટર પ્રેમલભાઈએ કંપનીના ઈઆરપી સોફ્ટવેર ચેક કરતા કેટલાક વેન્ડરની ડબલ એન્ટ્રી તથા તેમાં સુધારા વધારા થયેલ હોવાનું સામે આવ્યું હતું. જે બાદ ગત 9 જૂને રાકેશે નોકરી પર આવાનું બંધ કરી દીધું હતું. જેથી તેને ફોન કરતા બંધ આવતો હતો અને ઘરે તપાસ કરતા બંધ કરીને જતો રહ્યો હતો. બાદમાં બેન્ક એકાઉન્ટોની તપાસ કરતા ગત 1 એપ્રિલ 2023થી 31 મે 2025 સુધીમાં રાકેશે બેન્ક એકાઉન્ટ નંબરો બદલીને તથા કંપનીના સોફ્ટવેરમાં ચેડા કરીને કુલ રૂ. 3.03 કરોડની ઉચાપત કરી હતી. જેમાં તેની પત્ની અને સંબંધીઓના એકાઉન્ટોમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ અંગે ભાવેશભાઈએ રાકેશ શાહ સામે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના બાદ મેસમાં વિદ્યાર્થીઓ એકત્ર થયા, પૂજાપાઠ કરાયા

## લંડન જતી ફ્લાઈટ ક્રેશ થઈ બિલ્ડીંગમાં ઘુસી જતાં અનેક વિદ્યાર્થીઓના મોત થયા હતા

**અમદાવાદ**

શહેરમાં એર ઈન્ડિયાની એઆઈ-171 નંબરની ફ્લાઈટ લંડન જતી વખતે બી જે મેડિકલ કોલેજ હોસ્ટેલમાં તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં મેડિકલના ચાર વિદ્યાર્થીઓના મોત થયા હતા અને 24 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાના 12 દિવસ બાદ બી જે મેડિકલ કોલેજના ઈન્ટર્ન ડોક્ટરો એકત્ર થયા હતા અને નવી પ્રીમાઈસીસમાં મેસની શરૂઆત માટે પૂજા પાઠ કર્યા હતા.



વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે, દુર્ઘટનાના 12 દિવસ બાદ અમે ફરી એકત્ર થયા છીએ. તમામ પ્રતિકૂળતાઓનો સામનો કરીને અથાક કામ કર્યું અને વ્યક્તિગત નુકસાન સહન કરવાનો પડકાર ઝીલ્યો અને તેમ છતાં વિમાન દુર્ઘટનામાં સેંકડો મૃત્યુ પામેલા અને ઘાયલો માટે ફરજ પર હાજર રહ્યા છીએ. અમારી સામે ઘણા પડકારો છે. આવા સંજોગોમાં આ નવી મેસ અમારા માટે નવી આશાનો સંચાર છે. વિદ્યાર્થીઓ દ્વારા સોપાનમ 7-8 અને અતુલ્યમ 11-12માં પૂજા કરવામાં આવી હતી. મૃતકોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી અને નવી શરૂઆત માટે આશીર્વાદ માંગ્યા હતા.

# વડોદરમાં ડુપ્લીકેટ નોટોનું ચલણ, બેંકોમાંથી 1067 નોટો મળી, સૌથી વધુ 500ની નોટ

**વડોદરા**

વડોદરાના બજારોમાં ડુપ્લીકેટ નોટોનું ચલણ જોવા મળી રહ્યું છે. જેના ભાગરૂપે જુદી જુદી બેંકોના ભરણામાં મળી આવેલી જાલી નોટો પરથી ખ્યાલ આવે છે. વડોદરાની રાષ્ટ્રીયકૃત તેમજ ખાનગી બેંકોમાં 25-1-2024 થી 6-6-2025 દરમિયાન ભરણામાં જુદા જુદા દરની કુલ રૂ.4.07 લાખની 1067 નોટો મળી આવતાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાલી નોટો સૌથી વધારે 500ના દરની 749 નોટો છે. જેની કિંમત 3,74,500 થાય છે. ત્યારબાદ 2000ની 6 નોટ, 200 ના દરની 101 નોટ, 50 નો દરની 19 અને 20નાદર ની 2 નોટ સામેલ છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે આ ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બોરસદમાં પુનઃવસનની માંગ સાથે રહીશોનો પાલિકા કચેરીનો ઘેરાવો

## કંતાનનગરમાં 300 કાચા- પાકા મકાનો દૂર કરાયા હતા

**આણંદ**

બોરસદ પાલિકામાં પખવાડિયા પહેલા કંતાનનગરમાં ૩૦૦થી વધુ કાચા- પાકા મકાનો પર બુલડોઝર ફેરવી દબાણોનો સફાયો કરાયો હતો. ત્યારે ઘરવિહોણા બનેલા કંતાનનગરના રહીશોએ બોરસદ નગરપાલિકા કચેરીએ આંદોલનની શરૂઆત કરી છે. આજે ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી જ્યાં સુધી પુનઃવસનની કે વૈકલ્પિક વ્યવસ્થા નહીં કરાય ત્યાં સુધી પાલિકા બિલ્ડિંગમાંથી નહીં ખસવાની ચિમકી ઉચ્ચારી છે. બોરસદ નગરપાલિકામાં તા. ૯મી જૂને કંતાન નગર વિસ્તારમાં ૪૦ વર્ષથી રહેતા પરિવારોના મકાનો પર તંત્રએ બુલડોઝર ફેરવી દીધું હતું. જેના વિરોધમાં રહીશોએ આજે પાલિકા કચેરીએ જઈ સૂત્રોચ્ચાર કરી આંદોલનની શરૂઆત કરી હતી. સ્થાનિકોએ ચીફ ઓફિસરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, કંતાનનગરના રહીશોને મકાનના બદલે મકાન આપી પુનઃવસન કરાય, જ્યાં સુધી પુનઃવસનની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા કરાય, નોટિસો પાછી ખેંચવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

# રોગચાળો કાબુમાં રાખવા મચ્છરના ઉત્પત્તિ સ્થાન શોધવા AIનો ઉપયોગ કરાશે

**અમદાવાદ**

ચોમાસાના પ્રારંભ સાથે જ મચ્છરજન્ય બીમારીઓમાં વધારો થવાની દહેશત છે. મચ્છરના ઉત્પત્તિ સ્થાન શોધવા માટે હવે AI આધારિત ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વર્ષ 2030 સુધી અમદાવાદ જિલ્લાના તમામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા તમામ વિસ્તારોને મેલેરિયામુક્ત રાખવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. મેલેરિયા સહિતના મચ્છરજન્ય રોગ પર અંકુશ મેળવવા માટે આધારિત ડ્રોન ટેકનોલોજીની મદદથી મચ્છર ઉત્પત્તિસ્થાનો શોધવા અને લાર્વીસાઈડ છંટકાવ બાબતની કામગીરીનો પ્રોજેક્ટ અમદાવાદ જિલ્લામાં પ્રારંભ કરવામાં આવ્યો છે.



## દુનિયાદારી ફિલ્મ સાથે છ વર્ષ પછી ગોવિંદા કમબેક કરશે

મુંબઇ : ગોવિંદાએ પોતાની ફિલ્મ ‘દુનિયાદારી’ની જાહેરાત કરી છે. આ ફિલ્મ દ્વારા છ વર્ષ પછી તે ફરી બિગ સ્ક્રીન પર કમબેક કરી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ગોવિંદાની અંગત જિંદગી વિશે તેની પત્ની સુનિતા દ્વારા અપાઈ રહેલા વિવાદાસ્પદ ઈન્ટરવ્યૂ આ કમબેક પહેલાં ગોવિંદાનું નામ ચર્ચામાં આવે તે માટેના જ પ્રયાસોના ભાગ રુપે હોવાની અટકળો વ્યક્ત થઈ રહી છે. થોડા સમય પહેલાં તેના પારિવારિક ઝઘડા ઉપરાંત જાતે ગોળી છૂટી જતાં ઈજાને કારણે તેનું નામ સમાચારોમાં આવ્યું હતું.

સ્વદેશ



FRIDAY, 27 JUNE, 2025

## ઐશ્વર્યાથી પ્રેરણા લઈ ટીવી અભિનેત્રી રિદ્ધીમા પંડિત આંખો દાન કરશે



ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી રિધિમા પંડિતે 25મી જૂને પોતાનો 35મો જન્મદિવસ સેલિબ્રેટ કર્યો હતો, તેમણે આ જન્મદિવસને સ્પેશિયલ બનાવવા કંઈક ખાસ કામ કર્યું હતું. રિધિમા પંડિતે આંખોનું દાન કરવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, ‘આ નિર્ણય સમયથી પ્રભાવિત નથી, પરંતુ જન્મદિવસ સાથે લાંબા સમયથી ચાલતા સપનાથી પ્રભાવિત હતો.’ ઐશ્વર્યા રાય બચ્ચન વીશે રિધિમા પંડિતે કહ્યું કે, ‘ઘણાં વર્ષો પહેલા જ્યારે તેણીએ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન દ્વારા આંખોનું દાન કરવાની સંકલ્પ વિશે વાંચ્યું ત્યારે તેમનાથી પ્રેરણા મળી હતી. નાનપણમાં, મને યાદ છે કે હું તેમનાથી પ્રેરિત થઈ હતી. મેં પણ આંખોનું દાન કરવાનો સંકલ્પ કર્યો.’

## શોલેનાં 50 વર્ષ : ઓરિજનલ ક્લાઈમેક્સ સાથે રી રીલિઝ કરાશે




મુંબઈ : અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, હેમા માલિની, જયા બચ્ચન અને સંજીવ કુમારની ફિલ્મ ‘શોલે’ને ૫૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. આગામી ૨૭મી જૂને આ ફિલ્મને ઈટલીમાં એક ફિલ્મ ફેસ્ટિવલમાં ફરી રજૂ કરાશે. બાદમાં ભારતમાં પણ તેને રી રીલિઝ કરાશે. જોકે, નવાં વર્ઝનમાં ‘શોલે’નો ઓરિજિનલ ક્લાઈમેક્સ સામેલ કરાશે. રમેશ સિપ્પીએ મૂળ શૂટ કરેલા અંત પ્રમાણે ઠાકુર ગબ્બર સિંહને મારી નાખે છે. જોકે, તે સમયે સેન્સર બોર્ડે આ અંત બદલવા સૂચવ્યું હતું. આથી, છેવટે ઠાકુર નાછૂટકે ગબ્બરને પોલીસને સોંપી દે છે તેવા અંત સાથે ફિલ્મ રજૂ કરાઈ હતી.

# મીના કુમારીની ભૂમિકા માટે કિયારા અડવાણીને ઓફર



મુંબઈ : સ્વ. અભિનેત્રી મીના કુમારીની બાયોપિક માટે કિયારા અડવાણીને ઓફર કરાઈ હોવાનું કહેવાય છે. કિયારાને આ ફિલ્મની સ્ક્રિપ્ટ મોકલી દેવાઈ છે અને તેને આ સ્ક્રિપ્ટ પસંદ પણ પડી હોવાનું કહેવાય છે. જોકે, હજુ સુધી તેણે આખરી સંમતિ આપી નથી. કિયારા હાલ પ્રેગનન્ટ છે અને તેના કારણે ‘ડોન થ્રી’ સહિતના પ્રોજેક્ટસ જતા કર્યા છે. આ ફિલ્મ તે સ્વીકારશે તો પણ તેની ડિલિવરી પછી જ શૂટિંગ શરુ થશે. સિદ્ધાર્થ પી. મલ્હોત્રા અન અમરોહી પરિવાર સાથે મળીને આ બાયોપિક બનાવી રહ્યાં છે. મીનાકુમારીની બાયોપિકની ઘોષણા પછી ઘણી અભિનેત્રીઓ આ રોલ ભજવવા માટે સ્પર્ધામાં હતી.

## રાજકુમાર રાવે સૌરવ ગાંગુલીની બાયોપિક કન્ફર્મ કરી

મુંબઈ : રાજકુમાર રાવે પોતે સૌરવ ગાંગુલીની બાયોપિક કરી રહ્યો હોવાનું કન્ફર્મ કર્યું છે. એક ઈન્ટરવ્યૂમાં તેણે સ્વીકાર્યું હતું કે પોતે આ બાયોપિક માટે તૈયારી શરુ કરી દીધી છે. રાજકુમાર રાવ બાયોપિક જોનરમાં ટાઈપકાસ્ટ થઈ ગયો છે. સૌરવ ગાંગુલીની જીવનકથા તેની સાતમી બાયોપિક હશે. આ પહેલાં તે બોસ, શ્રીકાન્ત, અલીગઢ, ઓમેર્તા અને ચિટ્ટગોંગ સહિતના બાયોપિક પ્રોજેક્ટ કરી ચૂક્યો છે. હજુ ઉજ્જ્વલ નિકમની બાયોપિક માટે પણ તેનું નામ ચર્ચાય છે. જોકે, રાજકુમાર રાવના દાવા અનુસાર પોતે આ બાબતે હજુ આખરી નિર્ણય કર્યો નથી. રાજકુમાર રાવ આ બાયોપિક એવા સમયે કરી રહ્યો છે જ્યારે મોટાભાગની સ્પોર્ટસ આધારિત ફિલ્મો નિષ્ફળ જઈ રહી છે.




# તમન્ના બાદ વિજય વર્માનું ફાતિમા સના શેખ સાથે ડેટિંગ



મુંબઈ : તમન્ના ભાટિયા સાથે બ્રેક અપ બાદ વિજય વર્મા હવે ફાતિમા સના શેખ સાથે ડેટિંગ કરી રહ્યો હોવાની અફવા ઉડી છે. જોકે, આ અફવા ફાતિમા સના શેખની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનો’નાં પ્રચાર માટે ઉડાડવામાં આવી છે કે શું તેવી પણ ચર્ચા છે.

બોલીવૂડમાં કોઈ કલાકારની નવી ફિલ્મ આવવાની હોય તે પહેલાં તેના પ્રેમ સંબંધ કે અન્ય બાબતોએ અફવા ઉડાડવી બહુ કોમન છે.

મોટાભાગે જે તે કલાકારોની પીઆર એજન્સીઓ જ આવી અફવાઓ શરુ કરતી હોય છે જેથી એ બહાને સંબંધિત કલાકારનું નામ ચર્ચાયા કરે. વિજય વર્મા તથા તમન્ના ભાટિયા વચ્ચે બ્રેક અપનું મુખ્ય કારણ એ હતું કે તમન્ના લગ્ન કરવા માગતી હતી જ્યારે વિજય વર્મા કેરિયર પર ફોક્સ કરવા માગતો હતો. બંને લગ્ન કરી લેશે તેવું લગભગ નક્કી મનાતું હતું ત્યાં તેમના બ્રેક અપના સમાચારોથી ચાહકો બહુ નિરાશ થયા હતા.

એક કેફે બહાર વિજય અને તમન્ના એકબીજાને કિસ તથા હગ કરી રહ્યા છે તેવો વિડીયો બહાર આવ્યો છે. જોકે, આ વિડીયો ક્યારનો છે તેની કોઈ સ્પષ્ટતા કરાઈ નથી.

# ભારતમાં રિલીઝ નહીં થાય દિલજીતની ફિલ્મ, પાકિસ્તાની અભિનેત્રીના કારણે ભારે ટ્રોલિંગ બાદ નિર્ણય

દિલજીત દોસાંઝ અને નીરુ બાજવા સ્ટારર હોરર- કોમેડી ફિલ્મ ‘સરદાર જી 3’નું ટ્રેલર રિલીઝ થયું છે. ટ્રેલરમાં પાકિસ્તાની એક્ટ્રસ હાનિયા આમિર પણ જોવા મળતા સોશિયલ મીડિયામાં દિલજીતને યુઝર્સ ટ્રોલ કરી રહ્યા છે. જણાવી દઈએ કે પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો. ત્યાર પછી પાકિસ્તાની કલાકારોને ભારત આવવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. ‘સરદારજી 3’માં પાકિસ્તાની એક્ટ્રસ હાનિયા જોવા મળતા વિવાદ વધ્યો છે. ફિલ્મના મેકર્સે સ્પષ્ટ કર્યું છે કે ફિલ્મ ભારતમાં રિલીઝ થશે નહીં. ફિલ્મ ‘સરદાર જી 3’ના કો-પ્રોડ્યુસર ગુનબીર સિંહ સિદ્ધુએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, ‘અમારી ફિલ્મ ભારત-પાકિસ્તાન તણાવથી ઘણાં પહેલાં શૂટ થઈ ચૂકી હતી. પણ અમે હાલની સ્થિતિને અને ભારતીય લોકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને ભારતમાં ફિલ્મ રિલીઝ નહીં કરીએ. આ ફિલ્મ ઓવરસીઝ રિલીઝ થશે પણ અમે ભારતમાં રિલીઝ માટે યોગ્ય સમયની રાહ જોઈશું.’



**દિલજીતની નાગરિકતા જ રદ કરો: FWICE** ફેડરેશન ઓફ વેસ્ટર્ન સિને એમ્પલોઇઝ (FWICE)એ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ એક લેટર લખવામાં આવ્યો કે સિંગરનો પાસપોર્ટ સીઝ કરી હંમેશા માટે ભારતીય નાગરિકતા રદ કરી દેવામાં આવે.

### ‘કેટલાક આર્ટિસ્ટ પોતાનું જમીર વેચી ચૂક્યા છે’, બી પ્રાક

કેટલાક યૂઝર્સે સિંગર પર નિશાન તાક્યું છે. ‘સરદાર જી 3’ ના મેકર્સ વિરુદ્ધ સખત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. તો કેટલાકે દિલજીતને દેશદ્રોહી કહ્યો. આ દરમિયાન સિંગર બી પ્રાકની પ્રતિક્રિયા પણ સામે આવી છે. પરંતુ તેની પોસ્ટમાં દિલજીતનું નામ તો નથી લીધુ, પરંતુ સ્પષ્ટ થાય છે કે, તેમનું નિશાન કોની તરફ છે.

### દેશમાં યુદ્ધની સ્થિતિ, પરંતુ મ્યુઝિક જોડવાનું કામ કરે છે : દિલજીત

દિલજીતે એક યુ-ટ્યુબ ચેનલના પોડકાસ્ટમાં કહ્યું હતું કે ‘બે દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે અને આ બાબતો પર આપણો કોઈ કંટ્રોલ નથી. પણ મને લાગે છે કે મ્યુઝિક એક એવી વસ્તુ છે જે દેશોને જોડી રાખે છે. હું મારી જાતને સુખી માનું છું કે હું એવા કામનો ભાગ છું જે દેશો વચ્ચે પ્રેમ ફેલાવે છે.’



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### પ્રતિષ્ઠાભરી પેટાચૂંટણીમાં ભાજપના પ્રયાસો હવાતિયા જેવા સાબિત થયા

# વિસાવદરનો જંગ : ગુંડાગીરી-ભ્રષ્ટાચારી નીતિને જાકારો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગુજરાતમાં કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આવી ગયાં. જેમાં કડીમાં ભાજપ અને વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારનો વિજય થયો છે. 2022ની ચૂંટણીમાં કડી વિધાનસભા બેઠક ભાજપના કરશન સોલંકીએ જીતી હતી, પણ સોલંકીનું નિધન થતાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાની 39,452 મતે જીત થતાં આ બેઠક ભાજપે જાળવી છે.

જ્યારે 2022માં વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણીનો વિજય થયો હતો. પરંતુ ભૂપેન્દ્ર ભાયાણી પક્ષપલટો કરીને ભાજપમાં જતા રહેતાં ખાલી પડેલી આ બેઠક પર આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને ઊભા રાખ્યા હતા. ગોપાલ ઈટાલિયાએ ભાજપના કિરીટ પટેલને 17,554 મતે હરાવીને જીત મેળવી છે. આમ વિસાવદર બેઠક આમ આદમી પાર્ટીએ જાળવી છે. આમ આદમી પાર્ટી માટે આ પરિણામો આત્મવિશ્વાસ વધારનારાં છે, ગુજરાતમાં આપની રાજકીય હાજરી હજુ છે એ આ પરિણામોએ સાબિત કર્યું છે.

આ સાથે જ બંને બેઠકોની પેટાચૂંટણીએ ફરી સાબિત કર્યું છે કે, કૉંગ્રેસ ગુજરાતમાં મરણપથારીએ પડેલી છે. કડીમાં કૉંગ્રેસના ઉમેદવારની લગભગ 40 હજાર મતે હાર થઈ જ્યારે વિસાવદરમાં તો કૉંગ્રેસના ઉમેદવારને માંડ 5500ની આસપાસ મતો મળ્યા છે. ભાજપ અને આપ બંનેએ પોતપોતાની બેઠકો જાળવતાં ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. આમ છતાં ભાજપ માટે વિસાવદરનું પરિણામ નિરાશાજનક રહ્યું છે. કારણ કે, ભાજપે વિસાવદરની ચૂંટણીને પ્રતિષ્ઠાનો જંગ બનાવી દીધી હતી. આ બેઠક જીતવા ભાજપે પૂરી તાકાત લગાવી દીધી હતી. ભાજપ 2017માં આ બેઠક પર ચૂંટણી જીતનારા કૉંગ્રેસના હર્ષદ રીબડિયા અને 2022માં જીતનારા આમ આદમી પાર્ટીના ભૂપેન્દ્ર ભાયાણી એમ બબ્બે ધુરંધરોને પાર્ટીમાં સામેલ કરી દીધા હતા.

એટલુ જ નહીં, ભાજપે પોતાનું આખું તંત્ર ઈટાલિયાને હરાવવા કામે લગાડી દીધું હતુ. ખુદ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ તથા સરકારના મંત્રીઓના ધાડેધાડા મત વિસ્તારમાં ફરતા હતા. છતાં તમામનો પનો ટુંકો પડ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તો આ વિસ્તારમાં પ્રચાર સભા યોજી કરોડોના વિકાસ કામોની ભેટ પણ આપી પરંતુ મતદારો તેમાં ફસાયા નહીં.



આ પહેલાં 2022ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ બ્રેક 156 બેઠકો જીતી હતી. પણ જે બેઠકો ભાજપ જીતી નહોતો શક્યો તેમાં એક વિસાવદરની પણ હતી. પહેલી જ વાર ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ 5 બેઠકો જીતીને ખાતું ખોલાવ્યું તેમાં એક બેઠક વિસાવદરની પણ હતી. ભાજપે એ પછી કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંનેમાં તોડફોડ કરીને રાજીનામાં અપાવવા મથામણ કરી તેમાં આમ આદમી પાર્ટીના બીજા ધારાસભ્યો અડીખમ રહ્યા પણ ભૂપેન્દ્ર ભાયાણી ફસકી ગયા હતા.

તેઓ આપ છોડીને ભાજપના શરણે ગયા તેનું કારણ સુરતનો સેક્સકાંડ મનાતો હતો. જોકે, ભાયાણીએ વાયરલ થયેલા વીડિયો અંગે એવી ચોખવટ કરેલી કે, આ વીડિયો મોર્ફ કરેલો અને ખોટો છે. આ રાજકીય ષડયંત્ર છે. હવે ભાયાણીની વાત સાચી હતી કે સોશિયલ મીડિયા પર વહેતી થયેલી વાતો સાચી હતી એ કહેવું મુશ્કેલ છે. પણ વીડિયો વાયરલ થયાના થોડા મહિનામાં ભાયાણીએ ધારાસભ્યપદેથી રાજીનામું ધરી આપ્યું હતુ. અને ભાજપમાં જોડાઈ ગયેલા. તેના કારણે સૌને એવું જ લાગ્યું કે, સેક્સકાંડથી બચવા માટે ભાયાણી ભાજપની પંગતમાં બેસી ગયા છે. ભાજપે પેટાચૂંટણીમાં ભાયાણીને ટિકિટ ના આપી, ત્યારે જ સ્પષ્ટ થઈ ગયું કે, ભાજપ કોઈ ચાન્સ લેવા માગતો નથી. ભાજપે કિરીટ પટેલ જેવા ઓછા જાણીતા ચહેરાને ટિકિટ આપીને છાપેલાં કાટલાં સામેનો રોષ મતદાન વખતે ના દેખાય એવી ગણતરી માંડી હતી. છેલ્લાં 18 વર્ષથી ભાજપ આ બેઠક જીત્યો નથી. છેલ્લે 2007માં ભાજપની ટિકિટ પર કનુભાઈ ભલાળા વિસાવદરથી ચૂંટાઈ આવ્યા પછી સતત વિપક્ષી ઉમેદવાર જ જીતે છે. 2012ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક કેશુભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા. 2014ની લોકસભા ચૂંટણી પહેલાં કેશુભાઈએ તેમનો પક્ષ ભાજપમાં ભેળવી દીધો હતો, તેથી યોજાયેલી પેટાચૂંટણીમાં કૉંગ્રેસના હર્ષદ રીબડિયા ચૂંટાઈ આવ્યા હતા. રીબડિયા 2017ની ચૂંટણીમાં પાછા જીત્યા હતા. પણ 2022માં ભાજપમાંથી લડ્યા ત્યારે હારી ગયેલા.

વિસાવદરમાં ભલે આમ આદમી પાર્ટી જીતી પણ આ જીત ગોપાલ ઈટાલિયાની વધારે છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થઈ એ પહેલાં જ આમ આદમી પાર્ટીએ ઈટાલિયાને ઉમેદવાર જાહેર કરી દીધા હતા. જે પછી ઈટાલિયા તાત્કાલિક પ્રચારમાં જોતરાઈ ગયા હતા. બીજી બાજુ ભાજપને ઉમેદવાર નક્કી કરવામાં લાંબો સમય વીતી ગયો હતો. ભાજપે કિરીટ પટેલના નામના મુરતિયાની જાહેરાત કરી ત્યાં સુધીમાં તો ઈટાલિયા વિસાવદરના ગામેગામ ફરી વળ્યા હતા. વળી, ભાજપે કિરીટ પટેલને ઉમેદવાર જાહેર કર્યા પછી ગોપાલ ઈટાલિયાએ કિરીટ પટેલના સહકારી ક્ષેત્રમાં કહેવાતા ભ્રષ્ટાચારના મુદ્દાને ચગાવ્યા. કિરીટ પટેલ આહિર જ્ઞાતિનાં લોકોને પરેશાન કરતા હોવાના મુદ્દાને પણ તેમણે લોકો સમક્ષ સતત ચર્ચામાં રાખ્યો.

એટલું જ નહીં, ઈટાલિયાએ જબરદસ્ત પ્રચાર તંત્ર ગોઠવીને દારૂ પકડવા સહિતના દાવ પણ અજમાવ્યા અને એ બધું તેમને ફળ્યું છે. બીજી બાજુ ભાજપે કિરીટ પટેલને જીતાડવાની જવાબદારી જયેશ રાદડીયાને સોંપી હતી. રાદડીયાએ બેઠક જીતવા જોર લગાવ્યુ, ખેડૂતોને વચનો આપ્યા, પણ તેની વાતો કોઈએ માની નહીં. વળી, રાદડીયાને જવાબદારી સોંપવા પાછળ પણ ભાજપની જ મેલી રમત હોવાનું પણ કહેવાય છે. 6 માસ પહેલાં ઈફકોના ડિરેકટરની યોજાયેલી ચૂંટણીમાં રાદડીયાએ ભાજપના મેન્ડેટ ધરાવતા ઉમેદવાર સામે ઉમેદવાર ઉભા રાખ્યા અને તેને જીતાડ્યા હતા. બસ આ જ વાતે મોવડી મંડળ તેનાથી નારાજ હતુ એટલે તેને કે તેના કોઈ માનીતાને ટિકીટ અપાઈ ન હતી. આમ ભાજપ મોવડી મંડળે કિરીટને ટિકીટ આપીને જયેશને પણ ભેરવી દીધો.

એટલું જ નહીં, કિરીટ સામે મુખ્યત્વે સહકારી મંડળી અને બેંકની ભરતીનાં કથિત કૌભાંડ, જૂનાગઢમા સરકારી જગ્યાને માલિકીની બતાવી હાઈરાઈઝ કોમર્શીયલ બિલ્ડિંગ ખડકવું, ગુંડાઓને પ્રોત્સાહન, કોંગ્રેસ સાથે પાછલા બારણે સેટિંગના આક્ષેપો હતા. ઉપરાંત સહકારી મંડળીમાં ખેડૂતોને ધિરાણ આપવામાં કરોડોના કૌભાંડ આચરી ખેડૂતોને દેવાદાર બનાવી દીધાનો આરોપ, ખેડૂતોએ મંડળીના કૌભાંડના કારણે આત્મહત્યા કરવાનો મુદ્દો, જૂનાગઢમાં સરકારી વોકળો અને ખરાબાને માલિકીનો દર્શાવી ગેરકાયદેસર મંજુરી મેળવી કોમર્શીયલ બિલ્ડીંગ બનાવાયું હોવાના ગંભીર આરોપ ઈટાલીયાએ લગાવ્યા હતા. સૌથી મહત્વનું સ્ટીંગ ઓપરેશન થયું હતું. જેમાં ભાજપ-કોંગ્રેસની શંકાસ્પદ સાંઠગાંઠ ખુલ્લી પડી હતી.

બીજી એવી વાત છે કે, કિરીટ પટેલે સંગઠનના અનેક હોદ્દેદારોને ગણકાર્યા ન હતા. જે લોકોએ ભાજપમાંથી ટીકિટ માંગી હતી તેવાને સાઈડલાઈન કરી દેવામાં આવ્યા હતા. ભાજપ માટે આવા અનેક કારણો હાર માટે જવાબદાર છે. ઈટાલિયા ધારાસભ્ય બનતાં વિધાનસભામાં થોડીક રંગત જામશે. કેમ કે તેઓ એક આક્રમક નેતા છે. કોન્સ્ટેબલની નોકરી છોડીને રાજકારણમાં આવેલા ગોપાલ ઈટાલિયા વિદ્યાર્થીઓ, ખેડૂતો વગેરેના પ્રશ્ને સતત બોલતા રહે છે. વાસ્તવમાં ગુજરાતમાં અત્યારે વિપક્ષમાંથી ડેડિયાપાડાના ચૈતર વસાવા અને કૉંગ્રેસના જીજ્ઞેશ મેવાણી એ બે જ લડાયક ધારાસભ્ય છે. વિપક્ષના બાકીના નેતા ભાજપની બી ટીમ જેવા છે. હવે ઈટાલિયા ધારાસભ્ય બનતાં વિધાનસભામાં સરકાર સામે અવાજ ઉઠાવનારા ત્રીજા સભ્ય દેખાશે.

**સીએમ, પ્રદેશ પ્રમુખથી માંડીને મંત્રીઓની ફોજ કામે લગાડી છતાં કિરીટ પટેલના ભ્રષ્ટાચાર અને ગેરવહિવટની છબીને ભાજપ સુધારી ન શક્યો, ભાજપનો આંતરકલહ અને સ્થાનિક હોદ્દેદારોને સાઈડલાઈન કરવાની નીતિએ ઈટાલિયાને વિજયમાળા પહેરાવી દીધી**

મેઘછાયું વાતાવરણ અને ઠંડા પવન વચ્ચે સભ્યોના દિલોમાં ઉમંગ અને ઉલ્લાસ છલકાયો

# બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયો દ્વારા પિકનીક એકતામાં શક્તિના મંત્ર સાથે નવા સંકલ્પો કરાયા

» રમતગમત તથા મનોરંજન કાર્યક્રમ બાદ પ્રીતિભોજનમાં સ્વાદિષ્ટ વાનગીઓ પીરસાઇ

» અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મોતને ભેટનારને મૌન પાળી શ્રદ્ધાંજલી અપાઇ













**સ્કારબરો**

બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોએ ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ મોર્નિંગસાઈડ પાર્ક, સ્કારબરો ખાતે પિકનિકનું આયોજન કર્યું હતુ. આ પિકનિક માત્ર મજા-મસ્તીનો કાર્યક્રમ નહોતો, પણ બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોની એકતા અને સંસ્કૃતિનો જીવંત પ્રતિક હતો. મેઘછાયું વાતાવરણ અને ઠંડા પવન વચ્ચે સભ્યોના દિલોમાં ઉમંગ અને ઉલ્લાસ છલકાતો હતો. બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોની પ્રમુખ બિંદુ પુરોહિતના સુચારુ નેતૃત્વ હેઠળ સુંદર આયોજન થયું હતુ. તેમણે સૌનું આત્મિય સ્વાગત કરીને સ્વાદિષ્ટ મેથી ગોઠા, ચા અને કોફીની વ્યવસ્થા કરી હતી.

બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોના ઉપપ્રમુખ વ્રજેશ ભટ્ટે રમતોનું આયોજન કર્યું હતુ. બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોના સચિવ હરિકિશન ઠાકરએ સાઉન્ડ અને ટેકનિકલ વ્યવસ્થા નિભાવવાની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી હતી. ખજાનચી ભુપેન્દ્ર રાવલે હિસાબ-કિતાબ અને સભ્ય નોંધણી પર ધ્યાન આપ્યું હતુ. ફાલ્ગુની જોશી, સોનલ ભટ્ટ, હેતલ ઠાકર, તૃપ્તિ વ્યાસ અને વૃંદા ઉપાધ્યાય સહિત સમિતિ સભ્યોએ રમતો, મનોરંજન અને યુવાનોને જોડતા કાર્યક્રમોનું આયોજન કર્યું હતુ. પરેશ લહરુએ સંચાલન અને જાહેરાતો દ્વારા સમગ્ર કાર્યક્રમને જીવંત બનાવી દીધો હતો. ભાવિક વ્યાસે રસોઈ વિભાગ અને વ્યવસ્થામાં સતત મદદ કરી હતી. ટ્રસ્ટીઓ કુંતલ પાઠક, તપન દવે અને મનોજ દવેની હાજરીએ સૌને ગૌરવનો અનુભવ કરાવ્યો હતા. ભોજનમાં શ્રીહરી (માર્કહામ કેટરિંગ સર્વિસ) દ્વારા સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવી હતી.

મીઠા બટરસ્કોચ આઈસ્ક્રીમ બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોની તરફથી સર્વ કરવામાં આવ્યું હતુ. અંતે, અમદાવાદ વિમાન દુર્ઘટનાના પીડિતો માટે ત્રણ ગાયત્રી મંત્રો અને બે મિનિટ મૌન સાથે શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ પિકનિક બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોના પરસ્પર પ્રેમ, સહકાર અને એકતાનું ઉત્તમ ઉદાહરણ સાબિત થઈ હતી. બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોના તમામ સ્વયંસેવકોના ઉત્તમ કાર્ય બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. "એકતામાં શક્તિ છે" – આ મંત્ર સાથે બ્રાહ્મણ સમાજ ઑફ ઓન્ટેરિયોના સર્વ સભ્યોએ ભવિષ્ય માટે નવો સંકલ્પ કર્યો હતો.

## સ્કારબરો બ્રહ્મા કુમારી સેન્ટર ખાતે "ફાધર્સ ડે" ઉજવાયો

બહેનોએ ગીતો, નૃત્ય તથા ગરબા રજૂ કર્યા બાદ પિતા અને ભાઇઓને સ્વાદિષ્ટ ભોજન પીરસ્યું







**સ્કારબરો**

બ્રહ્મા કુમારી, સ્કારબરો સેન્ટર ખાતે, ગુરુવાર, ૧૯ જૂન, ૨૦૨૫ના રોજ ફાધર્સ ડેની ઉજવણી કરાઈ હતી. આ તકે ચિત્ર પ્રદર્શનમાં ૩૦ ભાઈઓ અને ૭૦ બહેનોએ નૃત્ય, ગીતોની રજૂઆત કરી ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. જે બાદ ભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. "ફાધર્સ ડે" એ પિતા અને પિતાના વ્યક્તિત્વની ઉજવણી અને સન્માન કરવાનો દિવસ છે, જે પરિવાર અને સમાજમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવે છે. આ દિવસ તેમના પ્રેમ, માર્ગદર્શન, બલિદાન અને તેમના બાળકોના જીવનમાં યોગદાન માટે પ્રશંસા વ્યક્ત કરવાનો દિવસ છે. કેનેડા સહિત ઘણા દેશોમાં જૂનના ત્રીજા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. સ્કારબરોમાં ફાધર્સ ડે નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં બહેનોએ પિતા અને ભાઈઓને તેમના ખાસ કાર્ય માટે સન્માનિત કર્યા હતુ. ૨૫ બહેનોની ટીમે ગીતો, નૃત્ય તથા ગરબા રજૂ કર્યા બાદ ભેટો આપી આશીર્વાદ કાર્ડ સાથે પિતા અને ભાઈઓને સ્વાદિષ્ટ ભોજન પીરસ્યું હતુ. અંતે આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ દરેકનો આભાર માનવામાં આવ્યો હતો.

## નાટો નેતાઓ સાથેના કરારમાં GDPના 5% સંરક્ષણ પર ખર્ચની યોજનાને મંજૂરી

નિર્ણયથી યુએસ પ્રમુખ ટ્રમ્પને નોંધપાત્ર નીતિગત વિજય મળ્યો

ઓન્ટેરિયો : નાટો નેતાઓ, જેમાં કેનેડાનો પણ સમાવેશ થાય છે. આગામી દાયકામાં પશ્ચિમી જોડાણમાં સંરક્ષણ ખર્ચને કુલ સ્થાનિક ઉત્પાદનના પાંચ ટકા સુધી નાટ્યાત્મક રીતે વધારવાની યોજનાને મંજૂરી આપી છે. આ નિર્ણયથી યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નોંધપાત્ર નીતિગત વિજય મળ્યો છે. તેઓ બુધવારે નેધરલેન્ડ્સમાં ભેગા થયા હતા, જ્યાં અંતિમ વિગતો અને સંભવિત ફરિયાદો દૂર કરવામાં આવી હતી. જેમ જેમ વૈશ્વિક લેન્ડસ્કેપ બદલાઈ રહ્યો છે, તેમ તેમ [નાટો] જોડાણ દ્વારા બનાવેલ સામૂહિક સુરક્ષા કેનેડિયન સાર્વભૌમત્વનું રક્ષણ અને કેનેડિયનોની સુરક્ષાનું રક્ષણ કરવાનો સૌથી મજબૂત અને સૌથી અસરકારક માર્ગ રહે છે એમ વડાપ્રધાન માર્ક કાર્નેએ બુધવારે હેગમાં જણાવ્યું હતું. મીટિંગ પછી વરિષ્ઠ કેનેડિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે, સાથી દેશો યુએસ રાષ્ટ્રપતિના આશ્વાસનોથી આરામદાયક લાગે છે, ભલે તેઓ જાહેરમાં વોશિંગ્ટન કટોકટીમાં તેના સાથીઓના બચાવમાં આવશે કે નહીં તે અંગે શંકા વ્યક્ત કરતા હતા.

નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટેએ સંરક્ષણ ખર્ચમાં વધારો કરવાના આરોપનું નેતૃત્વ કરવા બદલ ટ્રમ્પની પ્રશંસા કરીને ટૂંકી સમિટની શરૂઆત કરી હતી.

## ઓન્ટેરિયો અદ્યતન ટીચિંગ હોસ્પિટલ બનાવવા $14 બિલિયનનો ખર્ચ કરશે

350થી વધુ નવી પથારી સાથે 22 માળનો નવો સંભાળ ટાવર પણ બનાવાશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોએ કેનેડામાં સૌથી મોટી ટીચિંગ હોસ્પિટલ બનાવવા માટે $14 બિલિયનથી વધુના નવા ભંડોળની જાહેરાત કરી છે. પ્રાંત કહે છે કે, નવી પીટર ગિલગન મિસિસૌગા હોસ્પિટલનું કદ ત્રણ ગણું કરશે અને હાલની મિસિસીગા હોસ્પિટલને સંપૂર્ણપણે બદલશે. જેથી અંદાજે 2.2 મિલિયન લોકોને હેલ્થ કેર પૂરી પાડવામાં મદદ મળશે. ફોર્ડે કહ્યું હતુ કે, ઓન્ટેરિયોમાં આ પ્રકારની પ્રથમ હોસ્પિટલ હશે. 2033માં ખુલવાની યોજના ધરાવતી નવી હોસ્પિટલ કેનેડામાં સૌથી મોટી ટીચિંગ હોસ્પિટલ બનશે અને પ્રાંતમાં સૌથી મોટા ઈમરજન્સી વિભાગોમાંની એક બનાવશે. આરોગ્યપ્રધાન સિલ્વિયા જોન્સના જણાવ્યા મુજબ આ રોકાણ સીમાચિહ્નરૂપ છે. આ એક વધુ ઉદાહરણ છે કે, અમારી સરકાર કેવી રીતે અમારી પ્રગતિ પર સતત વિકાસ કરી રહી છે. ઓન્ટેરિયોના વધતા સમુદાયોની હેલ્થ કેર જરૂરિયાતોમાં રોકાણ થઈ રહ્યું છે અને ખાતરી કરી રહી છે કે મિસિસાગા, પીલ પ્રદેશ અને ઈટોબિકોકમાં વધુ લોકો આવનારી પેઢીઓ માટે ઉચ્ચતમ ધોરણની સંભાળ સાથે જોડાઈ શકે છે.

**2,400 વધુ હેલ્થ કેર કાર્યકરો અને આશરે 400 વધારાના ડોક્ટરો ફરજ બજાવશે**

એકવાર ખુલ્યા પછી હોસ્પિટલ સમુદાયમાં 2,400 વધુ હેલ્થ કેર કાર્યકરો અને આશરે 400 વધારાના ડોક્ટરો લાવશે. હોસ્પિટલમાં 350થી વધુ નવા સંપૂર્ણપણે ખાનગી પથારી સાથે 22 માળનો નવો દર્દી સંભાળ ટાવર પણ શામેલ હશે, જેનાથી કુલ પથારીની સંખ્યા 950થી વધુ થશે.

ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સના પ્રમુખ અને સીઈઓએ જણાવ્યું હતું કે, નવી સુવિધાઓ લોકોને "યોગ્ય સમયે, યોગ્ય જગ્યાએ યોગ્ય સંભાળ મેળવવાનું સરળ બનાવશે. આ નવી સુવિધાઓ ફક્ત સારવાર માટેના સ્થળો કરતાં વધુ હશે. તેઓ અદ્યતન કનેક્ટેડ સંભાળ માટે કેન્દ્રો હશે, જે હોસ્પિટલની દિવાલોથી ઘણી આગળ પહોંચે છે, અને તેઓ સંપૂર્ણ આરોગ્ય સંભાળ પ્રણાલી સાથે સંપૂર્ણપણે જોડાયેલા હશે.

# ઘરમાં નકારાત્મક ઊર્જાને પ્રવેશતતા અટકાવે છે ફુ ડોગ્સ

### ફુ ડોગ્સ શું છે અને તેમનો ઈતિહાસ શું છે?

ફુ ડોગ્સ ખરેખર કૂતરાં નથી, પરંતુ સિંહ જેવા દેખાતા પૌરાણિક જીવો છે. ચીનમાં સિંહનું કુદરતી નિવાસસ્થાન ન હોવાથી, કલામાં તેમની કલ્પના ઘણીવાર કૂતરાં જેવી વિશેષતાઓ સાથે કરવામાં આવતી હતી. જેના કારણે આ નામ `ફુ ડોગ' (એટલે કે `બુદ્ધનાં કૂતરાં' અથવા `સૌભાગ્યનાં કૂતરાં') પડ્યું. તેમનો ઈતિહાસ 2000 વર્ષથી પણ જૂનો છે. જ્યારે તેમને સૌપ્રથમ ચીનમાં હાન રાજવંશ (ઈ.સ. પૂર્વે 206 - ઈ.સ. 220) દરમિયાન શાહી મહેલો અને મહત્ત્વપૂર્ણ ઇમારતોના પ્રવેશદ્વાર પર રાખવામાં આવ્યાં હતાં. આ પ્રતિમાઓ સમ્રાટો, ઉચ્ચ પદના અધિકારીઓ અને ધનવાન પરિવારોની શક્તિ અને પ્રતિષ્ઠાનું પ્રતીક હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ મહેલો, મંદિરો અને ઘરોને ખરાબ આત્માઓ, નકારાત્મક ઊર્જા અને ચોરોથી બચાવવાનો હતો. ચીની સંસ્કૃતિમાં સિંહને હિંમત, શક્તિ અને સૌભાગ્યનું પ્રતીક માનવામાં આવે છે. ફુ ડોગ્સ આ જ શક્તિશાળી પ્રતીકવાદને પોતાની સાથે લઈને આવે છે.

### ફુ ડોગ્સના પ્રકાર અને તેમની ઓળખ

ફુ ડોગ્સને હંમેશાં જોડીમાં રાખવામાં આવે છે, એક નર અને એક માદા. તેમને ઓળખવા-તેમની સાચી સ્થિતિ જાણવી મહત્ત્વપૂર્ણ છે.

**નર ફુ ડોગ :** સામાન્ય રીતે તેના એક પંજા નીચે એક ગોળો (બોલ) રાખેલો હોય છે. આ ગોળો જ્ઞાન, બ્રહ્માંડ અથવા પૃથ્વીનું પ્રતીક છે અને શક્તિ, અધિકાર તથા સૌભાગ્યનું પ્રતિનિધિત્વ કરે છે. નર ફુ ડોગ ઘર કે વ્યવસાયમાં સત્તા અને ધનની રક્ષા કરે છે.

**માદા ફુ ડોગ :** સામાન્ય રીતે તેના એક પંજા નીચે એક બચ્ચું રાખેલું હોય છે. આ બચ્ચું સંતાન, પ્રજનન ક્ષમતા અને ઘરના સભ્યોની સુરક્ષાનું પ્રતીક છે. માદા ફુ ડોગ ઘર અને પરિવાર, ખાસ કરીને બાળકોનું રક્ષણ કરે છે.

### ફુ ડોગ્સ રાખવાનું યોગ્ય સ્થાન કયું?

ફુ ડોગ્સથી વધુમાં વધુ લાભ મેળવવા માટે તેમનું સાચું સ્થાન નક્કી કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જેમ કે,

**મુખ્ય પ્રવેશદ્વાર :** આ ફુ ડોગ્સને રાખવા માટેનું સૌથી અસરકારક અને પરંપરાગત સ્થાન છે. તેમને દરવાજાની બહાર બંને બાજુએ રાખવા જોઈએ, જેથી તેઓ ઘરમાં પ્રવેશતી ઊર્જાનું રક્ષણ કરી શકે.

**સાચી દિશા :** જ્યારે તમે ઘરની અંદરથી બહારની તરફ જુઓ છો, ત્યારે નર ફુ ડોગને હંમેશાં જમણી બાજુએ રાખવો જોઈએ (એટલે કે, દરવાજાની પૂર્વ અથવા ડ્રેગન સાઈડ પર). માદા ફુ ડોગને ડાબી બાજુએ રાખવો જોઈએ.

**મુખ બહારની તરફ :** બંને ફુ ડોગ્સનું મુખ બહારની તરફ રાખવાથી નકારાત્મક ઊર્જા-ખરાબ શક્તિઓને પ્રવેશતા અટકે.



**ઊંચાઈ :** તેમને થોડા ઊંચા સ્થાને રાખવા જોઈએ. ઘરના મુખ્ય દરવાજાના સ્તરથી ઉપર. જેમ કે, પ્લેટફોર્મ અથવા થાંભલાઓ પર. તેમને સીધા જમીન પર ન રાખવા જોઈએ.

**રૂમની અંદર :** જો તમે તેમને ઘરની અંદર રાખવા ઈચ્છતા હો તો તેમને મુખ્ય લિવિંગ રૂમના પ્રવેશદ્વાર પાસે રાખો. જોકે, તેમનું મુખ બહારની તરફ જ હોવું જોઈએ. તેમને સીધા બેડરૂમ કે બાથરૂમમાં રાખવાનું ટાળો, આ સ્થાનો જાતીય અથવા વ્યક્તિગત વપરાશ સાથે સંબંધિત છે અને તે ફુ ડોગ્સ માટે યોગ્ય માનવામાં આવતાં નથી.

**ઓફિસ કે વ્યવસાયમાં :** વ્યવસાયના પ્રવેશદ્વાર પર કે રિસેપ્શન એરિયામાં તેમને એ જ નિયમનું પાલન કરીને રાખી શકાય છે. જેમ કે, મુખ બહારની તરફ, નર જમણી બાજુએ અને માદા ડાબી બાજુએ. તે વ્યવસાયમાં સમૃદ્ધિ અને સુરક્ષા લાવવામાં મદદ કરે છે.

### સામાન્ય ભૂલો જે ટાળવી જોઈએ

**એકલો રાખવો :** ક્યારેય એકલો ફુ ડોગ ન રાખો. હંમેશાં જોડીમાં જ રાખો.

**ખોટી દિશા :** તેમનું મુખ ખોટી દિશામાં ન રાખો કે તેમને અંદરની તરફ મુખ કરીને ન રાખો.

**ક્ષતિગ્રસ્ત પ્રતિમાઓ :** જો ફુ ડોગ્સ ક્ષતિગ્રસ્ત કે તૂટેલા હોય તો તેમને તરત જ હટાવી દેવા જોઈએ અને બદલી દેવા જોઈએ, કારણ કે તૂટેલી પ્રતિમાઓ નકારાત્મક ઊર્જાને આકર્ષિત કરી શકે છે.

**અયોગ્ય સ્થાન :** તેમને બેડરૂમ, બાથરૂમ અથવા ઘરના ખૂબ જ અવ્યવસ્થિત કે ઉપયોગમાં ન લેવાતા એરિયામાં ન રાખો.

### મળશે સુરક્ષા અને સમૃદ્ધિ

ફેંગશૂઈ ડોગ્સ (ફુ ડોગ્સ) ફક્ત સુશોભનની વસ્તુઓ નથી, પરંતુ ચીની સંસ્કૃતિ અને ફેંગશૂઈ પરંપરામાં શક્તિશાળી રક્ષક અને સૌભાગ્યનાં પ્રતીક છે. જો તેમને યોગ્ય રીતે રાખવામાં આવે તો તેઓ તમારા ઘર અથવા વ્યવસાયમાં સકારાત્મક ઊર્જા, સુરક્ષા, સમૃદ્ધિ અને સદ્ભાવને આકર્ષિત કરવામાં મદદ કરી શકે છે. તેઓ તમારા સ્થાન માટે એક જાગ્રત રક્ષક તરીકે કાર્ય કરે છે, જે નકારાત્મકતાને દૂર રાખીને તમારા જીવનમાં શાંતિ અને સંતુલન લાવે છે.

### ફુ ડોગ્સના પ્રતીકનું મહત્ત્વ

ફેંગશૂઈમાં ફુ ડોગ્સ ઘણાં શક્તિશાળી પ્રતીકોનું પ્રતિનિધિત્વ કરે છે.

**રક્ષણ :** આ તેમનું મુખ્ય કાર્ય છે. તેઓ ઘર અથવા વ્યવસાયને નકારાત્મક ઊર્જા, ખરાબ શક્તિઓ અને દુર્ભાગ્યથી બચાવે છે.

**સમૃદ્ધિ અને ધન :** માનવામાં આવે છે કે તેઓ ધન અને સૌભાગ્યને આકર્ષિત કરે છે અને તેને ઘરમાં જાળવી રાખે છે.

**સત્તા અને અધિકાર :** તેમની શાહી અને શક્તિશાળી હાજરી અધિકાર અને ઉચ્ચ સ્થાનનું પ્રતીક છે.

**સંતુલન અને સદભાવ :** કારણ કે તેઓ હંમેશાં જોડીમાં હોય છે. તેઓ યીન અને યાંગ ઊર્જાના સંતુલનનું પ્રતિનિધિત્વ કરે છે, જે ઘરમાં સદ્ભાવ જાળવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

**નિષ્ઠા અને વફાદારી :** તેમની કૂતરા જેવી વફાદારી તેમને ઘરના રક્ષક તરીકે વધુ આદર્શ બનાવે છે.

# પીઠના દુખાવાને દૂર કરતી અસરકારક કસરતો

આધુનિક જીવનશૈલી અને લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાને કારણે ઘણા લોકોને પીઠનો દુખાવો થવાની સમસ્યા થાય છે. આવી પરિસ્થિતિમાં કેટલીક યોગાસન આધારિત કસરતો ખૂબ લાભદાયક સાબિત થાય છે.

### ભુજંગાસન

આ કસરત પેટની નીચે સૂઈને કરવામાં આવે છે. હાથ ખભાની નીચે રાખી ધીમે ધીમે શ્વાસ લઈ છાતી ઉપર ઉઠાવવી. આ આસન કરોડરજ્જુને મજબૂતી આપે છે અને પીઠના નીચલા ભાગના દુખાવામાં રાહત આપે છે. દરરોજ 3-5 વખત 20 સેકન્ડ સુધી રાખવું.



### કટિચક્રાસન



આ કસરત પીઠની લવચીકતા વધારવા માટે ખૂબ ઉપયોગી છે. જમીન પર પીઠના બળે સૂઈને ઘૂંટણને એક બાજુ વાળવા અને બીજી બાજુ હાથ સ્લાઈડ કરવા. આ આસન શરીરના મધ્ય ભાગના દુખાવા દૂર કરે છે અને નરમાશ લાવે છે.

### માર્જારી આસન

ઘૂંટણ અને હાથને જમીન પર રાખો. શ્વાસ લેતી વખતે પીઠને નીચે તરફ દબાવવી અને શ્વાસ છોડતી વખતે પીઠ ઉપર ઉઠાવવી. આ કસરતો નિયમિત રીતે કરવાથી પીઠના દુખાવામાં નોંધપાત્ર સુધારો થાય છે.



# યુનિક સ્ટાઇલ માટે ટ્રાય કરો પર્લ

ફેશન સમયની સાથે બદલાતી રહે છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે ફેશનની સાથે તાલમેલ બેસાડીને ચાલે. એક પ્રકારની પેટર્નનાં આઉટફિટ પહેરીને આપણે કંટાળી જઈએ છીએ. સિક્વન્સ તો ઘણા સમયથી ટ્રેન્ડમાં છે જ, પરંતુ થોડા સમયથી પર્લ આઉટફિટ પણ ટ્રેન્ડમાં છે. પર્લ જ્વેલરી આપણને પારંપરિક લુક આપે છે, જ્યારે પર્લ આઉટફિટ ભીડમાં પણ વિશેષ બનાવે છે. પર્લ આઉટફિટ તમને સિમ્પલ ડ્રેસને બહુ જ સુંદર તથા સ્ટાઈલિશ બનાવી દે છે. તો આ વખતે પર્લ જ્વેલરીની સાથે સાથે પર્લ આઉટફિટની પસંદગી કરો અને છવાઈ જાવ.

### આઉટફિટની પસંદગી

તમારી કોઈ પણ સાડીને ગોર્જિયસ લુક આપવા ઈચ્છો છો તો એક પર્લ બ્લાઉઝ તમારા કલેક્શનમાં જરૂર રાખો. એ તમારી પ્લેન સાડીને પણ શાનદાર બનાવી દેશે. તમે શિફોન, જ્યોર્જટ, ફ્રિલ સાડીઓની સાથે કોન્ટ્રાસ્ટ કરીને પહેરી શકો છો. પર્લ બ્લાઉઝમાં તમે સિમ્પલ , સ્ટ્રેપ, પર્લ હેંગિંગ બ્લાઉઝ, ટર્ટલ નેક, મોતી વર્ક સ્લિવ્સ, હેવી હોલ્ટર, સ્ટ્રેપલેસ બ્લાઉઝમાં બનાવી શકો છો. એને તમે સાડી ઉપરાંત વેસ્ટર્ન ડ્રેસની સાથે પણ પહેરી શકો છો. સૂટમાં બોર્ડર કે દુપટ્ટામાં મોતી વર્ક ઓલ ટાઈમ હોટ ફેવરિટ છે.

### હેવી લુક માટે

લહેંગામાં હેવી લુક માટે તમે મોતી વર્કની પસંદગી કરી શકો છો. આજકાલ મોતીઓથી બનેલા દુપટ્ટા પણ ફેશનમાં છે. વેસ્ટર્ન ડ્રેસને કૂલ બનાવવા માટે વન પીસ કે શોર્ટ્સ પર પણ મોતી વર્કનું ચલણ છે. તમે આ વર્ક તમારા પ્લેન ડ્રેસમાં પણ કરાવી શકો.



### ટિપ્સ

હેવી પર્લ આઉટફિટ માટે સ્ટેટમેન્ટ નેકલેસ અને પર્લ ઝૂમખાં કેરી કરો. જો લાઈટ પર્લ વર્ક હોય, તો તમે હેવી પર્લ નેકપીસ તથા વેસ્ટ બેલ્ટનો ઉપયોગ પણ કરી શકો છો. જે તમને હેવી લુક આપશે. પર્લ ડ્રેસની સાથે નેચરલ મેકઅપ કરો. પિંક, કોરલ કે ન્યૂડ ટચ લિપસ્ટિક શેડ તમારા પર્લ લુકને નિખારશે. તમારી હેવી બોડી હોય તો લાઈટ મોતી વર્ક ટ્રાય કરો, કારણ કે હેવી વર્ક તમને વધારે હેવી બતાવશે.

# અપનાવી જુઓ અજમાવી ઘરેલું ટિપ્સ

- અળવી (પાતરા) નાં કૂણાં પાનનાં રસ જીરાની ભુકી મેળવીને પીવાથી પિટી પ્રકોપ મટે છે.
- હેડકી પર ચપટી હળદર ફાકવાથી રાહત થાય છે.
- સૂરણને બાફી ઘીમાં સાંતળી ને ખાવાથી હરસમાં ફાયદો કરે છે. બાફેલું સૂરણ દહીં સાથે ખાવાથી રાહત થાય છે.
- ડુંગળીનો રસ દાદર કે ખુજલી પર ચોપડવાથી ફાયદો થાય છે.
- મૂળાના રસમાં લીંબુનાં રસ ભેળવીને પીવાથી ભોજન પછી થતા પેટના દુખાવા તથા ગેસમાં રાહત થાય છે.
- ખજૂર દશ તોલા અને કિસમિસ દ્રાક્ષ પાંચ તોલા દરરોજ ખાવાથી સુકલકડી શરીરવાળા દર્દીઓના શરીરમાં નવું લોહી પેદા થાય છે.
- સ્ટીલના તપેલાને પાણીથી ધોઈ દૂધ ગરમ કરવાથી તપેલીમાં દૂધ ચોંટશે નહીં.
- જામફળનું શાક બનાવી ખાવાથી કબજિયાત મટે છે.
- પાકા પપૈયાના ગટ-માવમાં સપ્રમાણ હળદર ભેળવી પેસ્ટ બનાવી ૧૦-૧૫ મિનિટ ગરદન પર લગાડી માલિસ કરી સ્નાન કરવાથી શ્યામ ગરદન ઊજળી થાય છે.
- ગોળ સાથે કોપરું ખવડાવવાથી બાળકોનું સુકલકડી શરીર હૃષ્ટ પુષ્ટ બને છે, શરીરમાં ચરબીમાં વધારો થાય છે અને બાળકો જલદી ગજું કરે છે.
- સવાર-સાંજ પાકાં ટમેટાંનો રસ પીવાથી અને ભોજનમાં મીઠું ઓછું કરવાથી ત્વચા પર થનારાં લાલ-લાલ ચાઠાં, ચામડીની શુષ્કતા, ખંજવાળ, ત્વચા પર થતી નાની ફોડલીઓ વગેરે લોહી વિકારમાં ફાયદો થાય છે.
- ટામેટું, ગાજરનો રસ, સંતરાનો રસ, કાકડીનો રસ અને ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર ૩૦ મિનિટ લગાડી રાખવાથી ટોનિકનું કામ કરે છે.
- જમવામાં ડુંગળી ખાધા પછી મુખમાંથી દુર્ગંધ આવતી હોય તો દૂર કરવા થોડો ગોળ ખાવો.

# ગુજરાતમાં કોંગ્રેસનો કાંટાળો તાજ હવે કોના શિરે પાટીદાર-ઓબીસી નેતાની પસંદગીની શક્યતા

## ગેનીબેન ઠાકોર, અમિત ચાવડાનું નામ ટોપ પર : પુંજા વંશ, પરેશ ધાનાણી પણ રેસમાં

**કડી**

કડી અને વિસાવદરની પેટાચૂંટણીમાં ફરી કોંગ્રેસનો કરુણ રકાસ થયો છે. બંને બેઠકોની હારની જવાબદારી સ્વિકારી શક્તિસિંહ ગોહિલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું ધરી દીધું છે. હવે ગુજરાત કોંગ્રેસનો કાંટાળો તાજ કોના શિરે મૂકાશે તે અંગે રાજકીય અટકળો તેજ બની છે.જોકે, પાટીદાર અથવા ઓબીસી નેતાને ગુજરાત કોંગ્રેસની કમાન સોંપાશે તેવી શક્યતા છે. કોંગ્રેસના માળખા પર પ્રભુત્વ જમાવી જમાવી શકે તેવા નેતાની શોધખોળ શરૂ થઇ છે. ચર્ચા છેકે, પ્રદેશ કોગ્રેસ પ્રમુખપદ માટે સાંસદ ગેનીબેન ઠાકોર અને વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાના નામ ટોપ પર છે જ્યારે કોળી નેતા અને પૂર્વ ધારાસભ્ય પૂંજા વંશ, પરેશ ધાનાણી અને વિરજી ઠુમરના નામો પણ રેસમાં છે. હાઇકમાન્ડ હવે કોને ગુજરાત કોંગ્રેસની કમાન સોપે છે તે પર કાર્યકરોની નજર મંડાઇ છે.

### તો જીજ્ઞેશ મેવાણી વિપક્ષનેતા બની શકે છે

અમિત ચાવડા હાઇકમાન્ડની પહેલી પસંદ છે. જો અમિત ચાવડાને ગુજરાત કોંગ્રેસની કમાન સોંપવામાં આવે તો વિધાનસભા વિપક્ષપદ ખાલી પડે તેમ છે. અમિત ચાવડાના સ્થાને યુવા અને આક્રમક ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને વિધાનસભા વિપક્ષનેતા બનાવાય તો નવાઇ નહી. જ્યારે પાટણના ધારાસભ્ય કીરીટ પટેલને શેલેષ પરમારના સ્થાને ઉપનેતાપદ અપાશે.

# મને સસ્પેન્ડ કરવાનો પાવર તમારી પાસે નથી : મકવાણાએ ગઢવીને સંભળાવ્યું

**બોટાદ**

ગોપાલ ઈટાલિયાની જીત બાદ આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં પોતાના પાંચ ધારાસભ્ય પાંચ પાંડવ હોવાની વાત કરી હતી. પરંતુ હવે તેમાંથી એક પાંડવ ખયો છે. બોટાદના સ્વચ્છ ઉમેશ મકવાણાએ છછ સાથે છેડો ફાડયો છે. તેમણે આમ આદમી પાર્ટીના તમામ હોદા પરથી રાજીનામું આપ્યું છે. જ્યારે આમ આદમી પાર્ટીએ ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા ત્યારે તેમણે વળતો જવાબ આપ્યો કે, ઈસુદાન ગઢવી પાસે મને સસ્પેન્ડ કરવાનો પાવર નથી. ઉમેશ મકવાણાએ વિધાનસભાના દંડક પદેથી રાજીનામું આપ્યું. પાર્ટીના રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરીના પદેથી પણ રાજીનામુ આપ્યું. પરંતુ ધારાસભ્ય પદેથી હજુ સુધી રાજીનામું આપ્યું નથી. આ વિશે તેમણે કહ્યું કે, હું મારી જનતા વચ્ચે જઈને નિર્ણય લઈશ. ઉમેશ મકવાણાએ રાજીનામુ આપી દેતા પાર્ટી વિરુદ્ધ કાર્યવાહી કરવા બદલ તેમને પાર્ટીમાંથી પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઈસુદાન ગઢવીએ ઉમેશ મકવાણા પર કહ્યું કે પાર્ટીએ તેમને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણાને આમ આદમી પાર્ટી વિરુદ્ધ અને ગુજરાતની જનતા વિરુદ્ધ કામગીરી કરવા બદલ આમ આદમી પાર્ટીમાંથી પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# ઘોઘા ગામમાં ૨ બાળકોના ડૂબી જતા મોત : એકને ઉગારી લેવાયો

**ભાવનગર**

ઘોઘામાં આડી સડક પાસે પાણીના ટાંકીની બાજુમાં આવેલ મોટો ખાડો છે જ્યાં પાણી ભરાઈ ગયું છે. આ જ પાણી ભરેલા ખાડામાં ૩ બાળકો ડૂબી ગયા હતા. જોકે તે પૈકી ૧ બાળકનું રેસ્ક્યુ કરીને તેને બચાવી લેવામાં આવ્યો જ્યારે ૨ બાળકોના મૌત નીપજયા છે. જેથી આ ઘટનાને લઈને ગામમાં ચકચાર મચી જવા પામી છે. બાળકો અગમ્ય કારણોસર પાણીના ખાડામાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. રેસ્ક્યુ કરેલા બાળકને ઘોઘાની ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો જ્યારે અન્ય ૨ બાળકો કે જેમના ડૂબી જવાને કારણે મોત થયા છે. તેમને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. બંને બાળકોના મોતને લઈને હાલ તેમના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે. જોકે એકસાથે ૩ બાળકો આ રીતે ડૂબી કેમ જાય તે એક મોટો સવાલ છે. બનાવને લઈને ગામના લોકો પણ નવાઈ પામી ગયા છે. પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

# પ્લેન ક્રેશની તપાસ : બ્લેક બોક્સની મેમરી એક્સેસ થતાં ડેટા કાઢવાની પ્રક્રિયા શરૂ થઈ

## ટૂંક સમયમાં જ પ્લેન તૂટી પડવાનું સાચુ કારણ બહાર આવશે

**નવી દિલ્હી**

અમદાવાદ પ્લેન ક્રેશની ગુત્થી હવે સુલઝાય તેવું લાગી રહ્યું છે. તપાસકર્તાઓએ ૧૨ જૂનના રોજ અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા એર ઈન્ડિયા વિમાનના બ્લેક બોક્સમાંથી ડેટા રિકવર કરી લીધો છે. દુર્ઘટનાગ્રસ્ત એર ઈન્ડિયા વિમાનના ફ્રન્ટ બ્લેક બોક્સમાંથી ડેટા ડાઉનલોડ કરવામાં આવ્યો છે. મેમરી મોડ્યૂલને પણ સફળતાપૂર્વક ઍક્સેસ કરવામાં આવ્યું છે.ખરેખર, AI અને દુજીએ બ્લેક બોક્સ અને ઝફઈનો ડેટા કાઢવાનું શરૂ કર્યું છે. મેમરી મોડયુલમાંથી ડેટા સફળતાપૂર્વક ઍક્સેસ અને ડાઉનલોડ કરવામાં આવ્યો છે. મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશનના જણાવ્યા અનુસાર, ઝફઈ અને હઈ ડેટાનું વિશ્લેષણ ચાલુ છે. તેનો ઉદેશ દુર્ઘટનાના કારણો શોધીને ભવિષ્યમાં સુરક્ષાને મજબૂત કરવાનો છે.

૨૪ જૂનના રોજ નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે, ૧૨ જૂનના રોજ અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા એર ઈન્ડિયા વિમાનના બ્લેક બોક્સની તપાસ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (છઈંમ) દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે એવી અટકળોને નકારી કાઢી હતી કે બ્લેક બોક્સને તપાસ માટે વિદેશ મોકલવામાં આવશે. લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથકથી ઉડાન ભર્યાના થોડા સમય બાદ અમદાવાદના રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું.

# અમદાવાદમાં ગાળો બોલવાની ના પાડતાં યુવક અને મામાના દિકરાને ચાકુના ઘા ઝીંકી દેવાયા

## ઘર નીચે બાઇક પાર્ક કરીને હુમલો કર્યો : પિતા પુત્ર સહિત ત્રણ ગંભીર હાલતમાં સારવાર હેઠળ

**અમદાવાદ**

બાપુનગરમાં ઘર પાસે બાઈક પાર્ક કરીને ત્રણ શખ્સો ગાળો બોલતા હતા યુવકે ગાળો બોલવાની ના પાડીને સમજાવતા તેમના અને તેમના મામાના દિકરાને ચાકુના ઘા મારીને લોહી લુહાણ કર્યા હતા છોડાવવા વચ્ચે પડતાં યુવકના દિકરાને પણ માથામાં લાકડાના દંડાના ફટકા માર્યા હતા. ગંભીર રીતે ઘાયલ ત્રણેય હાલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે બાપુનગર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે. બાપુનગરમાં રહેતા યુવકે બાપુનગર પોલીસ સ્ટેશનમાં બાપુનગરમાં પોતાની ચાલીની બાજુની ચાલીમાં રહેતા ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે યુવક પરિવારજનો સાથે સૂતા હતા આ સમયે આરોપી તેમના મકાનના નીચે ભાગે બાઈક પાર્ક કરીને બેઠા હતા અને બુમાબુમા કરીને મોટે મોટે ગાળો બોલતા હતા. જેથી યુવકે બાઈક પરથી ઉતરી જઈને ગાળો બોલવાની ના પાડી હતી. ત્રણેય લોકો માનતા ન હોવાથી યુવકે નીચે આવીને સમજાવવા જતાં ઉશ્કેરાઈ જઈને મારા મારી કરી હતી એટલું જ નહી શખ્સે ચાકુ લઈને આવીને યુવકને પેટમાં ચાકુ મારીને લોહી લુહાણ કર્યા હતા આ સમયે તેમના મામના દિકરો છોડાવવા વચ્ચે આવતાં તેને પણ ચાકુના ઘા મારીને લોહી લુહાણ કર્યો હતો તેવામાં ફરિયાદીનો દિકરો આવતાં તેને પણ માથામાં દંડાના ફટકા મારીને ગંભીર રીતે ઘાયલ કરતા હાલમાં ત્રણેય સારવાર હેઠળ છે. આ ઘટના અંગે બાપુનગર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# આસારામના જામીનની મુદત વધારવા મામલે સરકાર પાસે જવાબ મંગાયો

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે આસારામ દ્વારા દાખલ કરવામાં આવેલી કામચલાઉ જામીનની મુદત વધારવા માટે દાખલ કરાયેલી અરજી પર રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. 86 વર્ષીય આસારામ જે પોતાને ધર્મગુરુ માને છે તેને 2013 ના દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આસારામ હાલમાં તબીબી કારણોસર જામીન પર હોવાનું જાણવા મળ્યું છે. જો કે, જમાનતની મુદત વધારે માટે આસારામે કોર્ટમાં અરજી કરી છે. હવે તેની જામીનની મુદત વધારી કે કેમ તે એક પ્રશ્ન છે. ગુજરાત હાઈ કોર્ટે નોટિસ જારી કરીને 27 જૂન સુધીમાં સરકરા પાસે જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે 28 માર્ચે આસારામને ત્રણ મહિનાના વચગાળાના જામીન આપ્યા હતા કારણ કે સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ આપવામાં આવેલા વચગાળાના જામીન 31 માર્ચે સમાપ્ત થઈ રહ્યા હતા.

હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે વિભાજિત ચુકાદો આપ્યો હતો અને ત્યારબાદ ત્રીજા ન્યાયાધીશને કેસ રિફર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોર્ટે આસારામને ત્રણ મહિનાના વચગાળાના જામીન આપવાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

# ચંડોળા કિનારે બેરલ માર્કેટમાં લાગેલી ભીષણ આગ રોડ સુધી ફેલાઈ, રસ્તો બંધ કરવો પડ્યો

**અમદાવાદ**

બુધવારે (25 જૂન) સવારે અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તાર નજીક આવેલા બેરલ માર્કેટમાં આગ લાગી હતી. આ આગ એટલી વિશાળ હતી તે રોડ સુધી ફેલાઈ ગઈ હતી અને સુરક્ષાના ધોરણે રસ્તો બંધ કરવો પડ્યો હતો. આ વિશે માહિતી મળતા જ ફાયરની ટીમ અને એમ્બ્યુલન્સ સહિતની ઈમરજન્સી ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી હતી. પાચ ફાયર ફાઈટરની ટીમે અને AFES (અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસી) ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી ગણતરીના સમયમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલ, આ વિશે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી જવા પામી હતી.

# જૂનાગઢનાં ગુજસીટોકનાં ‘કુખ્યાત આરોપી કાળા દેવરાજનાં બંગલા પર બુલડોઝર ફર્યું

## અસામાજિક તત્વો અને આરોપીની મિલકતો સામે કાર્યવાહી શરૂ

**જૂનાગઢ**

જૂનાગઢમાં ગુજસીટોક કેસનાં એક આરોપી એવા કુખ્યાત કાળા દેવરાજ રબારીનાં ગેરકાયદેસર બંગલાનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું છે. કાળા દેવરાજનાં નામે ૧૦૭ જેટલા ગુનાઓ પોલીસ રેકોર્ડમાં નોંધાયેલા છે. પોલીસ અને વહીવટી તંત્રએ ગેરકાયદેસર મકાન પર બુલડોઝર ફેરવ્યું હતું. ગુજરાત કના નેતૃત્વમાં ચાલી રહેલા “૧૦૦ કલાક ઓપરેશન” હેઠળ, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગેરકાયદેસર દારૂના દાણચોરો, અસામાજિક તત્વો અને કાયદાથી ઉપર રહેતા લોકોની મિલકતો સામે ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત પછી હવે વહીવટીતંત્રે જૂનાગઢમાં કાળા દેવરાજ સામે કડક કાર્યવાહી કરી છે. જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યનાં વડાનાં નિર્દેશ મુજબ, જિલ્લામાં અસામાજિક તત્વો દ્વારા ભાંધવામાં આવેલી ગેરકાયદેસર મિલકતોની યાદી તૈયાર કરવામાં આવી હતી.

# મનરેગા કૌભાંડ કેસ : કોંગ્રેસ નેતા હીરા જોટવાની અટકાયત

**ભરૂચ**

ભરૂચમાં મનરેગા યોજનામાં કૌભાંડનો કેસમાં કોંગ્રેસના ઉપપ્રમુખ હીરા જોટવાની અટકાયત કરવામાં આવી છે. ભરુચ ક્રાઈમ બ્રાન્ચે પૂછપરછ માટે લઈ આવી છે. પ્રભાસ પાટણ પોલીસમાં કરાવી સ્ટેશન ડાયરી નોંધ કરી છે. સુપાસી ગામેથી હીરા જોટવાની અટકાયત કરવામાં આવી છે. મનરેગા યોજનામાં કૌભાંડમાં ૫૯ ગામમાં ૭.૩૦ કરોડના કૌભાંડના આક્ષેપ કરવામાં આવ્યો છે. કૌભાંડમાં રાજય સરકારના મંત્રી બચુ ખાબડના બન્ને પુત્રોની ધરપકડ કરવામાં આવેલી છે. જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ આ કેસની તપાસ માટે વિશેષ ટીમની રચના કરી છે. ટીમમાં ૩ અધિકારીઓ અને ૬ પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. ગુજરાતમા દાહોદ સહિત ભરૂચમાં મનરેગા યોજનામાં કૌભાંડ સામે આવ્યું હતું. રાજ્ય સરકારના મંત્રી બચુ ખાબડના બંને પુત્રો કૌભાંડ હેઠળ જેલ ભેગા થયેલા છે.

# ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ : નેતાના દિકરાઓ ફેલ

## રાજ્ય કક્ષાના મંત્રી અને પૂર્વ મંત્રીના પુત્રોની હાર : વિસનગરમાં પૂર્વ સાંસદના પૌત્રને પણ પછડાટ ખાવી પડી

**અમદાવાદ**

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામ આજે બુધવારે (25 જૂન) જાહેર થયા છે, ત્યારે અનેક ઉમેદવારોના ચહેરા પર જીતની ખુશી છે તો કેટલાકને હારનો ગમ જોવા મળ્યો છે. જેમાં અરવલ્લી અને કચ્છની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં રાજ્ય કક્ષાના મંત્રી અને પૂર્વ મંત્રીના પુત્રોની હાર થઈ છે. રાજ્ય સરકારના મંત્રી ભીખુસિંહ પરમારના પુત્ર કિરણસિંહ પરમારની અરવલ્લી જિલ્લામાં જીતપુર ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હાર થઈ હોવાનું સામે આવ્યું છે. કિરણસિંહને માત્ર 751 મત મળ્યા હતા. જ્યારે વિજેતા ઉમેદવાર મંગળસિંહ પરમારને 1374 મત મળ્યા હતા. જેમાં મંત્રીના પુત્રની અંદાજે 600 મતથી હાર થઈ છે. બીજી તરફ, કચ્છમાં અંજારના પૂર્વ રાજ્ય મંત્રીના પુત્રની હાર થઈ છે. પૂર્વ રાજ્ય મંત્રી વાસણભાઈ આહિરના પુત્ર ત્રિકમ આહિરે રતનાલ ગ્રામ પંચાયતમાં સરપંચ પદની ઉમેદવાર નોંધાવી હતી. આજે પરિણામ જાહેર થયા છે, ત્યારે રતનાલ ગ્રામ પંચાયતમાં શ્રેયાબહેન વરચંદ 155 મતે સરપંચની ચૂંટણી જીતી ગયા છે. જ્યારે ત્રિકમ આહિરની હાર થઈ છે. જ્યારે મહેસાણા લોકસભાના પૂર્વ સાંસદ પુંજાજી ઠાકોરના પૌત્રની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હાર થઈ છે. વિસનગર તાલુકાની કમાણા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પુંજાજી ઠાકોરના પૌત્ર નરેન્દ્રસિંહ ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે આજે પરિણામ જાહેર થયા છે, ત્યારે નરેન્દ્રસિંહ હારનો સામનો કરવો પડ્યો છે.

## વેવાણે જ વેવાણના 10 વર્ષના શાસનનો અંત આણ્યો

અમરેલીના વડીયામાં 80 વર્ષના દાદીનો વિજય, ડાંગમાં પુત્રને હરાવી પિતા બન્યા સરપંચ

અમરેલી- ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના જૂના ઉગલા ગામમાં સરપંચ બનવા બે વેવાણો વચ્ચે જંગ હતો. જૂના ઉગલા ગામમાં છેલ્લા 10 વર્ષથી સરપંચ તરીકે રાજ ભાવનાબેન વિનોદભાઈ નંદવાણાને તેમના વેવાણ જયાબેન નરશીભાઈ ડાંગોદરાએ 606 મતે આખી પેનલ સાથે હરાવ્યા હતા.. જયાબેન નરશીભાઈ ડાંગોદરા પોતાની યુવા પેનલના તમામ 7 સભ્યો સાથે જીત્યા હતા. અમરેલીમાં વડીયામાં 80 વર્ષના મોતીબેન ડાયાભાઈ સોંદરવા વિજેતા બન્યા હતા. તેમની 386 વોટથી જીત થઈ હતી. જીતની સાથે દાદી ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા. ડાંગના ગલકુંડ ગ્રામ પંચાયતમાં પણ અનોખો કિસ્સો સામે આવ્યો હતો. અહીં પુત્રને હરાવીને પિતા સુરેશ વાઘ સરપંચની ચૂંટણીમાં વિજેતા બન્યા હતા. પિતાએ 576 મતની લીડ સાથે પુત્રને હાર આપી હતી.

# સાવરકુંડલાના થોરડી ગામમાં સિંહે બાળકને ફાડી ખાતા ભારે ફફડાટ

**અમરેલી**

સાવરકુંડલા તાલુકાના થોરડી અને રાજુલાની બોર્ડર વિસ્તારમાં મધ્યપ્રદેશના ખેત મજૂર પરિવાર સાથે રહેતા 5 વર્ષના બાળક ગુલસિંગ હરિલાલ અજનેરાને સિંહે ફાડી ખાધો હતો. આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. મધ્યપ્રદેશના ખેત મજૂર પરિવાર થોરડીની સીમ વિસ્તારમાં રહેતો હતો. સિંહે પરિવાર વચ્ચેથી 5 વર્ષના ગુલસિંગને ખેંચી લીધો અને ઝાળી જાખરામાં ઢસડી ગયો હતો. વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરતાં બાળકની માત્ર ખોપરી મળી આવી હતી. વન વિભાગે સિંહને ટ્રેન્ક્યુલાઈઝર દ્વારા તેને નિષ્ક્રિય કરીને ગણતરીના કલાકમાં પાંજરે પુરવામાં આવ્યો હતો. મૃતકના પિતા હીરાભાઈ અજમેરાએ જણાવ્યું હતું કે, બપોરે અઢી વાગે છોકરા રોટલો ખાવા જતા હતા. મારા ઘરના બિયારણ લગાડતા હતા. હું વાડીયે રોટલો ખાવા જતાં પાછળથી સિંહ આવ્યો હતો અને બાળકને ઉપાડીને લઈ ગયો હતો. અમે પાછળ દોડ્યા તો સિંહ અમારી પાછળ દોડ્યો પછી બાળકને મુક્યો ન હતો.

# તરતુ સોનું ગણાતી સ્પર્મ વહેલની ઉલ્ટી વેચવા નીકળેલા પાંચ શખ્સો ઝડપાયા

## બજારમાં પાંચ કિલો એમ્બરગ્રીસની કિંમત એક કરોડ 58 લાખ

**વડોદરા**

વડોદરા એલસીબી ઝોન-2ની ટીમે સ્પર્મ વહેલ માછલીની ઉલ્ટીને વહેંચવાનું રેકેટ ઝડપી પાડ્યું છે. પોલીસે વેચાણ કરતાં પાંચ તસ્કરોની ધરપકડ કરી છે. પોલીસે 1.58 કરોડના મુલ્યની પાંચ કિલો એમ્બરગ્રીસ જપ્ત કરી છે. સુરતથી આ એમ્બરગ્રીસ વેચવા માટે વડોદરા આવ્યો હતો. જે પોલીસ આવતા જ ભાગવામાં સફળ રહ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે તરતા સોના તરીકે ઓળખાતી વહેલ માછલીની ઉલટી વેચવા નીકળેલા પાંચ શખ્સો ઝડપાયા છે. આટલાદરા પોલીસે આરોપીઓને એમ્બરગ્રીસ વેચવા માટે આવેલા આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. 1.58 કરોડના કિંમતની એમ્બરગ્રીસ પોલીસે જપ્ત કરી છે. એમ્બેરગ્રીસ સ્પર્મ વહેલ માછલીના આંતરડામાં બનતો મીણવાળો પદાર્થ છે. આ પદાર્થ અત્તર અને ચાઈનીઝ દવાઓ બનાવવામાં વપરાય છે. જિલ્લા પોલીસ વડા એ.વી. કોટકે કહ્યું હતું કે, એલસીબીને બાતમી મળી હતી કે, બિલ કેનાલ રોડ પર માર્ક કોમ્પલેક્સના ગ્રાઉન્ડમાં કેટલાક ઈસમો ભેગા થયા હતાં. પોલીસે ત્યાં પહોંચીને તપાસ કરી તો તેમની પાસે વહેલ માછલીની ઉલ્ટી જેને એમ્બેરગ્રીસ કહેવાય છે તે મળી આવી હતી. આ પદાર્થની ખરાઈ મામલે એફએસએલની મદદ લેવાઈ છે. પાંચ કિલો એમ્બરગ્રીસની કિંમત એક કરોડ 58 લાખ થાય છે. એમ્બેરગ્રીસનો ઉપયોગ અત્તર અને ચાઈનીઝ દવા બનાવવા થાય છે.

# અષાઢી બીજ એટલે જગન્નાથજીની રથયાત્રાનો અવસર

## ભગવાન જગન્નાથ આ દિવસે ભાઈ બલભદ્ર અને સુભદ્રાબેન સાથે નગરચર્યાએ નીકળે અને ભક્તો તેના દર્શન માટે ઉમટી પડે છે

અષાઢ સુદ ૨ એટલે ભગવાન જગન્નાથજીની રથયાત્રા. ભગવાન જગન્નાથ આ દિવસે ભાઈ બલભદ્ર અને સુભદ્રાબેન સાથે નગરના લોકોને દર્શન આપવા નીકળે છે.

પૌરાણિક માહાત્મ્ય:- જગન્નાથની રથયાત્રાનો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળે છે. બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ અને સ્કંદપુરાણમાં આ રથયાત્રાનું વર્ણન છે. કપિલ સંહિતામાં પણ રથયાત્રાનો ઉલ્લેખ મળે છે. ભગવાન શ્રી કૃષ્ણનો સ્વધામ ગમનનો સમય નજીક આવતા તેઓ એક વટવૃક્ષ નીચે ધ્યાનસ્થ થઈને બેઠા. જરા નામના એક શિકારીએ પ્રભુના પગને મૃગનું મુખ સમજીને તીર માર્યું. શ્રીકૃષ્ણ ત્યાં જ પોતાનું નશ્વર શરીર ત્યાગીને વૈકુંઠધામ પધાર્યા. અર્જુને તેમના શરીરના અંતિમ સંસ્કાર કર્યા. તેમાં શ્રી કૃષ્ણનું હૃદય એમનું એમ જ રહ્યું અને હૃદયને સમુદ્રમાં વિલિન કરવામાં આવ્યું. તેમાંથી એક સુંદર નિલમાધવની પ્રતિમા સર્જાઈ અને આ પ્રતિમા ઓરિસ્સાના આદિવાસીઓને મળી. તેમણે એક ગુફામાં તેની સ્થાપના કરી. ઓરિસ્સાના રાજા ઈન્દ્રદ્યુમનને આ વાતની જાણ થતાં તેમણે વિચાર કર્યો કે ‘આ સુંદર અને અમૂલ્ય પ્રતિમા ગુફામાં નહીં, પરંતુ ભવ્ય મંદિરમાં શોભે. તેથી તેમણે આદિવાસીઓ પાસે આ પ્રતિમા યુદ્ધ કરીને મેળવી લીધી, પરંતુ તેમના અભિમાનને કારણે નિલમાધવ મૂર્તિ સહિત અદ્રશ્ય થઈ ગયા. રાજાએ કૃષ્ણની માફી માંગી, ત્યારબાદ તેમને સ્વપ્નમાં સંકેત મળ્યો. રાજા ઈન્દ્રદ્યુમ્ન પોતાના પરિવાર સાથે નીલાંચલ સાગર પાસે ઓરિસ્સામાં રહેતા હતા. એક વાર રાજા ઈન્દ્રદ્યુમ્નને ઈચ્છા થઈ કે, ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાજીની મૂર્તિ બનાવવામાં આવે. તે મુજબ સમુદ્ર કિનારેથી તેમને શ્રીહરિ વિષ્ણુના નિશાન વાળું એક કાષ્ઠ મળ્યું. તેમાંથી મૂર્તિ બનાવીને મંદિરમાં તેની સ્થાપના કરવી હતી. પરંતુ હવે અહીં મુખ્ય પ્રશ્ન એ થયો કે, મૂર્તિ બનાવશે કોણ ? તે સમયે દેવોના શિલ્પી વિશ્વકર્માજી એક વૃદ્ધ શિલ્પકાર બનીને આવ્યા. તેમણે મૂર્તિ બનાવી આપવા માટે રાજા પાસે એક શરત મૂકી કે, તેઓ બંધ ઓરડામાં તે મૂર્તિ નિર્માણ કરશે. કોઈએ કશું જ વિઘ્ન કરવાનું નહીં. જો તેમને કોઈ વિઘ્ન કરવામાં આવશે કે ઓરડો ખોલવામાં આવશે તો તેઓ ત્યાં જ એ કાર્ય અધૂરું મૂકીને ચાલ્યા જશે. ત્યારબાદ ઘણા દિવસો સુધી આ વૃદ્ધ શિલ્પી મૂર્તિ



બનાવતા રહ્યા. આ તરફ રાજા ઈન્દ્રદ્યુમન અધીરા થઈ ગયા. શરત ભંગ કરીને તેમણે ઓરડો ખોલી નાખ્યો. શિલ્પીએ શરત મુજબ મૂર્તિ ઘડવાનું કાર્ય અધૂરું છોડી દઈને અદ્રશ્ય થઇ ગયા. શ્રીકૃષ્ણ, બલરામજી તથા બહેન સુભદ્રાની પ્રતિમાઓ અધૂરી જ રહી ગઈ. રાજા ઈન્દ્રદ્યુમનએ આ મૂર્તિઓને મંદિરમાં સ્થાપિત કરી દીધી. આમ આપણી જગન્નાથપુરીમાં જે પ્રતિમા છે, તે ભગવાન શ્રી કૃષ્ણનું હૃદય જ છે. રાજા ઈન્દ્રદ્યુમનએ આ મૂર્તિ મંદિરમાં સ્થાપિત કરી દીધી. ભારતના પૂર્વીય સમુદ્રકિનારે ઓરિસ્સામાં ચારધામમાંના એક પુરીના જગન્નાથ મંદિરમાં ભગવાન વિષ્ણુના અવતાર જગન્નાથ સ્વરૂપે પૂજાય છે. જગન્નાથ એટલે રાધા-કૃષ્ણનું યુગલ સ્વરૂપ એમ પણ માનવામાં આવે છે. જગન્નાથ અહીં મોટાભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે બિરાજમાન છે. આ મૂર્તિ કાષ્ઠ -લાકડાની બનેલી હોવાથી તેને દર બાર વર્ષે બદલવાની પરંપરા છે.

**જગન્નાથ મંદિર, અમદાવાદની સ્થાપના અને રથ યાત્રાનો પ્રારંભઃ-** આ મંદિરનો ઈતિહાસ 450 વર્ષ જુનો છે. આ મંદિરની સ્થાપના સારંગજીદાસે કરી હતી. જગન્નાથ મંદિર પહેલા હનુમાનજીનું મંદિર હતું. આ મંદિરના નિર્માણ પાછળ એક આદેશ કારણભુત છે. સારંગજીદાસજીને સપનામાં જગન્નાથજીની મૂર્તિ સ્થાપિત કરવાનો આદેશ મળ્યો હતો. જેથી તેઓ પુરીથી નીમકાષ્ઠની બનેલી મૂર્તિઓ લાવ્યા અને સંપુર્ણ વિધિવિધાન સાથે આ મૂર્તિઓ ની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ. અષાઢીબીજના દિવસે એટલે કે 1 જૂલાઈ 1978માં પ્રથમ રથયાત્રા યોજાઈ હતી. 140 વર્ષ પહેલાં જગન્નાથ મંદિરના મહંત નરસિંહદાસજીએ પ્રથમવાર ઈ.સ. 1978ની અષાઢી બીજના દિવસે રથયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

**રથયાત્રાનો વૈભવ :-** રથયાત્રા અગાઉ, જેઠ સુદ પૂનમના દિવસે જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ જળયાત્રાનું સરઘસ સાબરમતી નદી પર આવી ગંગાની માનસ પૂજા કરે છે તેમજ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા ત્રણેય ભગવાનનું ષોડષોપચાર પૂજન કરીને તેમને પ્રતીકાત્મક રીતે મામાના ઘરે મોકલવામાં આવે છે. યાત્રાના બે દિવસ પહેલા નેત્રોત્સવની ઉજવણી કરવામાં આવે છે. મોસાળમાં વધુ પડતું ખાઈને નેત્રદાહ ગયો છે તેવું માનીને ભગવાનને નેત્રને રાહત થાય તેવી સારવાર વિધિઓ પૂજા દ્વારા કરવામાં આવે છે. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામજી નેઅલગ અલગ રથમાં બિરાજમાન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથજી નગરના લોકોને દર્શન આપવા નીકળે છે ભગવાન જગન્નાથના મંદિરમાં પ્રસાદ તરીકે માલપુઆ અપાય છે જ્યારે રથયાત્રા દરમિયાન મોટા પ્રમાણમાં સુકામેવા, જથ્થાબંધ ઘી, ચોખા તેમજ અન્ય અનાજ દ્વારા તૈયાર કરાયેલો વિશિષ્ટ પ્રકારનો ખીચડો, ફણગાવેલા કઠોળ, જાંબુ, કાચી કેરી, કાકડી, દાડમ વગેરે પ્રસાદને છૂટા હાથે વહેચવામાં આવે છે. દિવસભર ચાલતી આ રથયાત્રા સવારે 7 વાગ્યે નિકળી અમદાવાદના 22 કિલોમીટર લાંબા માર્ગ પર ફરીને રાત્રે 8.30 વાગ્યે નીજ મંદિરે પરત ફરે છે.

**ગુજરાતમાં આવેલો કચ્છ જિલ્લો અને કચ્છીઓ અષાઢી :-** બીજને નવા વર્ષ તરીકે ઉજવે છે. અષાઢી બીજ એટલે રથયાત્રા અને કચ્છીઓનું નવું વર્ષ. કેટલાક ઈતિહાસકારો આ નવા વર્ષની ઉજવણીની પરંપરાને તેનાથી પણ જૂની કહે છે. દેશવટો ભોગવી કચ્છના કુશળ શાસક લાખો ફુલાણી દેશવટો ભોગવી કચ્છ પરત ફર્યા અને તે દિવસે કચ્છમાં મનભરીને વરસાદ વરસ્યો અને તરસ્યા કચ્છના લોકો આનંદિત થઈ આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. વિક્રમ સંવત કરતાં ચાર માસ આગળ કચ્છી નવું વર્ષ ઉજવવામાં આવે છે.

**(ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક- સંગીતકાર)**

# દિલ્હીમાં નેવી ભવનમાં કાર્યરત ક્લાર્ક પાક.નો જાસૂસ નીકળ્યો, ISIને મોકલતો ગુપ્ત માહિતી

**નવી દિલ્હી**

દિલ્હી સ્થિત નેવી ભવનથી એક પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરવામાં આવી છે. આરોપી નેવી ભવનમાં અપર ડિવિઝન ક્લાર્ક(UDC)ના પદ પર કામ કરી રહ્યો હતો, તેના પર પાકિસ્તાનની ગુપ્ત એજન્સી માટે જાસૂસી કરવાનો આરોપ છે. રાજસ્થાન પોલીસની ગુપ્ત વિંગે તેની ધરપકડ કરી છે. આ ધરપકડે દેશની સુરક્ષા એજન્સીઓમાં હડકંપ મચાવી દીધો છે. રાજસ્થાન CID ઇન્ટેલિજન્સે આ મોટી કાર્યવાહી કરીને વિશાલ યાદવની બુધવારે (25 જૂને) શાસકીય ગુપ્તચર



અધિનિયમ 1923 હેઠળ ધરપકડ કરી હતી.

પોલીસ મહાનિરીક્ષક CID સુરક્ષા વિષ્ણુકાંત ગુપ્તાએ જણાવ્યું કે, 'પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ દ્વારા કરવામાં આવતી જાસૂસી પ્રવૃત્તિઓ પર સીઆઈડી ઇન્ટેલિજન્સ રાજસ્થાન સતત નજર રાખી રહ્યું હતું અને આ દેખરેખ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે નેવી ભવન દિલ્હીમાં ડોકયાર્ડ ડિરેક્ટોરેટમાં કાર્યરત વિશાલ યાદવ સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સીની મહિલા હેન્ડલર સાથે સતત સંપર્કમાં હતો.

આ મહિલાનું નામ પ્રિયા શર્મા હોવાનું કહેવાય છે. તેણે વિશાલને પૈસાની લાલચ આપીને નેવી ભવનથી વ્યૂહાત્મક રૂટે મહત્ત્વની ગુપ્ત માહિતીની સૂચના કઢાવવા માટે ઉકસાવ્યો હતો.

# પંજાબમાં વિજિલન્સના દરોડા, પૂર્વ મંત્રી વિક્રમસિંહ મજીઠિયાની ધરપકડ

**ચંડીગઢ**

શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા અને પંજાબના પૂર્વ મંત્રી વિક્રમ સિંહ મજીઠિયાની અમૃતસર સ્થિત તેમના ગ્રીન એવન્યુ વાળા ઘરેથી ધરપકડ કરી લેવામાં આવી છે. આજે સવારે વિજિલન્સની ટીમ દરોડા પાડવા પહોંચી હતી. આ દરોડાની કાર્યવાહીના કલાકો બાદ તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ડ્રગ્સની તસ્કરીના મામલે મજીઠિયાના ઘરની તપાસ કરવામાં આવી રહી હતી. ટીમે ઘણા દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આવક કરતાં વધુ સંપત્તિના મામલે તેમની ધરપકડ



કરવામાં આવી છે. મજીઠિયા શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલના સાળા છે. અહેવાલ પ્રમાણે મજીઠિયાને મોહાલી લઈ જવામાં આવ્યા છે. શિરોમણી અકાલી દળના નેતાઓએ મજીઠિયાના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સામાન્ય ઝપાઝપી બાદ તેમને પાછા ધકેલી દેવામાં આવ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં સુરક્ષા દળો-આતંકવાદીઓ વચ્ચે અથડામણ

**ઉધમપુર**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. બસંતગઢ ગામમાં શંકાસ્પદ આતંકવાદીઓ જોવા મળ્યાના સમાચાર મળતા જ સુરક્ષા દળોએ ગામને ઘેરી લીધું હતું. સ્થાનિક પોલીસ સાથે મળીને સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પરંતુ શોધખોળ દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો.

ભારતીય સેના તરફથી વ્હાઈટ નીટ કોપર્સ નામના એક્સ એકાઉન્ટ પર પોસ્ટ લખીને આ અથડામણની પુષ્ટિ કરવામાં આવી છે. પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે ભારતીય સેના અને જમ્મૂ-કાશ્મીર પોલીસે વસંતગઢના બિહાલી જીલ્લામાં સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓ સાથે અથડામણ થઈ ગઈ હતી. ઓપરેશન હજી ચાલુ છે. સુરક્ષાબળો અને પોલીસે આખા વિસ્તારમાં ઘેરાવ કર્યો છે. આતંકીઓને છોડવામાં આવશે નહીં. 3 જૂલાઈથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. જે 9 ઓગસ્ટે પુરી થઈ જશે. જેમાં દર્શનાર્થે લાકો શ્રધ્ધાળુઓ આવશે. જેના કારણે સુરક્ષા વધુ મજબૂત કરી દેવામાં આવી છે.

# ઉત્તરાખંડમાં શ્રદ્ધાળુઓની બસ અલકનંદામાં ખાબકતાં 2ના મોત, 8 ઈજાગ્રસ્ત, 10 ગુમ

## મૃતકોમાં સુરતની ડ્રીમી સોની અને મધ્યપ્રદેશના વિશાલ સોનીનો સમાવેશ

**રુદ્રપ્રયાગ**

ઉત્તરાખંડમાં રુદ્રપ્રયાગ-બદ્રીનાથ હાઈવે પર એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં ધોલતીર વિસ્તારમાં એક મુસાફરોથી ખીચોખીચ બસ અલકનંદા નદીમાં ખાબકી ગઈ હતી. આ દુર્ઘટનામાં અનેક લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણકારી મળતાં જ રેસ્ક્યૂ ટીમ રવાના થઈ હતી. આ એક ટેમ્પો ટ્રાવેલર મિની બસ હતી.



જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના મુસાફરો સામેલ હોવાની જાણકારી મળી છે. આ મિની બસમાં કુલ 20 મુસાફરો સવાર હતા જેમાંથી 2 લોકોના મોત થયા છે જેમાં એક મૃતક ગુજરાતની છે જેનું નામ ડ્રીમી સોની જણાવાયું છે. જ્યારે હજુ 8 લોકો ઈજાગ્રસ્ત છે. ઈજાગ્રસ્તોમાં ત્રણ ગુજરાતીઓ સામેલ છે. માહિતી અનુસાર 10 લોકોની કોઈ હજુ કોઈ ભાળ મળી નથી જેમાં બે ગુજરાતી સામેલ છે. મૃતકો ડ્રીમી સોની (17 વર્ષ, રહે. સુરત, ગુજરાત) વિશાલ સોની, (42, મધ્ય પ્રદેશ)નો સમાવેશ થાય છે.

# ઝારખંડમાં મૃતકના નામે રાશન લેવાનું કૌભાંડ ઝડપાયું : 50,000 મૃતકના નામ હટાવી દેવાયા

## અનેક પાસે બે-બે રાજ્યોના રાશન કાર્ડ, હજુ બે લાખ રાશન કાર્ડની ચકાસણી બાકી

**નવી દિલ્હી**

દેશમાં મૃતકોના નામે રાશન લેવાના કૌભાંડનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કેન્દ્ર સરકારના આદેશ બાદ વિવિધ રાજ્યોમાં રાશનમાં નામો અંગે ચકાસણી થઈ રહી છે, જેમાં ઝારખંડમાં 50 હજાર મૃત લાભાર્થીઓના નામ રાશન કાર્ડમાંથી હટાવાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાંથી બનાવટી રાશન કાર્ડની પુષ્ટી થયા બાદ 2.36 લાખ રાશન કાર્ડ રદ કરવામાં આવ્યા છે. તપાસમાં ખુલાસો થયો છે કે, 2.36 લાખ બનાવટી રાશનકાર્ડ ધારકો ઘણા વર્ષોથી રાશનનો લાભ લઈ રહ્યા છે.

રાશન કાર્ડની તપાસમાં એવા લોકોના નામ પણ છે, જેઓ બિહાર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, પશ્ચિમ બંગાલ અને ઓડિશાનું પણ રાશન કાર્ડ ધરાવે છે. આવી સ્થિતિમાં સક્ષમ હોવા છતાં બનાવટી રાશન કાર્ડ બનાવી મફત રાશનનો લાભ ઉઠાવનારા લોકોની સંખ્યા હજારોમાં હોઈ શકે છે. અનેક મામલ સામે આવ્યા બાદ ખાદ્ય, જાહેર વિતરણ અને ગ્રાહક બાબતો વિભાગે બનાવટી રાશન કાર્ડ રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

વાસ્તવમાં કેન્દ્ર સરકારે ઝારખંડ સરકારને 2,54,857 મૃતક લાભાર્થીઓની યાદી સોંપી હતી અને ચકાસણી કર્યા બાદ રાશન કાર્ડમાંથી નામ હટાવવાનો આદેશ આપ્યો છે. જોકે અત્યાર સુધીમાં માત્ર 50,000 નામોની જ ચકાસણી કર્યા બાદ નામ કાઢી નાખવામાં આવ્યા છે. જ્યારે લગભગ 2 લાખથી વધુ લાભાર્થીઓના નામની ચકાસણી કરવાની બાકી છે.

# ઈટાવામાં કથાકાર સાથે દુર્વ્યવહાર થતાં ટોળાનો પોલીસ પર પથ્થમારો કરાયો

**ઈટાવા**

ઉત્તર પ્રદેશના ઈટાવામાં યાદવ કથાકાર સાથે દુર્વ્યવહાર થયા બાદ 'અહીર રેજિમેન્ટ' અને 'યાદવ મહાસભા'ના લોકો સામસામે આવી ગયા છે. આ દરમિયાન મામલો શાંત પાડવા દાંદરપુર ગામમાં ગયેલી પોલીસ પર ટોળાએ પથ્થમારો કર્યો છે. ટોળાએ લાકડી, દંડા, ઈંટો, પથ્થરોથી પોલીસ વાહનોમાં તોડફોડ કરી છે. જવાબમાં પોલીસે હવામાન ફાયરિંગ કરતા ટોળું વિખેરાઈ ગયું છે. ઈટાવામાં યાદવ કથાકારનું અપમાન કરાયું હતું, જેના કારણે જિલ્લામાં બ્રાહ્મણ અને યાદવ સમાજના લોકો સામસામે આવી ગયા છે. ત્યારબાદ પોલીસે બંને પક્ષના આરોપીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. પછી આહીર અને યાદવ સમાજના લોકો બકેવર પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યા બાદ દાંદરપુર ગામ જઈ રહ્યા હોવાની પોલીસને માહિતી મળતા જ પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી.

ત્યારબાદ પોલીસ અને સમાજના લોકો વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન બાઈકો લઈને આવેલું ટોળું ગુસ્સે થઈ ગઈ હતી અને પોલીસ પર પથ્થમારો શરૂ કર્યો, જેના કારણે પોલીસના વાહનો પણ નકસાન થયું છે.

# ભારતમાં બંધારણ જ સર્વોપરી, સંસદ એના મૂળ માળખા સાથે ખિલવાડ ન કરી શકે : સીજેઆઈ

**નવી દિલ્હી**

CJI બી. આર. ગવઈએ કહ્યું છે કે ભારતનું બંધારણ સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો ન્યાયપાલિકા, કારોબારી અને વિધાનસભા તેના હેઠળ કાર્ય કરે છે. એટલું જ નહીં, સીજેઆઈએ એમ પણ કહ્યું કે કેટલાક લોકો કહે છે કે સંસદ સર્વોપરી છે, પરંતુ મારા મતે બંધારણ સર્વોપરી છે.ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડેએ એક નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે 'સંસદ સર્વોપરી છે.' CJI બી. આર. ગવઈએ આ અંગે તેમણે કહ્યું હતું કે, 'ભારતનું બંધારણ દેશમાં સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો બંધારણ અનુસાર કાર્ય કરે છે. સંસદ પાસે ચોક્કસપણે બંધારણમાં સુધારો કરવાની સત્તા છે, પરંતુ તે ક્યારેય બંધારણના મૂળભૂત માળખા સાથે છેડછાડ કરી શકે નહીં.'

# પેટાચૂંટણીમાં હારતાં કોંગ્રેસમાં ઘમસાણ લુધિયાણામાં પાર્ટીના નેતાનું રાજીનામું

## પરગટ સિંહ અને કુશલદીપ સિંહ ઢિલ્લોને રાજીનામું ધર્યું

**લુધિયાણા**

લુધિયાણા પશ્ચિમ વિધાનસભા બેઠક પર થયેલી પેટાચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસમાં જૂથવાદની ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે, પ્રદેશ પ્રમુખે તેને સંપૂર્ણપણે નકારી કાઢ્યું છતાં પંજાબ કોંગ્રેસમાં બળવાના સૂર સંભળાઈ રહ્યા છે. બે વરિષ્ઠ નેતાઓ પરગટ સિંહ અને કુશલદીપ સિંહ ઢિલ્લોને પંજાબ કોંગ્રેસના ઉપપ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના રાજીનામા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને પંજાબ પ્રભારી ભૂપેશ બઘેલને મોકલી દીધા છે. બંને નેતાઓએ પાર્ટીની તાજેતરની હાર માટે સામૂહિક આત્મમંથનની માગ કરી છે અને પ્રદેશ કોંગ્રેસ સંગઠનના પુનર્ગઠનની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. જોકે, બંને નેતાઓએ આ ઘટનાક્રમ પર કોઈ ઔપચારિક ટિપ્પણી નથી કરી. આ સમગ્ર મામલે જ્યારે પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંહ રાજા વાર્રિંગને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'મને કોઈ રાજીનામું નથી મળ્યું. આ મામલો પાર્ટી હાઈકમાન્ડે જોવાનો છે.'

# મેરઠમાં ફુગ્ગા વેચીને ગુજરાન ચલાવતી મહિલાની પુત્રીને કાર ચાલકે કચડી નાંખતા મોત

**મેરઠ**

ઉત્તર પ્રદેશના મેરઠમાં નૌચંદી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા નૌચંદી મેળાના ગેટનો છે, જ્યાં રાજસ્થાનના રહેવાસી જયવીર 26 મેના રોજ પોતાની વૃદ્ધ માતા કરણી દેવી, પત્ની સવિતા અને બાળકો સાથે આવ્યો હતો. પરિવાર ફુગ્ગા અને રમકડાં વેચીને ગુજરાન ચલાવે છે. મંગળવારે રાત્રે 10:30 વાગ્યે, જયવીરની 2 વર્ષની પુત્રી કાજલ તેની દાદી સાથે એક શોરૂમ પાસે રસ્તાના કિનારે રમી રહી હતી. આ દરમિયાન એક ઈકો સ્પોર્ટ કારે આ બાળકીને ટક્કર મારી દીધી. ટક્કર માર્યા બાદ કાર ડ્રાઈવર કાર છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો. ઘાયલ બાળકીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી. આ અકસ્માત બાદ પીડિત પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

# હિમાચલ પ્રદેશમાં ધર્મશાલામાં ઘોડાપૂર, 20 શ્રમિકો તણાયા, તમામના મોતની સંભાવના

**ધર્મશાલા**

હિમાચલ પ્રદેશમાં ચોમાસાની શરુઆતથી જ તબાહી જોવા મળી છે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ, ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી રહી છે. કાંગડામાં એક હાઈડ્રો પ્રોજેક્ટ નજીક ખડ્ડમાં ફ્લેશ ફ્લડ આવવાથી 15થી 20 શ્રમિક તણાઈ ગયા છે. ધર્મશાળાની નજીક ઈન્દિરા પ્રિયદર્શની હાઈડ્રલ પ્રોજેક્ટ, સોકણી દા કોટ(ખનિયારા)માં મણુણી ખડ્ડમાં પાણીનું વહેણ અચાનક વધવાથી લગભગ 15થી 20 શ્રમિક તણાઈ ગયા. આ તમામ ખટ્ટ કિનારે બનેલા શેડમાં રહેતા હતા. ચંબાના રહેવાસી શ્રમિક ધર્મેન્દ્રએ જણાવ્યું કે, બપોરે પાવર હાઉસના બ્રિજ નંબર 1ની નજીક આ ઘટના બની છે. તેમણે જણાવ્યું કે, બુધવાર બપોરે એક વાગ્યે અંદાજિત હવામાન સ્વચ્છ થઈ ગયું હતું અને ફરી એકાએક પલટો આવ્યો હતો. તેઓ પ્રોજેક્ટમાં બેલ્ડરનું કામ કરે છે. ધારાસભ્ય સુધીર



શર્માએ લખ્યું કે, આ અત્યંત દુઃખદ અને પીડાદાયક સમાચાર છે કે ઈન્દિરા પ્રિયદર્શની હાઈડ્રલ પ્રોજેક્ટ, સોકણી દા કોટ (ખનિયારા), ધર્મશાળામાં મણુણી ખડ્ડમાં ઘોડાપૂર આવતાં 15થી 20 શ્રમિક તણાઈ ગયા. આ તમામ ખડ્ડ કિનારે બનેલા શેડમાં રહેતા હતા. આવા દુઃખના સમયે અમે પીડિત પરિવારોની સાથે છીએ.

# આતંકી કાવતરા મામલે NIAએ ઉત્તર પ્રદેશ સહિત 3 રાજ્યોમાં દરોડા પાડ્યા

## કેટલાક દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો મળી આવ્યા

**લખનઉ**

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ ગુરુવારે સવારે એક સાથે 18થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા છે. NIA દ્વારા પંજાબમાં 9, હરિયાણામાં 7 અને ઉત્તર પ્રદેશમાં 2 સ્થાનો પર આતંકી કાવતરા મામલે દરોડા પાડવામાં આવ્યા હોવાનું કહેવાય છે. પંજાબમાં જાલંધર અને ટાંડા ઉડમુરમાં દરોડા પાડ્યા છે. જાલંધરના ફ્રેન્ડ્સ કોલોની અને ઉડમુર શહેરમાં બે અલગ અલગ ઘરો પર દરોડા પાડવામાં આવતા બંને વિસ્તારોમાં ખળભળાટ મચી ગયો હતો. NIA ટીમે ઉડમુરના ગઢી મોહલ્લાના રહેવાસી એક યુવકના ઘરે દરોડો પાડ્યો હતો. આ યુવક હાલમાં વિદેશમાં રહે છે. આ સાથે NIA ટીમે તે જ શહેરના અન્ય એક યુવકના ઘરે પણ દરોડાની કાર્યવાહી કરી હતી. બંને સ્થળોએ ટીમ દ્વારા સઘન પૂછપરછ સાથે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. યુવક પાસેથી કેટલાક દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો મળી આવ્યા છે. તેના મોબાઈલની કોલ ડિટેલ્સની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# દીકરીઓએ અપમાન કરતાં નિવૃત્ત પિતાએ 4 કરોડની સંપત્તિ મંદિરમાં આપી

**હૈદરાબાદ**

તમિલનાડુમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક નિવૃત પિતા પોતાની દીકરીઓના અપમાનથી એટલા તંગ આવી ગયા કે, તેમણે પોતાની 4 કરોડની સંપત્તિ એક મંદિરમાં દાન કરી દીધી છે. અરુલમિગુ રેણુગમ્બાલ અમ્મન મંદિર પ્રશાસને જણાવ્યું કે, 24 જૂનના રોજ જ્યારે મંદિરની દાનપેટી ખોલવામાં આવી ત્યારે સિક્કા અને નોટો સાથે બે મૂળ સંપત્તિના દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. એક સંપત્તિની કિંમત 3 કરોડ રૂપિયા અને બીજી 1 કરોડ રૂપિયા હતી. આ સાથે જ એક પત્ર પણ હતો જેમાં વિજયને સ્પષ્ટ લખ્યું હતું કે, 'મેં આ સંપત્તિ સ્વેચ્છાએ મંદિરને સમર્પિત કરી છે.' વિજયન અરની કેશવપુરમ ગામના નિવાસી છે. તેમને રેણુગમ્બાલ અમ્મનના કટ્ટર ભક્ત માનવામાં આવે છે. તપાસમાં જાણવા મળ્યું કે, તેઓ છેલ્લા 10 વર્ષથી એકલા રહેતા હતા. તેમનો તેમના પત્ની સાથે મતભેદ હતો. તાજેતરના મહિનાઓમાં તેમની દીકરીઓ તેમના પર સંપત્તિ સોંપવા માટે દબાણ કરી રહી હતી અને રોજિંદી જરૂરિયાતો માટે પણ તમને ટોણો મારીને તેમનું અપમાન કરી રહી હતી.

# દિલ્હીમાં રિઠાલા મેટ્રો સ્ટેશન નજીક ફેક્ટરીમાં ભીષણ આગ, 4 લોકોના મૃતદેહ મળી આવ્યા

## મોડી સાંજે એક પ્લાસ્ટિક અને કપડાંની પ્રિન્ટિંગ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી

**નવી દિલ્હી**

દિલ્હીના રિઠાલા મેટ્રો સ્ટેશન નજીક ગઈકાલે મંગળવારે મોડી સાંજે એક પ્લાસ્ટિક અને કપડાંની પ્રિન્ટિંગ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં ચાર લોકોના મોત થયા હતાં. ફાયર બ્રિગેડે આગ પર કાબૂ તો મેળવી લીધો હતો. પરંતુ તેઓને ફેક્ટરીની અંદરથી ચાર બળી ગયેલા શબ મળી આવ્યા હતાં. મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા



છે. ફેક્ટરીમાં ભીષણ આગ લાગતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ અંગે માહિતી આપતાં ફાયર બ્રિગેડના કર્મચારીએ જણાવ્યું હતું કે, મંગળવારે સાંજે રિઠાલા મેટ્રો સ્ટેશન નજીક આવેલી એક ફેક્ટરીમાં આગ લાગી હતી. જેના પર કાબૂ મેળવી લેવાયો હતો. અમને ફેક્ટરીમાંથી ચાર બળી ગયેલી હાલતમાં મૃતદેહો મળી આવ્યા હતાં. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીએ જણાવ્યા પ્રમાણે, મંગળવારે સાંજે 7.25 વાગ્યે ફેક્ટરીમાં આગ લાગી હતી. આ ફેક્ટરીમાં પ્લાસ્ટિક અને કપડાં પર પ્રિન્ટિંગનું કામ થતુ હતું. આગમાં બેથી ત્રણ લોકો ઘાયલ પણ થયા હતા..

# રાજસ્થાનમાં 400થી વધુ બંગાળીને કસ્ટડીમાં લેવાતા બંગાળ CM મમતા બેનરજી ભડક્યા

## બંગાળી બોલનારા લોકોને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ મોકલાયા છે : મમતા બેનર્જી

**જયપુર**

રાજસ્થાનમાં 400 બંગાળીઓને કસ્ટડીમાં લેવાતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પ્રતિક્રિયા આપી છે. તેમણે મંગળવારે (24 જૂન) કહ્યું કે, 'કેટલીક ભાજપ શાસિત રાજ્યોની પોલીસ પશ્ચિમ બંગાળના બંગાળી ભાષી લોકોને ગેરકાયદે બાંગ્લાદેશી અપ્રવાસી ગણાવી કસ્ટડીમાં લઈ રહ્યા છે. અમને માહિતી મળી છે કે, ઈટાહાર (બાંગ્લાદેશની સરહદને અડીને આવેલા ઉત્તર



બંગાળના કૂચ બિહાર જિલ્લો)ના 300-400 લોકોને રાજસ્થાનમાં એક ઘરમાં બળજબરીથી બંધ કરાયા છે. તેઓ બંગાલી ભાષા બોલતા હોવાથી તેઓને બાંગ્લાદેશી ગણાવ્યા છે. જોકે તેઓએ પોતાનો ઓળખપત્ર દેખાડ્યા છે.'

તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીએ કહ્યું કે, 'હું રાજસ્થાનમાં બંગાળીઓને થયેલી હેરાનગતીની વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પહોંચાડીશ. ભાજપ શાસિત રાજ્યો દ્વારા બંગાળી બોલનારા લોકોને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ મોકલવામાં આવી રહ્યા છે. ભાજપ શાસિત રાજ્યોમાં પશ્ચિમ બંગાળના વાસ્તવિક નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે.

# તેલંગાણામાં મહિલાએ ટ્રેક પર દોડાવી કાર, 15 ટ્રેનોનો રૂટ બદલવો પડ્યો

**હૈદરાબાદ**

તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં એ સમયે અફરા-તફરી મચી ગઈ જ્યારે ઉત્તર પ્રદેશની 34 વર્ષીય એક મહિલાએ પોતાની કાર રેલવે ટ્રેક પર દોડાવી દીધી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે. આ ચોંકાવનારી ઘટના શંકરપલ્લી સ્ટેશન પાસે બની હતી. વાયરલ વીડિયોમાં મહિલાની SUV રેલવે ટ્રેક પર ઝડપથી દોડતી જોઈ શકાય છે. રેલવે કર્મચારી, સ્થાનિક લોકો અને પોલીસ મહિલાને કારમાંથી કાઢવાનો પ્રયાસ કરતા વીડિયોમાં જોઈ શકાય છે. જ્યારે એકઠી થયેલી ભીડે મહિલાને કારમાંથી બહાર કાઢીને હાથ બાંધ્યા તો તે ચીસ પાડીને હાથ ખોલવા માટે કહી રહી છે. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, લગભગ 20 લોકોની મદદથી મહિલાને બહાર કાઢવામાં આવી. તે બિલકુલ પણ સહયોગ નહોતી આપી રહી અને ખૂબ જ આક્રમક હતી. રેલવે પોલીસના એસપી ચંદના દિપ્તિએ જણાવ્યું કે, મહિલા માનસિક રીતે અસ્થિર લાગી રહી હતી. મહિલાના આ કાંડ બાદ 10 થી 15 ટ્રેનો પ્રભાવિત થઈ છે. તેના રૂટ બદલવા પડ્યા. બેંગ્લોર-હૈદરાબાદ એક્સપ્રેસ પણ તેમાં સામેલ છે.

# રાજા રઘુવંશી હત્યાકેસમાં પોલીસને 3 પુરાવા મળ્યા : સોનમ, રાજ, સાગરિતોને જેલ પાક્કી

**ઇન્દોર**

ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યાનો કેસ 99% ઉકેલાઈ ગયો છે. આ કેસમાં પોલીસને જે સબૂત મળ્યાં છે તે તમામ આરોપીઓને સજા કરવા માટે પૂરતા છે. પોલીસે પ્રોપર્ટી બ્રોકર શિલોમ જેમ્સ અને હત્યા કેસના આરોપી લોકેન્દ્ર સિંહ તોમરની સઘન પૂછપરછ બાદ સોનમનું લેપટોપ, પિસ્તોલ અને 5 લાખ રૂપિયા રોકડા ભરેલી બેગ જપ્ત કરી હતી. રાજાની હત્યા કેસમાં પોલીસે કુલ 8 લોકોની ધરપકડ કરી લીધી છે. આ તમામ સામે પોલીસે પુખ્તા સબૂત હાંસલ કરી લીધા છે.

પોલીસની તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું છે કે, રાજાની હત્યામાં સોનમ રઘુવંશીનો બોયફ્રેન્ડ રાજ કુશવાહા માસ્ટરમાઈન્ડ છે. રાજે જ સોનમને સંપૂર્ણ રીતે મદદ કરી હતું. હત્યા કેવી રીતે કરવી તેનું તમામ પ્રકારનું આયોજન રાજે કર્યું હતું. પોલીસે હત્યા કેસના અન્ય આરોપી વિશાલ ઉર્ફે વિક્કીએ પૂછપરછ કરી તો તેણે જણાવ્યું કે, ઈન્દોરમાં સોનમના ઠેકાણા પર એક કાળી બેગ તેણે જ પહોંચાડી હતી. આ બેગમાં 5 લાખ રૂપિયા રોકડા, ઘરેણાં, કપડાં અને દેશી બનાવટની પિસ્તોલ હતી. આ પિસ્તોલ હત્યા યોજના-બીનો ભાગ હતી.

# નિર્દોષો લોકોનું લોહી વહેવડાવનારાઓને અમે બક્ષીશું નહીં : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

**શાંઘાઈ**

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ હાલ ચીનમાં SCOની બેઠકમાં હાજરી આપવા પહોચ્યા હતા. કિંગદાઓ શહેરમાં ચાલી રહેલી SCO સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં રાજનાથ સિંહે યજમાન ચીન અને પાકિસ્તાનને આતંકવાદ અંગે જવાબ આપી દીધો હતો. તેમણે કહ્યું કે અમે આતંકવાદ સામે કાર્યવાહી કરતા રહીશું. રાજનાથ સિંહે કહ્યુ કે નિર્દોષોનું લોહી વહેવડાવનારાઓને અમે બક્ષીશું નહીં. કેટલાક દેશો આતંકવાદના સમર્થક છે. આ મહત્વપૂર્ણ બેઠકમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફ પણ હાજર હતા. પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત અને પાકિસ્તાન વચ્ચેના કડવા સંબંધો વચ્ચે બંને નેતાઓ પહેલીવાર એક મંચ પર સાથે જોવા મળ્યા. SCO સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં, રાજનાથ સિંહે તેમના પાકિસ્તાની સમકક્ષ સામે ખુલ્લેઆમ આતંકવાદ અને ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આતંકવાદ સામે અમારી કાર્યવાહી ચાલુ રહેશે.

### SCOના જોઈન્ટ સ્ટેટમેન્ટ પર સહીં કરવાની ભારતે ઘસીને ના પાડી

રાજનાથ સિંહે શાંઘાઈ સહયોગ સંમેલનના સંયુક્ત ઘોષણાપત્ર પર સહી કરવાની ના પાડી દીધી. ચીનના કિંગદાઓ પ્રાંતમાં યોજાયેલી આ બેઠક માટે તૈયાર થયેલા જોઈન્ટ સ્ટેટમેન્ટમાં આતંકવાદ પર ભારત સંલગ્ન ચિંતાઓને સામેલ કરવામાં ન આવી. ત્યારબાદ ભારતે કડક વલણ અપનાવ્યું. જેના કારણે જોઈન્ટ સ્ટેટમેન્ટ ઈશ્યું થઈ શક્યું નહીં.

# ભારત-ઈંગ્લેન્ડ બીજી ટેસ્ટમાં ICC નવા નિયમો લાગુ કરશે

**નવીદિલ્હી :** હાલ ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ ચાલી રહી છે, જેમાંથી બીજી ટેસ્ટ મેચ 2થી 6 જુલાઈ રમાવાની છે. આ દરમિયાન બંને ટીમોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના નવા નિયમો હેઠળ બીજી ટેસ્ટ મેચ રમવાની રહેશે. પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતનો ઈંગ્લેન્ડ સામે પાંચ વિકેટે પરાજય થયો હતો. આ ટેસ્ટ મેચોની સિરિઝ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2025-2027 (WTC) હેઠળ રમાઈ રહી છે.

આઈસીસીએ ટેસ્ટ મેચ માટે જાહેર કરેલા નવા નિયમોની વાત કરીએ તો, તેમાં 'સ્ટૉપ ક્લૉક'થી લઈને 'શોર્ટ રન' સંબંધ નિયમો સામેલ છે. આ નિયમો નવા WTCથી લાગુ કરી દેવાયા છે. આઈસીસીએ નવા નિયમો પહેલેથી જ બનાવી દીધા છે અને તેને શ્રીલંકા-બાંગ્લાદેશની ટેસ્ટથી લાગુ કરી દેવાયા છે.

**1... ટેસ્ટ ક્રિકેટમાં સ્ટૉપ ક્લોક નિયમ :** આઈસીસીએ વ્હાઈટ ફોર્મેટની જેમ ટેસ્ટ મેચોમાં સ્ટોપ ક્લોક નિયમ લાગુ કર્યો છે. આ નિયમ મુજબ ફિલ્ડિંગ કરતી ટીમે 60 સેકન્ડની અંદર આગામી ઓવર શરૂ કરવાની રહેશે. જો આવું નહીં કરે તો એમ્પાયર બે વખત ચેતવણી આપશે. ત્રીજી વખત ભૂલ કરશે તો પાંચ રનની પેનલ્ટી ફટકાશે, એટલે કે વિરોધી ટીમને પાંચ રન અપાસે. આ નિયમ દર 80 ઓવર સુધી લાગુ પડશે, એટલે કે 81 ઓવરમાં ફરી વોર્નિંગ નિયમ શરૂ થસે.

**2...વન-ડેમાં 35 ઓવર બાદ માત્ર એક બોલનો ઉપયોગ થશેઃ** વન-ડે ક્રિકેટમાં 25 ઓવરે એક બોલનો ઉપયોગ થતો હતો, જોકે બે જુલાઈથી વન-ડેમાં 35 ઓવર બાદ એક ટીમને એક જ બોલનો ઉપયોગ કરવાની મંજૂરી અપાશે.

**3... સલાઈવા નિયમમાં પણ ફેરફાર :** બોલ પર લાળ લગાવવા પર પ્રતિબંધ છે. જો કોઈ ખેલાડી આવું કરે છે તો પાંચ રનની પેનલ્ટી ફટકારવામાં આવે છે. અગાઉ બોલ પર લાળ લગાવતી વખતે બોલ ફરજીયાત બદલાતો હતો. જોકે હવે બોલ બદલવાનો નિર્ણય એમ્પાયર કરશે. જો એમ્પાયરને લાગશે કે બોલ બદલવાની જરૂર છે, તો જ આવું થઈ શકશે.

**4... નો બોલ પર કેચનો રિવ્યૂ જોવાશે :** અગાઉ નો બોલ વખતે કેચનો રિવ્યૂ જોવાતો ન હતો. જોકે હવે નો બોલ વખતે કેચ થશે તો તેનો રિવ્યૂ જોવમાં આવશે. જો યોગ્ય કેચ હશે તો બેટિંગ કરતી ટીમને માત્ર એક રન મળશે. જો યોગ્ય કેચ નહીં હોય તો તે બોલર પર જેટલા રન કર્યા છે, તે રન ગણવામાં આવશે.

**5... શોર્ટ રન પર પેનલ્ટી :** જો બેટર જાણીજોઈને શોર્ટ રન લેશે તો બેટિંગ કરતી ટીમને પાંચ રનની પેનલ્ટી ફટકારાશે. આ સાથે સ્ટ્રાઈક પર કયા બેટરને રાખવો, તે નિર્ણય ફિલ્ડિંગ કરતી ટીમ અને એમ્પાયર કરશે.

**6... આઉટની અપીલનો નિયમ પણ બદલાયો :** જો બેટર વિરુદ્ધ LBW અને રન આઉટ માટે અપીલ કરવામાં આવશે તો ટીવી એમ્પાયર પહેલા એલબીડબલ્યુનો રિવ્યૂ જોશે. કારણ કે આ પહેલા બન્યું છે અને જો બેટ્સમેન આઉટ થાય છે, તો બોલ ત્યાં જ ડેડ થઈ જશે.

**7... કેચ માટેનો નવો નિયમ :** નવા નિયમ મુજબ ફિલ્ડિંગ બાઉન્ડ્રી બહાર હવામાં ઉછળતો બોલ માત્ર એક વાર ટચ કરી શકશે. જો કોઈ ફિલ્ડર હવામાં જ ઉછળતા બોલને બાઉન્ડ્રીની અંદર નાખશે અને પછી બાઉન્ડ્રી અંદર આવી કેચ કરશે તો તેને લીગલ માનવામાં આવશે.

**8... DRS નિયમ પણ બદલાયો :** જો બેટરને કેચ આઉટ જાહેર કરવામાં આવે અને રિવ્યૂમાં પેડ પર બોલ અડતો સ્પષ્ટ દેખાશે તો થર્ડ એમ્પાયર LBWની તપાસ કરશે. આ દરમિયાન જો બૉલ-ટ્રેકિંગમાં એમ્પાર્સ કૉલ આવશે તો બેટરને આઉટ અપાશે.

# નીરજ ચોપરાની વધુ એક સિદ્ધિ, ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો

**નવીદિલ્હી**

ભારતના ગોલ્ડન બોય નીરજ ચોપરાએ શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે ગોલ્ડન સ્પાઈક મીટ 2025નો ખિતાબ જીત્યો છે. યુરોપિયન દેશ ચેક રિપબ્લિકમાં આયોજિત ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈકમાં ગોલ્ડ મેડલ જીતીને નીરજ ચોપરાએ વધુ એક આંતરરાષ્ટ્રીય ભાલા ફેંક સ્પર્ધામાં દેશનું નામ રોશન કર્યું છે. નીરજે ત્રીજા રાઉન્ડમાં 85.29 મીટર દૂર ભાલો ફેંક્યો હતો, જેને કોઈ અન્ય ખેલાડી પાર કરી શક્યો ન હતો.



પેરિસ ડાયમંડ લીગ જીત્યાના માત્ર ચાર દિવસ પછી, નીરજે 24 જૂને યોજાયેલી આ સ્પર્ધામાં 85.29 મીટર દૂર ભાલો ફેંકીને એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો. આ સ્પર્ધા વર્લ્ડ એથ્લેટિક્સ સબકોન્ટિનેન્ટલ ટૂરની ગોલ્ડ લેવલ ટુર્નામેન્ટ હતી, જેમાં 9 ખેલાડીઓએ ભાગ લીધો હતો. ખાસ વાત તો એ છે કે નીરજે પહેલીવાર આ સ્પર્ધામાં ભાગ લીધો અને સીધો ખિતાબ જીત્યો. જોકે નીરજના કોચ ઝેલેન્સ્કીએ આ ટાઈટલ 9 વખત જીત્યું છે. 27 વર્ષીય નીરજ ચોપરાની આ સિઝનની ત્રીજી જીત હતી.

# 898 વિકેટ લેનારા પૂર્વ ભારતીય ક્રિકેટર દિલીપ દોશીનું નિધન

**રાજકોટ**

ભારતના દિગ્ગજ પૂર્વ ક્રિકેટર દિલીપ દોશીનું સોમવારે (23મી જૂન) લંડનમાં 77 વર્ષની વયે હૃદયરોગના હુમલાથી નિધન થયું. સચિન તેંડુલકર સહિત ઘણાં દિગ્ગજોએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. 22મી ડિસેમ્બર 1947ના રોજ રાજકોટમાં જન્મેલા દિલીપ દોશીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મોડેથી પ્રવેશ કર્યો હતો. પરંતુ તેમની ચોકસાઈ, ધીરજ અને હવામાં બોલ સ્પિન કરવાની ક્ષમતાથી ક્રિકેટર જગતમાં પોતાની અલગ છાપ છોડી હતી.



પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરે 'X' પર લખ્યું, 'હું દિલીપ ભાઈને પહેલી વાર 1990માં બ્રિટનમાં મળ્યો હતો અને તે પ્રવાસ દરમિયાન તેમણે મને નેટમાં બોલિંગ કરી હતી. તે મને ખૂબ પસંદ કરતા હતા અને હું તેમનો ખૂબ આદર પણ કરતો હતો. દિલીપ ભાઈ એક પ્રેમાળ વ્યક્તિ હતા, તેમની ખૂબ યાદ આવશે. હું તેમની સાથે ક્રિકેટ સંબંધિત વાતચીતને યાદ કરીશ. તેમના આત્માને શાંતિ મળે. ઓમ શાંતિ.'

# ભારતના 93 વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં પ્રથમ વખત એક જ ટેસ્ટમાં પાંચ સદીનો રેકોર્ડ



## ભારત હરિફ ટીમના મેદાન પરની એક ટેસ્ટમાં પાંચ સદી ફટકારનારો ઓસ્ટ્રેલિયા પછીનો બીજો દેશ

હેડિંગ્લે : ભારતના વિકેટકિપર બેટ્સમેન રિષભ પંત અને ઓપનર કે.એલ. રાહુલે બીજી ઈનિંગમાં સદી ફટકારતાં ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ હેડિંગ્લે ટેસ્ટમાં ભારત તરફથી કુલ પાંચ સદી નોંધાઈ હતી. ભારતના ૯૩ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં આ પ્રથમ વખત છે કે, જ્યારે એક જ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયા તરફથી પાંચ સદી નોંધાઈ હોય તેવી ઘટના બની હતી. રસપ્રદ બાબત એ છે કે, રોહિત-કોહલી જેવા ધુરંધરોની નિવૃત્તિ બાદની પ્રથમ ટેસ્ટમાં જ યુવા બેટ્સમેનોએ કૌવત બતાવતા ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું હતુ. હેડિંગ્લે ટેસ્ટમાં ચોથા દિવસે ભારતની બીજી ઈનિંગમાં કે.એલ. રાહુલે ૧૩૭ રન અને રિષભ પંતે ૧૧૮ રન નોંધાવ્યા હતા. અગાઉ ભારતની પ્રથમ ઈનિંગમાં ઓપનર જયસ્વાલે ૧૦૧, કેપ્ટન શુબ્મન ગીલે ૧૪૭ અને રિષભ પંતે ૧૩૪ રન નોંધાવ્યા હતા. ભારતે આ સાથે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ હેડિંગ્લે ટેસ્ટમાં ૩૫૦થી વધુની કુલ સરસાઈ મેળવી લેતા મેચ પર પકડ જમાવી હતી. પંતે બંને ઈનિંગમાં સદી ફટકારનારા ભારતના સૌપ્રથમ વિકેટકિપર બેટ્સમેન તરીકેનો રેકોર્ડ પણ સર્જ્યો હતો. જ્યારે કે.એલ. રાહુલ ઈંગ્લેન્ડની ભૂમિ પર સૌથી વધુ સદી ફટકારનારો ભારતીય ઓપનર બન્યો હતો. જો કે, લીડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે ભારતને 5 વિકેટથી હરાવી દીધું હતું.

# IPLની ટક્કરમાં હજારો કરોડની T20 લીગ શરૂ કરશે સાઉદી અરેબિયા! BCCI અને ECBએ કર્યો વિરોધ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને ઈંગ્લેન્ડ-વેલ્સ ક્રિકેટ બોર્ડએ સાઉદી અરેબિયા ટી20 લીગનો વિરોધ કર્યો છે. બંને દેશોએ સાઉદી ટી20 લીગ ન થવા દેવા માટે હાથ મિલાવ્યા છે. રિપોર્ટ મુજબ સાઉદી અરેબિયા ક્રિકેટ ફાઉન્ડેશન ઈન્ડિયન પ્રીમિયર લીગની જેમ સાઉદી T20 લીગ શરૂ કરવા માગે છે, જેમાં તે 400 મિલિયન ડૉલર (લગભગ 3442 કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. સાઉદી ટી20 લીગનો




વિરોધ કરી રહેલા બીસીસીઆઈ અને ઈસીબી પોતાના ખેલાડીઓને નવી ટુર્નામેન્ટમાં રમવા માટે મંજૂરી આપશે નહીં. બંને દેશો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદને પણ સાઉદીની લીગ અટકાવવા માટે ભલામણ કરશે. બીસીસીઆઈ અને ઈસીબીએ વ્યસ્ત ક્રિકેટ શેડ્યૂલના કારણે લીગ અટકાવવા માટે આઈસીસીને કહ્યું છે. બંને દેશોનું કહેવું છે કે, લીગના કારણે તેમના શેડ્યૂલ પર અસર પડશે. બીજીતરફ ઓસ્ટ્રેલિયા ક્રિકેટ બોર્ડે સાઉદી ટી20 લીગમાં સાઉદી અરેબિયાને સમર્થન આપ્યું છે.

# લંડન હાઈકોર્ટ પહોંચ્યો IPL ટીમનો વિવાદ, રાજ કુન્દ્રા પર બ્લેકમેલિંગનો આરોપ

મુંબઈ : IPLની ફ્રેન્ચાઈઝ રાજસ્થાન રોયલ્સમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા મનોજ બડાલેએ શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા પર ગંભીર આરોપો લગાવ્યા છે.



મનોજ બડાલેએ આરોપ લગાવ્યો છે કે રાજસ્થાન રોયલ્સના ભૂતપૂર્વ સહ-માલિક રાજ કુન્દ્રાએ મને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે મનોજે લંડનની હાઈકોર્ટમાં રાજ કુન્દ્રા સામે કાનૂની લડાઈ શરૂ કરી છે. બીજી તરફ, કુન્દ્રાએ આરોપોને ફગાવી દીધા છે. મનોજ બડાલે લંડન સ્થિત કંપની ઈમર્જિંગ મીડિયા વેન્ચર્સનો પ્રમુખ છે. બડાલે અને તેમની કંપની રાજસ્થાન રોયલ્સમાં 65% હિસ્સો ધરાવે છે.

# સૌરવ ગાંગુલીને ટીમ ઈન્ડિયાના કોચ બનવાની ઈચ્છા, રાજકારણ માટે નનૈયો

કોલકાતા : ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ સ્પષ્ટપણે રાજકારણમાં જવાનો ઈનકાર કર્યો છે. પરંતુ તેણે ક્રિકેટ ટીમનો કોચ બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. 2018-19થી 2022-24 દરમિયાન ગાંગુલી આઈપીએલની ટીમ દિલ્હી કેપિટલ્સનો ટીમ ડિરેક્ટર હતો. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ટીમ ઈન્ડિયાને કોચિંગ પુરૂ પાડવાના સવાલ પર ગાંગુલીએ જણાવ્યું હતું કે, મેં ક્યારેય વિચાર્યુ ન હતું કે, હું જુદી-જુદી ભૂમિકાઓમાં વ્યસ્ત રહીશ. મેં 2013માં ક્રિકેટ રમવાનું બંધ કર્યુ હતું અને બાદમાં બીસીસીઆઈનો અધ્યક્ષ બન્યો હતો. આગળ શું થાય છે, તે જોવાનું રહેશે. હાલ હું 53 વર્ષનો છું. જોઈએ આગળ શું થાય છે.



# 7 સૈનિકના મોતથી ઈઝરાયલ ભડક્યું, ગાઝામાં હુમલો, 79ના મોત

## હિજબુલ્લાહ માટે ફન્ડિંગનું કામ કરતો હયાતમ બાકરી માર્યા ગયાનો ઈઝરાયેલનો દાવો : સરહદે સ્થિતિ ફરી તંગ બની

**જેરુસલેમ**

ઈરાન સાથે યુદ્ધવિરામ બાદ હવે ઈઝરાયલે ગાઝા પર હુમલા વધારી દીધા છે. ગાઝામાં ઈઝરાયલના સાત સૈનિકના મોત બાદ ઈઝરાયલ વધુ ભડક્યું હતું અને પેલેસ્ટાઈનના ગાઝામાં નાગરિકો પર હુમલા કરી દીધા હતા જેને કારણે 79 લોકોના મોત નિપજ્યા હતા. અગાઉ ઈઝરાયલના સાત સૈનિકોના મોત નિપજ્યા હતા જે ઈઝરાયલી સૈન્ય પર તાજેતરનો સૌથી મોટો હુમલો માનવામાં આવે છે. પેલેસ્ટાઈનના એક હુમલાખોરે વિસ્ફટકોથી ભરેલા વાહન સાથે ઈઝરાયલી સૈન્ય પર હુમલો કર્યો હતો. જેથી ઈઝરાયલ ફરી ઉશ્કેરાયું છે અને ગાઝા પર હુમલા શરૂ કરી દીધા છે.

7 ઓક્ટોબર 2023ના રોજ હમાસ દ્વારા ઈઝરાયલ પર હુમલા કરાયા હતા જે બાદથી ઈઝરાયલ ગાઝા પર હુમલા કરતુ આવ્યું છે. અમેરિકાએ અનેક વખત શસ્ત્રવિરામનો પ્રયાસ કર્યો જે નિષ્ફળ રહ્યો. ઈઝરાયલના બ્રિ. જનરલ એફી ડેફરીને કહ્યું હતું કે ગાઝામાં ખાન યુનિસ શહેરમાં ઈઝરાયલી સૈન્ય પર હુમલો કરાયો હતો જેમાં કેટલાકના મોત નિપજ્યા છે. હમાસ સાથે ઘર્ષણ દરમિયાન અત્યાર સુધીમાં ઈઝરાયલના 860 સૈનિકો માર્યા ગયા છે જ્યારે ઈઝરાયલના હુમલાઓમાં પેલેસ્ટાઈનના 56000થી વધુ નાગરિક માર્યા ગયા છે, ઈઝરાયલે ગાઝાને કાટમાળમાં ફેરવી નાખ્યું છે. ઈરાન સાથે યુદ્ધ શાંત થયા બાદ હવે ઈઝરાયલે ગાઝા તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને ફરી હુમલા શરૂ કરી દીધા છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે હિઝબુલ્લાહ માટે ફન્ડિંગનું કામ કરતો હયાતમ બાકરી અમારા હુમલામાં માર્યો ગયો છે. તે ઈરાન સમર્થક હિઝબુલ્લાહ માટે લેબેનોનનમાં ફન્ડિંગ, નાણાકીય લેવડ દેવડનું સંચાલન કરતો હતો.



# મૂળ ભારતીય મીરાં નાયરના દીકરા ન્યૂયોર્કના મેયર બને તેવી શક્યતા

**ન્યૂયોર્ક**

ભારતીય મૂળના વિખ્યાત ફિલ્મસર્જક મીરાં નાયરના દીકરા ઝોહરાન મામદાની ડેમોક્રેટિક પાર્ટીનું પ્રાઈમરી ઈલેક્શન જીતીને ન્યૂયોર્ક શહેરના મેયર બનવાની સ્પર્ધામાં છે. તેમણે ત્રણ ટર્મ સુધી ન્યૂયોર્કના ગવર્નર રહી ચૂકેલા ન્યૂયોર્કના જાણીતા નેતા એન્ડ્રુ કુઓમોને પરાજય આપીને ડેમોક્રેટિક પાર્ટીની ઉમેદવારી મેળવી છે. ઝોહરાન મામદાનીના પિતા મહેમૂદ મામદાની ગુજરાતી મૂળના છે. તેમનો જન્મ ગુજરાતી પરિવારમાં મુંબઈમાં થયો હતો. ન્યૂયોર્ક શહેરમાં આગામી ૪થી નવેમ્બરે મેયરની ચૂંટણી થવાની છે. અત્યારે શહેર પર ડેમોક્રેટિક પાર્ટીનું જ શાસન છે. ૨૦૨૧માં ડેમોક્રેટિક પાર્ટીના એરિક એડમ્સ મેયર બન્યા હતા. પરંતુ હવે પછીની ટર્મમાં એરિક એડમ્સ અપક્ષ ઉમેદવાર બનવાના હોવાથી ડેમોક્રેટિક પાર્ટીમાં ઉમેદવારી માટે પ્રાઈમરી ઈલેક્શન યોજાયું હતું. એમાં ન્યૂયોર્કના પૂર્વ ગવર્નર એન્ડ્રૂ કુઓમોએ પણ ઝંપલાવ્યું હતું. ત્રણ-ત્રણ વખત ન્યૂયોર્કના ગવર્નર રહેલા એન્ડ્રૂને પ્રાઈમરી ઈલેક્શનમાં હરાવીને ઝોહરાન મામદાનીએ ડેમોક્રેટિક પાર્ટીની ઉમેદવારી મેળવી છે.

# USના યુટાહ સોલ્ટ સીટી ખાતે બીએપીએસના સંતોએ મોર્મન ખ્રિસ્તી ધર્મવડાઓની શુભેચ્છા મુલાકાત લીધી

## જગ વિખ્યાત બીએપીએસ હિંદુ મંદિર અબુધાબી વિશે જાણીને ચર્ચ પ્રતિનિધીઓ પ્રભાવિત થયા

**વોશિંગ્ટન**

અમેરિકાના યુટાહ સોલ્ટ સીટી ખાતે બીએપીએસના સંતોએ મોર્મન ખ્રિસ્તી ધર્મવડાઓઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી. બીએપીએસના વડા મહંત સ્વામી મહારાજ વતી બ્રહ્મવિહારી સ્વામી, વિવેકમૂર્તિદાસ સ્વામી, શુકમુનિદાસ સ્વામી સહિતના સંતો હાજર રહ્યા હતા. તેમણે ચર્ચ ઓફ જીજસ ક્રાઈસ્ટ, લેટર ડે સેઈન્ટ ફર્સ્ટ પ્રેસીડેન્સીના પ્રમુખ સભ્યો ડેનીલ ઓક્સ,હેન્રી આઈરીગ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. સંતોએ ચર્ચ સ્થાનો વેલફેર સ્ક્વેર પર ડેઝેરેટ ઈન્ડસ્ટ્રીઝ તેમજ ઐતિહાસિક ટેમ્પલ સ્કેવર પર કોન્ફરન્સ સ્થળ પર મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં વિશ્વમાં શાંતિ, સંવાદિતા, સૌહાર્દ સ્થપાય તે માટે ચર્ચા



કરવામાં આવી હતી. વિશ્વમાં વિવિધ ધર્મો અને સંસ્કૃતિ વચ્ચે વૈશ્વિક સંવાદિતાના પ્રેરક ઉદાહરણ તરીકે જગ વિખ્યાત બીએપીએસ હિંદુ મંદિર અબુધાબી વિશે જાણીને ચર્ચ પ્રતિનિધીઓ પ્રભાવિત થયા હતા.

# મેક્સિકોમાં ડાન્સ પાર્ટી વચ્ચે ગેંગવૉર ફાટી નીકળ્યું : અંધાધૂંધ ગોળીબારમાં 12ના મોત

## લોકો ડાન્સ કરી રહ્યા હતા ત્યારે ગોળીબાર કરાયો, 20થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા

**મેક્સિકો સિટી**

મેક્સિકોમાં એક કાર્યક્રમ વચ્ચે લોકો ઉજવણી કરી રહ્યા હતા ત્યારે જ બંદૂકધારીઓએ અંધાધૂંધ ગોળીબારી કરી દીધાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનામાં 12 લોકો માર્યા ગયા છે. મૃતકોમાં એક સગીર પણ સામેલ છે.

આ ઘટના મેક્સિકોના હિંસાગ્રસ્ત રાજ્ય ગુઆનજુઆટોમાં બની હતી. ગુઆનજુઆટોના ઈરાપુઆટો શહેરમાં ગોળીબાર ત્યારે કરવામાં આવ્યો હતો જ્યારે સ્થાનિકો સેન્ટ જોન બેપટિસ્ટના સન્માનમાં ડાન્સ કરી રહ્યા હતા અને દારૂ પાર્ટી કરી રહ્યા હતા. ઓનલાઈન શેર કરાયેલા વીડિયોમાં દેખાય છે કે ગોળીબાર શરૂ થયા બાદ ગભરાયેલા લોકો વચ્ચે અફરા તફરી મચી ગઈ હતી.



ઈરાપુઆટોના એક અધિકારી રોડોલ્ફો ગમેજ સર્વેન્ટ્સે પુષ્ટી કરી હતી કે મૃતકોની સંખ્યા વધીને 12 થઈ ચૂકી છે. જોકે ઘાયલોની સંખ્યા 20 જણાવાઈ રહી છે.

# ઇરાનમાં જાસૂસો સામે કાર્યવાહી 3ને ફાંસી, 700ની ધરપકડ કરાઈ

**તેહરાન**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ભલે સીઝફાયર થયુ હોય પણ તણાવ ઓછો થયો નથી. ઈરાને બુધવારે સવારે ત્રણ લોકોને ઈઝરાયલ માટે જાસૂસી કરવા અને હત્યાનું ષડયંત્ર રચવાના આરોપમાં ફાંસીની સજા ફટકારી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈદરીસ અલી, આઝાદ શોજાઈ અને રસૂલ અહમદ રસૂલને હત્યાના ષડયંત્રમાં જરૂરી હથિયારો ઈરાનમાં લાવવાનો પ્રયાસ કરવા બદલ સજા ફટકારવામાં આવી છે. આ મામલે તેમની વિરૂદ્ધ કેસ થયો હતો. આજે સવારે ઉરમિયા શહેરમાં તેમને ફાંસીની સજા આપવામાં આવી હતી. ઈરાને 12 દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં ઈઝરાયલ સાથે સંબંધ હોવાના આરોપમાં આશરે 700 લોકોની ધરપકડ કરી છે. આ માહિતી ઈરાનની સ્થાનિક મીડિયા એજન્સીએ આપી હતી. આ તમામ પર ઈઝરાયલની ઈન્ટેલિજન્સ એજન્સી મોસાદ સાથે સંબંધ, ગુપ્ત જાણકારી આપવા બદલ, સૈન્ય મથકોને નિશાન બનાવવામાં મદદ કરવાનો આરોપ મૂકાયો છે. તમામની પૂછપરછ થઈ રહી છે. તેમને પણ ફાંસીની સજા ફટકારવામાં આવી શકે છે. ઈરાને ઈઝરાયલ માટે કામ કરનારાઓને પકડવા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે.

# અર્થલૂપ ઓર્બિટલ ક્રૂઝ મિશન માટે પસંદ ભારતીય યુવતી અંતરિક્ષ માટે ઉડાન ભરશે



**મેલબોર્ન**

ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લા 25મી જૂને નાસાના એક્સિઓમ-4 મિશન હેઠળ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે ઉડાન ભરી હતી. આ દરમિયાન આંધ્રપ્રદેશના ગોદાવરી જિલ્લાની રહેવાસી 23 વર્ષીય જાહ્નવી ડાંગેતી વર્ષ 2029માં અંતરિક્ષની યાત્રા કરવા જઈ રહી છે. અમેરિકાના ટાઈટન્સ સ્પેસ દ્વારા અર્થલૂપ ઓર્બિટલ ક્રૂઝ મિશન માટે તેમની પસંદી કરવામાં આવી છે. આ મિશન હેઠળ તે પૃથ્વીની બે વાર પરિક્રમા કરશે અને લગભગ 3 કલાક સુધી ઝીરો ગ્રેવિટીમાં રહેશે. અમેરિકાના ટાઈટન્સ સ્પેસ દ્વારા અર્થલૂપ ઓર્બિટલ ક્રૂઝ મિશન અન્ય અવકાશ મિશન કરતા તદ્દન અલગ છે.

# દક્ષિણ-પશ્ચિમ ચીનમાં પૂર, 80,000થી વધુ લોકોનું સ્થળાંતર



ચીનના દક્ષિણપશ્ચિમ પ્રાંત ગુઇઝોઉમાં આવેલા ભારે પૂરને કારણે 80,000 થી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે, એમ બેઇજિંગના રાજ્ય મીડિયાએ બુધવારે જણાવ્યું હતું. ગરમીના મોજા દેશના વિશાળ ભાગોને સળગાવી રહ્યા છે જ્યારે વરસાદી વાવાઝોડા અન્ય પ્રદેશોમાં ભારે તબાહી મચાવી રહ્યા છે. બે ગુઇઝોઉ કાઉન્ટીમાં બચાવ ટીમો મોકલવામાં આવી છે, બચાવકર્તાઓએ રહેવાસીઓને લઈ જતી હોડીઓને ઘૂંટણિયે ભરાયેલા, ઘૂંટણિયે ઊંચા પાણીમાં ધકેલી દીધી હતી અને બાળકો કિન્ડરગાર્ટનમાં રાહ જોઈ રહ્યા હતા.

# અષાઢ માસ : ચાતુર્માસના આરંભે ભક્તિ દ્વારા સુખ તેમજ સમૃદ્ધિ પામી શકાય

આપણે ત્યાં ગુજરાત મહારાષ્ટ્રમાં ચાતુર્માસ એટલે અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો માસ. વધુ વિગતવાર વાત કરીએ તો ચાતુર્માસ એટલે અષાઢ સુદ અગિયારસથી કારતક સુદ એકાદશીનો ચાર માસનો સમયગાળો.



દેવપોઢી એકાદશીથી શરૂ થતા અને દેવઊઠી એકાદશીના દિવસે પૂર્ણ થતાં ચાતુર્માસનો પ્રત્યેક દિવસ જપ-તપ, વ્રત-ઉપવાસને કારણે પર્વ-તહેવાર જેવો લાગે છે. ચાતુર્માસમાં લગ્ન, જનોઈ, વાસ્તુ જેવા મહત્ત્વના માંગલિક પ્રસંગોનાં શુભ મુહૂર્તો હોતાં નથી.

કવિ કાલિદાસની સ્મૃતિમાં દર વર્ષે અષાઢ સુદ એકમના દિવસને મહાકવિ કાલિદાસ જયંતી તરીકે ઊજવવામાં આવે છે. સુપ્રસિદ્ધ સંસ્કૃત રચના `મેઘદૂત'માં આષાઢસ્ય પ્રથમ દિવસેનું મંગલમય ગાન કરીને કવિએ અષાઢ માસનો મહિમા કર્યો છે. આ અષાઢ માસનું મહત્ત્વ ખગોળ અને જ્યોતિષની દૃષ્ટિએ પણ વિશેષ છે તે વાત બહુ ઓછા લોકો જાણે છે.

કાર્તિકી સંવત્સરના બાર મહિના કારતક, માગશર, પોષ વગેરેમાં અષાઢ માસ નવમા ક્રમાંકે આવે છે. નૈસર્ગિક કુંડળીનાં બાર સ્થાનોમાં કારતક, માગશર, પોષથી માંડીને આસો સુધીના બાર મહિના ગોઠવીએ તો અષાઢ માસ નવમા ભાગ્ય ભુવનમાં સમાય છે. સત્તાવીસ નક્ષત્રો પૈકી ઉત્તરાષાઢા નક્ષત્ર એ અષાઢ માસનું રખેવાળ નક્ષત્ર ગણાય છે.

અષાઢ માસની સુદ બીજ એટલે અષાઢી બીજ. આ પવિત્ર અને શુકનવંતા દિવસનું રહસ્ય બહુ ઓછા લોકો જાણે છે. એક જમાનામાં કચ્છ પ્રદેશ સમૃદ્ધ અને ફળદ્રુપ વિસ્તાર હતો. કચ્છી નૂતન વર્ષ પણ અષાઢ સુદ એકમથી શરૂ થાય છે. નૂતન ચંદ્રદર્શનના મહત્ત્વને કારણે અષાઢી બીજના દિવસે કચ્છી અષાઢી નૂતન વર્ષ જેવો માહોલ સર્વત્ર જોવા મળે છે. અષાઢી બીજને બંગાળમાં મનોરથ દ્વિતિયા કહે છે.

મનનો કારક ચંદ્ર પોતાની રાશિ કર્કમાં હોય છે. મનનો કારક ચંદ્ર પોતાની રાશિમાં હોય અને બીજ જેવી પવિત્ર તિથિ હોય ત્યારે સાત્ત્વિક હેતુથી પ્રગતિ પામવાના સંકલ્પ સિદ્ધ થાય તે સ્વાભાવિક છે. ગૌરી, જયા, દુર્ગા, કુમારિકા વગેરે નારીશક્તિનાં ઉજ્જ્વળ સ્વરૂપો છે. શાસ્ત્રમાં તેનાં લક્ષ્મી સ્વરૂપે વર્ણન જોવા મળે છે, તેથી ગૌરી વ્રત, જયા પાર્વતી વ્રતના દિવસો બાર માસ પૈકી માત્ર અષાઢ માસમાં જ પસંદગી પામ્યા છે.

આર્થિક આયોજનમાં ઉપયોગી અષાઢ માસના મંગલકારી દિવસો અંગે જાણકારી મેળવીએ. આ પવિત્ર દિવસે અત્રે જણાવેલ વિધિવિધાન કરવાથી આર્થિક ભીડમાં રાહત રહે. સાચી દિશામાં રોજગારી માટે પ્રેરણા થાય છે. અટવાઈ ગયેલી ઉઘરાણીમાં શુભ સમાચાર મળે છે.

(1) અષાઢી બીજની સવારે પવિત્ર જળથી સ્નાન કરી કુળદેવી માતાજીનું સ્મરણ કરીને દિવસે મહાલક્ષ્મીનું યથાયોગ્ય સ્મરણ કરવું. નાની બાલિકા(ગૌરી)ને પ્રસન્ન કરવી. શુદ્ધ સાત્ત્વિક ભોજન કરવું. સાંજે પશ્ચિમ દિશામાં નૂતન ચંદ્રનાં દર્શન કરવાં. આ ચંદ્ર માત્ર થોડી ક્ષણો માટે જ હોય છે, તેથી સૂર્યાસ્તના સમયે સ્નાન કરી પવિત્ર થઈને દર્શન કરતી વખતે શિવ પાર્વતીનું સ્મરણ કરવું. (તા. 26 જૂન, ગુરુવારે પંચાંગમાં સુદ એકમ તિથિ દિવસે ક. 13-25 સમયે સમાપ્ત થતી હોવાથી નૂતન ચંદ્રદર્શન સુદ એકમની સાંજે છે. પરંપરાગત અષાઢી બીજ તા. 27 જૂન, શુક્રવારે છે.)

(2) અષાઢ સુદ આઠમ (માસિક દુર્ગાષ્ટમી)ના પવિત્ર દિવસે દુર્ગા સ્વરૂપ દેવીની ભક્તિ કરવી. શુદ્ધ ઉચ્ચાર સાથે દુર્ગા સપ્તશતીનો પાઠ થાય તો ઉત્તમ. આ દિવસે ચંદ્ર કન્યા રાશિમાં છે. કન્યા રાશિનો સ્વામી બુધ છે, જે વાણી અને બુદ્ધિસંપત્તિનો કારક ગ્રહ છે. ખીર (દૂધ-ચોખાની વાનગી) સાથે સાત્ત્વિક ભોજનથી એક ટાઈમ જમવું. સાંજે આઠમનો અડધો ચંદ્ર મધ્ય આકાશમાં દેખાય ત્યારે મહાલક્ષ્મીના મંત્રો કરવા. અથવા પોતાની ચંદ્ર રાશિના સ્વામીના મંત્રજાપની એક માળા કરવી. વાદળછાયા વાતાવરણમાં ચંદ્ર ન દેખાય તો સૂર્યાસ્ત પછીની એકાદ બે ઘડી (24થી 48 મિનિટ) દરમિયાન ચંદ્રનાં દર્શનની ભાવના કરીને મંત્ર કરવા. (તા. 3 જુલાઈને ગુરુવારે દુર્ગાષ્ટમી છે.)

(3) દેવપોઢી એકાદશીના દિવસે લક્ષ્મીનારાયણની મૂર્તિ કે તસવીરનાં દર્શન કરવાં. વિષ્ણુસહસ્ત્રનામનો પાઠ કરવો. પીપળાના વૃક્ષનાં દર્શન કરવાં. એકાદ વૃક્ષનો ઉછેર કરવાનો સંકલ્પ કરવો. આમ કરવાથી સાચી દિશામાંથી આર્થિક આયોજનના સંકેત મળે છે. (તા. 6 જુલાઈને રવિવારે દેવશયની-દેવપોઢી એકાદશી છે.)

(4) વર્ષની સૌથી મહત્ત્વની પૂર્ણિમા ગુરુપૂર્ણિમા (વ્યાસ પૂર્ણિમા) અષાઢ સુદ પૂનમે આવે છે. પોતાના પારિવારિક ગુરુ, સાચા સંત, પોતાના વિદ્યાભ્યાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર શિક્ષકો-પ્રાધ્યાપકો કે ધંધા, રોજગાર, વ્યવસાયના માર્ગદર્શક મહાનુભાવોની સૌજન્ય મુલાકાત લેવી. આભાર વ્યક્ત કરવો. પ્રેરક અને બોધક પુસ્તકોનું વાંચન કરવું. આમ કરવાથી પોઝિટિવ ઊર્જામાં વધારો થાય છે. (તા. 10 જુલાઈને ગુરુવારે ગુરુપૂર્ણિમાનો ઉત્તમ અવસર છે.)

ભગવાન વિષ્ણુને તુલસી અતિ પ્રિય હોવાથી સમગ્ર અષાઢ માસ દરમિયાન તુલસીના છોડના જતન તથા વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો. પોતાના આરોગ્યની જાળવણી માટે તુલસીનો વિશેષ ઉપયોગ વિવિધ પ્રકારે કરવો. સાત્ત્વિક સાહિત્યનું વાંચન કરવું. જનસેવા એ પ્રભુસેવા સમજીને આપણી આસપાસના જરૂરિયાતવાળા લોકોને શક્ય હોય તે રીતે મદદ કરવી જોઈએ.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**
**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**Urgent Listing Require: Motels & Hotels**
**Any Size, Any Price, Any Location**
Qualified Buyers Having
**40% To 50% Down Payment,**
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

**78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD**

**54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, execellent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

**16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million**
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaruant and Bar (closed). Year round business.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit**

**17 ROOM MOTEL – Chatham - $1.7M**
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round bunness with repeat customers. Very low operating costs.

**Coming up For Sale – Motels & Hotels**
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

**21 ROOM MOTEL– Gravenhurst - $1.7M**
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed) Buyer to assum everyone staying there AS IS. 3 Acres of land, all muncipal services – opportunity for future development

**Motel Jobs AND Working Partner opportunity available**
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100